Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૮ મુ. આત્મ સંવત ૨૦૦૬.
સં. ૫૫
અંક ૧-૨ જો. તા. ૧૪-૯-૫૦ શ્રાવણ-ભાદરવો.

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.

## ( શ્રાવણ-ભાદરવો )


| | | | |
|---|---|---|---|
| ૧ | ક્ષમાપના | ( લે. મુનિરાજ જિતેન્દ્રવિજયજી ) | ૧ |
| ૨ | નૂતન વર્ષનું મંગલમય વિધાન | ( લે. ફતેહચંદ ઝવેરભાઇ ) | ૨ |
| ૩ | અંતરિક્ષ પાર્શ્વનાથજી તીર્થ | ( લે. જંબૂવિજયજી મહારાજ ) | ૮ |
| ૪ | તત્ત્વાવબોધ | ( લે. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૩ |
| ૫ | સંયમ અને શ્રમણ | ( લે. ચંદ્રપ્રભસાગર મહારાજ ) | ૧૫ |
| ૬ | વર્તમાન સમાચાર | ( સભા ) | ૧૭ |
| ૭ | સ્વીકાર-સમાલોચના | ( સભા ) | ૨૦ |
| ૮ | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર માટે અભિપ્રાય | | ૨૦ |
| ૯ | સંસારનું સ્વરૂપ અને તેની નિવૃત્તિ | ( લે. કમળાબ્હેન રતનચંદ સુતરીયા એમ. એ. ) | ૨૦ |
| ૧૦ | શ્રી શીતલનાથ જિન સ્તવન | ( લે. આચાર્યશ્રી વિજયલબ્ધિસુરીશ્વરજી મહારાજ ) | ૨૧ |
| ૧૧ | તત્ત્વાવબોધ | ( લે. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૨ |
| ૧૨ | કમ્મપડિ અને ( બંધ ) સયગઃ | ( લે. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ) | ૨૫ |
| ૧૩ | પ્રથમ શ્રી સમંધર જિન સ્તવન | ( લે. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) | ૨૯ |
| ૧૪ | ચારુશીલા રમણી રત્નો | ( લે. મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૩૩ |
| ૧૫ | ધર્મકૌશલ્ય | ( લે. મૌક્તિક ) | ૩૮ |
| ૧૬ | આદર્શ પ્રાર્થના | ( લે. કમળાબ્હેન સુતરીયા એમ. એ. ) | ૪૦ |


## આ માસમાં થયેલ માનવંતા લાઇફ-મેમ્બરો.

૧ શાહ વેલજીભાઇ કાનજીભાઇ
૨ શ્રી જૈન ભારતી ભૂષણ સભા
૩ શ્રાવક ડુંગરશી ચાંપશી માગણી
૪ શેઠ આણંદજી કલ્યાણજી ( શ્રી સંઘ પેઢી )-લીંબડી
૫ શેઠ રમણીકલાલ લક્ષ્મીચંદ
૬ શાહ અનૂપચંદ વૃજલાલ ઠાર
૭ શાહ જગજીવનદાસ ભગવાનદાસ
૮ શાહ ગિરધરલાલ મગનલાલ મોતીવાળા

## જૈન સસ્તુ સાહિત્ય

### ( શ્રી નમસ્કાર મહામંત્ર )

ઉપરોક્ત વિષય ઉપર નિબંધ અમોને મોકલી આપવાની મુદત શ્રાવણ સુદી ૧૫ ની હતી, તે વધારી ભાદરવા સુદી ૧૫ કરી હતી, તેની મુદત હવે પુરી થવા આવી છે, જેથી તે આવેલા નિબંધો હવે પરિક્ષક કમિટી પાસે જઇ નિર્ણય થયે જેનો પ્રથમ નંબર નિબંધ આવશે તેને અગાઉ પ્રકટ કરેલ પારિતોષિક આપવામાં આવશે

---

### ' આત્માનંદ પ્રકાશ "

પુસ્તક ૪૮ માનો પ્રથમ અંક શ્રાવણ માસમાં પ્રગટ થવો જોઇએ પરંતુ તા. ૮-૯-૫૦ થી તા. ૧૫-૯-૫૦ સુધી મહામાંગલ્યકારી પર્યુષણના પર્વને લઇને તે વખતમાં રવાના કરવાનું કાર્ય અગવડવાળું હોવાથી ૪૮ વર્ષનો ૧ લો ૨ જો શ્રાવણ-ભાદરવો, ઓગસ્ટ-સપ્ટેમ્બરના બે અંકો સાથે પ્રકટ કરવામાં આવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

475

માનવંતા પેટ્રન સાહેબ,



દાનવીર શેઠશ્રી પોપટલાલ કેવળદાસ, લીંચવાળા.

( હાલ–મુંબઇ )

શ્રી મહોદય પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાનવીર

# શેઠશ્રી પોપટલાલભાઇ કેવલદાસ

(લીંચ)ના

# જીવનપરિચય.

ઉત્તર ગુજરાતમાં મ્હેસાણા પાસેના લીંચ ગામમાં પરમ શ્રદ્ધાળુ શેઠ કેવલદાસભાઇ અને માતુશ્રી મેનાબાઇને ત્યાં સં. ૧૯૫૯ ના કારતક શુદ ૬ ના ઉત્તમ દિવસે શેઠસાહેબ પોપટલાલભાઇનો જન્મ થયો હતો.

લીંચ જેવા નાના ગામમાં જન્મેલા, શિક્ષણ પામેલા હોવા છતાં પૂર્વના પુણ્યોદયે મુંબઇ જેવા વિશાળ ઉદ્યોગ અને વ્યાપારી ક્ષેત્રમાં સુભાગ્ય લઇ ગયું. અને પૂર્વે આપેલા દાનવડે જ લક્ષ્મીદેવી અજબ રીતે પ્રસન્ન થયાં, છતાં તેને ચંચળ જાણી આત્મકલ્યાણ માટે છુટેહાથે સુકૃતમાર્ગે વાપરતાં લક્ષ્મીની વૃદ્ધિ થઇ. સાથેજ વારસામાં મળેલા ધાર્મિક સંસ્કારે સાદું જીવન, હૃદયની સરલતા, નમ્રતા, માયાળુપણું અને સુકૃતનું ભાન જન્માવ્યું, તેથી ધર્મપ્રવૃત્તિ (દેવ, ગુરુ, ધર્મની ભક્તિ) પણ સાથોસાથ ઓતપ્રોત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થતાં, આ પ્રાંતમાં કોઇએ નહિં ખરચેલ તેટલું દ્રવ્ય, એટલે લાખો રૂપીયાની સખાવતોનો આંકડો પહોંચ્યો. મુંબઇ કે પોતાની જન્મભૂમિમાં એવું કોઇ ધર્મ કૃત્ય નહિં હોય કે પુણ્ય પ્રભાવક પોપટલાલભાઇએ પોતાનો હિસ્સો નહિં આપ્યો હોય. શેઠ સાહેબની ઉચ્ચ પ્રકારની રહેણીકરણી, પરિચયમાં આવનાર કોઇપણને હર્ષ ઉપજાવે તેવી છે. શેઠશ્રી પોપટલાલ ભાઇનું વર્તમાન જીવન અન્ય ધનાઢય મનુષ્યોને ધડો લેવા જેવું અને અનુકરણીય છે.

આવા પુણ્યવંત પુરૂષો આ સભાનું પેટ્રન પદ સ્વીકારે એ સભાને પણ ગૌરવ લેવા જેવું છે. આ સભાની અત્યારની ચાલતી દેવગુરૂ, ધર્મ અને જ્ઞાનસાહિત્ય ભક્તિ જાણી શ્રીમાન્ પોપટલાલભાઇએ અમારી વિનંતિ સ્વીકારવાથી અમો તેઓશ્રીનો આભાર માનીએ છીએ.

આવા દાનવીર પુણ્ય પ્રભાવક પુરૂષોનું જીવન ચરિત્ર, કોઇ ઉત્તમોત્તમ મહાનપુરૂષના ચરિત્ર સાથે વિસ્તારપૂર્વક આપવામાં આવે તો ભાવિમાં એક અનુકરણીય જરૂર થઇ શકે.

છેવટે પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે કે શેઠ સાહેબ પોપટલાલભાઇ દીર્ઘાયુ થઇ શારીરિક, આર્થિક, અધ્યાત્મિક લક્ષ્મી વધતાં જૈન સમાજ અને જનસમુહના ઉત્કર્ષ માટે તન મન ધનથી સેવા અને દાનવડે આત્મ કલ્યાણ સાધે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીઆત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૬. **શ્રાવણ** પુસ્તક ૪૮ મું.

વિક્રમ સં. ૨૦૦૬. :: તા. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૫૦ :: અંક ૧ લો.

## ક્ષ મા પ ના

( રાગ:—રાખના રમકડાંને રામે )

ખામણા ખમાવતાં આજ ખાસું, ભાવિત હૈયે રે;
જીવ માત્રની મૈત્રી સાધી, વેર ને ઝેર ખમાવું રે...ખામણા૦ ૧

પર્વ **પજૂસણ** રૂડાં દીપે, હરખ અમી નેન લાવો;
વણસહાયે આથડતાની, આતમ જ્યોત જગાવો રે...ખામણા૦ ૨

શ્રદ્ધા સહ સુરીલા તપતેજ, જીવન પંથ અજવાળું;
જ્ઞાન તરંગ જે જળહળનારો, વિશ્વ વાત્સલ્ય અપનાવું રે...ખામણા૦ ૩

વેર ઝેરના વિષમય મૂળિયાં, નિત નિત ઊંડા જાતા;
ભાવઝરણથી શમરસ પામી, પાપી પણ પિગળાતાં રે...ખામણા૦ ૪

દિવ્ય જીવન આરાધી જાણો, સમતા ધર્મ પ્રભાવે;
ધર્મયૌવન સૌરભ મહમહકે,**જિતેન્દ્ર** ખમતાં શિખાવે રે...ખામણા૦ ૫

મુનિરાજ **શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतनवर्षनुं मंगलमय विधान.

**अयमात्मैव संसारः कषायेंद्रियनिर्जितः ।**
**तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥**

**—યોગશાસ્ત્ર, શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય.**

જે પવિત્ર માસમાં પર્વાધિરાજ પર્યુષણ-પર્વના પૂર્વાર્ધને સમાવેશ થાય છે, સમ્યગ્-દર્શનના ઘાત કરનાર અનંતાનુબંધી કષાયોની સ્થિતિ કદાચ વર્ષ સુધી લંબાણી હોય તો સાંવત્સરિક પ્રતિક્રમણના બીજરૂપ '**खामेमि सव्वजीवे**' સૂત્રના અમલ માટેની તૈયારી થાય છે, શ્રવણ ( આત્માને હિતકારી વચનો સાંભળવારૂપ ) નક્ષત્રના સુંદર ઉપનામથી જે માસનું નામ અંકિત થયેલું છે, બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માના મંગલમય જન્મ જે માસમાં છે તેમજ અન્ય દર્શનીઓએ જેને પવિત્ર માસ ગણેલો છે તે શ્રાવણ માસના મંગલમય પ્રભાતે સિદ્ધપરમાત્માને નમન કરી, ગૌતમસ્વામી આદિ ગણધરો તથા જેમના પુણ્ય નામ સાથે પ્રસ્તુત સભાનું નામ જોડાયેલું છે તે જયોતિર્ધર સ્વ૦ શ્રી વિજયાનંદ-સૂરીશ્વરજીને વંદન કરી, અહિંસા, સંયમ અને તપપદરૂપ ઉત્કૃષ્ટ મંગલમય ધર્મને નમસ્કાર કરી **આત્માનંદ પ્રકાશ** ૪૮ મા વર્ષમાં પ્રવેશ કરે છે. સ્થળ અને કાળની મર્યાદા લક્ષમાં રાખી પૂર્વ પ્રણાલિકા પ્રમાણે સ્વગત વિચારે છે કે–સમગ્ર વિશ્વવ્યાપક કેવલજ્ઞાનરૂપ ચિતિ મહાસાગરનું હું એક બિંદુ છું છતાં એ બિંદુનું પણ જગતમાં અસ્તિત્વ ( Existence ) છે; ઘાતી કર્મોના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થતા અનંતજ્ઞાનપ્રકાશનું, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન-રૂપ ક્ષાયોપશમિક જ્ઞાન, નિમિત્તરૂપ છે; આત્માનો આનંદ થોડો પણ પ્રાપ્ત થયો હોય તો ક્રમે ક્રમે જેમ બીજનો ચંદ્ર પૂર્ણિમાનો ચંદ્ર બની જાય છે તેમ કર્મોના ક્ષયથી અનંત આનંદ પ્રકટી શકે છે; નદી, વૃક્ષ, ઝરાઓ, પર્વતો અને પશુ પક્ષીઓ વિગેરે પદાર્થોમાંથી મનુષ્ય જો આત્મજાગૃતિ રાખે તો સુંદર બોધ લઇ શકે છે, તો દ્વાદશાંગીરૂપ અગાધ જ્ઞાન–મહાસાગરનું બિંદુ સકલ કર્મોની મુક્તિ માટે બોધરૂપ કેમ ન બની શકે ? વ્યાપક જ્ઞાનસમષ્ટિમાં વ્યક્તિરૂપે ગતવર્ષમાં જૈનદર્શનનાં ઉચ્ચ તત્ત્વોને લક્ષ્યમાં રાખી અનેકાંત દૃષ્ટિનાં રહસ્યો સમર્પ્યાં છે ? શુષ્ક અને તર્કવાદી જ્ઞાન કરતાં ચારિત્રની ભૂમિકા ઉચ્ચતર છે તેમજ ઉપયોગ વગરનો ક્રિયાકલાપ પણ અલ્પ લાભ જ આપે છે, એ દૃષ્ટિબિંદુ (pointing view) રાખી **ज्ञानक्रियाभ्यां मोक्षः**–એ સૂત્રનું રહસ્ય યથાશક્તિ સમજાવ્યું છે ? મોહનીય કર્મથી ઉત્પન્ન થયેલા વાસનામય જીવનમાં મધુબિંદુના દૃષ્ટાંતરૂપે ઓતપ્રોત થયેલા સંસારી જીવોને સત્કર્મ અને દુષ્કર્મનું ભાન કરાવી આ અસાર સંસારમાં સારરૂપ ધર્મ–જીવનને વિકસાવવા પ્રેરણા આપી છે ? સકળ સૃષ્ટિમાંથી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય-યુક્ત પર્યાયવાળા ષડ્દ્રવ્યોમાંથી આત્મદ્રવ્યને અલગ સમજી ભેદજ્ઞાન પ્રાપ્ત કરાવવા પ્રયત્નો કર્યાં છે ? પૌદ્ગલિક આનંદોને ક્ષણવિનશ્વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માની આત્માને સ્વતંત્ર મુક્તિ પ્રાપ્ત કરાવવાના ધ્રુવબિંદુનો આદર્શ રાખી આત્મિક આનંદ પ્રકટાવવાની કળાનું શિક્ષણ આપી કાલ, સ્વભાવ, નિયતિ અને કર્મને ગૌણ કરી પુરુષાર્થ-પરાયણ (ઉપયોગ–વીર્યવાન) થવાની જાગૃતિ અર્પી છે? અસંખ્ય આત્મપ્રદેશોમાં એક એક પ્રદેશે અનંતવીર્યશક્તિ 'લબ્ધિરૂપે' રહેલી છે તેનો વિકાસ કરવા માટે સકામનિર્જરા-પૂર્વક પ્રવૃત્તિ કરવાનો સંદેશ આપ્યો છે?– અને આવા લઘુ પ્રશ્નોદ્વારા પ્રસ્તુત પત્રને સમાધાન થાય છે કે જૈન સિદ્ધાંતો ઉપર નિર્ભર રહી યત્કિંચિત્ માનવ ગણની સેવા બજાવી છે અને તેથી સંતોષરૂપે પ્રશસ્ત ગૌરવ લેવામાં અત્યુક્તિ નથી.

## સંજ્ઞા–સૂચન.

નૂતનવર્ષની ૪૮ ની સંજ્ઞા તરીકે વર્તમાન શાસનાધિપતિ શ્રી મહાવીર પરમાત્માએ અર્થ-રૂપે પ્રરૂપેલી ૪+૮ બારની સંખ્યા દ્વાદશાંગીરૂપ થાય છે. આ દ્વાદશાંગી એ શ્રુત અને ચારિત્ર ધર્મરૂપ છે, અને તેથી તે તીર્થરૂપ કહેવાય છે; આ દ્વાદશાંગીની પ્રેરણા 'આત્માગમરૂપ' શ્રી જિનેશ્વર પાસેથી શ્રી સુધર્માસ્વામીજીએ 'અનંતરાગમરૂપ' પ્રેરણા મેળવી હતી; બીજી દષ્ટિમાં ઉપમિતિભવપ્રપંચાકાર શ્રી સિદ્ધર્ષિના કથન પ્રમાણે આત્માની આંતરસૃષ્ટિમાં થતા યુદ્ધમાં આત્માનો વિજય સૂચવે છે; આઠ કર્મો કે જે અનાદિ કાળથી પ્રવાહરૂપે આત્મા સાથે રહેલાં છે અને અનંત સુખ દુઃખની પરંપરાઓ ઊભી કરી રહ્યા છે તેમની સામે અહિંસા, સંયમ, તપ અને ધ્યાનરૂપ ચાર સંખ્યાવાળા આધ્યાત્મિક સૈન્યનું બળ મૂકવામાં આવતાં આત્મા છેવટે વિજયી બનીને સંપૂર્ણ સ્વાતંત્ર્ય મેળવી શકે છે; પાંચ સમવાયોથી થતી પ્રત્યેક કાર્યસિદ્ધિમાં કર્મબળની સામે આત્માના શુભ પુરુષાર્થનો વિજય થાય છે અને છેવટે આત્મા પરમાત્મા બની જાય છે. આ રીતે નૂતન વર્ષની સંજ્ઞા ઉપાદાનથી તૈયાર થયેલા આત્માને નિમિત્ત-રૂપ બની શકે છે અને ગુણસ્થાનકોના પ્રગતિ પંથે આગળ વધવાની પ્રેરણા આપી શકે છે.

## વાતાવરણ અને સંસ્મરણો.

આપણી રાષ્ટ્રીય સરકાર સ્થપાયાને લગભગ ત્રણ વર્ષો થઇ ગયાં છે; કાશ્મીરની શાંતિનો ઉકેલ હજી આવ્યો નથી; ઇરમીઆનમાં કોરીઆનું યુદ્ધ શરૂ થયું હોઇ વિશ્વયુદ્ધનો ભય ઊભો થયો છે; કોંગ્રેસની પરિસ્થિતિ પણ ગુંચવણભરેલી થઇ છે; નિર્વાસિતોનો પ્રશ્ન અણઉકેલ્યો પડ્યો છે અને તંત્રમાં પણ અનેક અવ્યવસ્થાઓ ચાલુ રહેવાથી શાંતિપૂર્વક આઝાદી ભોગવવાનો સમય આવ્યો નથી; અનેક વિષમ સંયોગો વચ્ચે રાજકીય નૌકા ચાલી રહી છે. જૈન જગતમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રના અનેક સુંદર સત્રો ગત વર્ષમાં થયેલા છે. શેઠ શ્રી કસ્તુરભાઇને તેમણે કરેલી જૈન શાસનની તથા તીર્થોની સેવા માટે અમદાવાદ, પાલીતાણા, મુંબઇ વિગેરે અનેક સ્થળોએ માનપત્રો આપવામાં આવ્યા હતા; પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી લગભગ બે વર્ષ માટે પ્રાચીન જૈન સાહિત્યના સંશોધન માટે દીર્ઘવિહાર કરી 'જેસલમેર'માં અપૂર્વ કાર્ય કરી રહ્યા છે; પૂ. વયોવૃદ્ધ આ. મ. શ્રી વિજય-વલ્લભસૂરિજીની છાયામાં ફાલનામાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇ તરફથી થયેલ મંગલમય વચનોના ઉદ્‌ઘાટનપૂર્વક તથા શેઠ કાંતિલાલ ઇશ્વરલાલના પ્રમુખપદની દોરવણી નીચે જૈન કોન્ફરન્સ સજીવન થઇ છે અને તેણે સફળતા પ્રાપ્ત કરી છે; જૈન સિદ્ધાંતને અનુસરીને કરેલા બે ઠરાવો તથા અન્ય ઠરાવોદ્વારા ઐક્યની ભૂમિકા ઊભી કરી છે; ખાસ કરીને મધ્યમ વર્ગ માટે રાહત કાર્યનો ઠરાવ કરવામાં આવ્યો અને તેના અમલની શરૂઆત પણ સારા પ્રમાણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતી આવે છે; લગભગ એક લાખનું ફંડ તે માટે થયું છે તે ઘણું અલ્પ ગણાય પરંતુ તે માટે વિશેષ પ્રયાસ ચાલુ છે; પાલનપુરમાં બિરાજતા પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરિજી હસ્તક પણ લગભગ એક લાખનું ફંડ મધ્યમ વર્ગ માટેના રાહત કાર્ય માટે થયું છે. કૉન્ફરન્સનું પ્રચારકાર્ય પહેલાં અને પછી અખિલ હિંદુસ્તાનમાં શેઠશ્રી કાંતિલાલભાઇ, શેઠ ભાઇચંદભાઇ, શેઠ ફુલચંદ શામજી, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી તથા શ્રીયુત વીરચંદભાઇ નાગજી વિગેરેએ પ્રવાસો કરી નવીન જાગૃતિ આણી છે; આગામી અધિવેશન જુનાગઢ-શ્રી ગિરનાર તીર્થમાં છે. તે સફળ થાય અને ગત કૉન્ફરન્સને તજી ગયેલી માનવંતી વ્યક્તિઓ તમામ સાથે મળી જૈન કૉન્ફરન્સને અખંડ બનાવે, સંઘના શ્રેયના અનેક સુંદર કાર્યો નીપજાવે અને જૈન શાસનનો વિજયવંત વાવટો એક સંપીથી ઉન્નત બનાવે તેમ ઇચ્છીએ છીએ. પ્રસ્તુત સભાના માનવંતા પેટ્રન રા. બા. શેઠ જીવતલાલ પ્રતાપસિંહે ગતવર્ષમાં પાલીતાણામાં નવ લાખ નવકાર મહામંત્ર ગણવાની શરૂઆત કરી અને તે મહાન કાર્ય પૂર્ણ કર્યું; નવાણું યાત્રા પણ પૂર્ણ કરી અને ચાતુર્માસ પણ પૂ. આ. મ શ્રી વિજયપ્રેમસૂરિજી તથા પૂ. આ. શ્રી. વિજયરામચંદ્રસૂરિજીની નિશ્રામાં સિદ્ધગિરિજીમાં કરી તેમના ઉપદેશો શ્રવણ કરવાપૂર્વક અપૂર્વ લાભ ઉપાર્જન કર્યો છે અને અન્યને અદ્દભુત દૃષ્ટાંતરૂપ બન્યા છે. વળી બે લાખ વિશેષ નવકાર મંત્ર ગણવાનો તેમનો નિર્ણય હમણાં બહાર આવ્યો છે; માત્ર ચૌદ માસમાં જ આ મહાન કાર્યો પૂર્ણ કરવાનું નિશ્ચયબળ તેમણે ગતિમાં મૂકેલું છે, એટલું જ નહિં પરંતુ પોતાના લઘુબંધુ શ્રી કાંતિલાલભાઇનું ચૈત્ર માસમાં મુંબઇમાં અચાનક અવસાન થતાં પણ સંસારના સંબંધોની અનિત્યતા વિચારી સહનશીલ બની દૃઢતાથી ધૈર્ય ધારણ કરી સ્વીકારેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા પ્રસ્તુત ઉત્તમ કાર્ય ચાલુ રાખવા માટે અન્ય આત્માઓને ઉત્તમ દૃષ્ટાંતરૂપ બન્યા છે. આવા ઉત્તમ કાર્યની પરિપૂર્ણતા પછી વ્યાવહારિક કાર્યોથી ફારેગ થઇ માત્ર ધાર્મિક કાર્યોમાં જ નિશ્ચયબળપૂર્વક એમના જીવનનાં હવે પછીના અમૂલ્ય વર્ષો વીતાવે તેમ આ સભાની તેમને સપ્રસંગ નમ્ર સૂચના છે. જૈન શાસનને તેવી આત્મબળવાળી વ્યક્તિઓની સેવાની અત્યારના સમયમાં ખાસ જરૂર છે.

મુંબઇમાં જૈન ધાર્મિક શિક્ષણ સંઘની સ્થાપના શ્રીમન્મહાવીર પરમાત્માના જન્મ કલ્યાણકના મંગલમય દિવસે રા૦ બા૦ શેઠ કાંતિલાલ ઇશ્વરલાલના પ્રમુખપદે થઇ હતી; સંસ્થાના પ્રમુખ તરીકે પ્રસ્તુત સભાના માનવંતા પેટ્રન શેઠ શ્રી રમણલાલ દલસુખભાઇ જે. પી. છે. આ સંઘનું કાર્ય મુંબઇ અને પરાંઓની લગભગ વીશ પાઠશાળાઓને એકત્રિત કરી એક જ ધાર્મિક શિક્ષણક્રમપૂર્વક તથા પરીક્ષા, ઇનામ અને દેખરેખ વિગેરે કાર્ય માટે સંચાલિત કરવાનું છે જે લગભગ શરૂ થઇ ગયું છે. હાલ તુરત માટે ધાર્મિક શિક્ષણક્રમ મુંબઇમાં ચાતુર્માસ રહેલા પૂજ્ય મુનિરાજોની સૂચના મુજબ તૈયાર કરેલ છે; ભવિષ્યમાં હિંદુસ્તાનની તમામ પાઠશાળાઓ માટે અભ્યાસક્રમ-પાઠ્ય પુસ્તકો તૈયાર કરવાનો ઉદ્દેશ પણ છે; જૈન આગેવાનો આ કાર્યને સક્રિય સહાનુભૂતિ આપશે તેવી સંપૂર્ણ આશા છે. ભાવનગરમાં સંઘના અગ્રગણ્ય સ્વ. શેઠ કુંવરજી આણંદજીની આરસની પ્રતિમાની અનાવરણવિધિ રા. બા. શેઠ શ્રી કાંતિલાલ ઇશ્વરલાલના શુભ હસ્તે શ્રી જૈનધર્મ પ્રસારક સભાના હોલમાં થઇ હતી. દાનવીર શેઠ ભોગીલાલભાઇ મગનલાલે ભાવનગરમાં કોમરસીઅલ સ્કૂલને એક લાખની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સખાવત કરી છે. પ્રસ્તુત સભાના પેટ્રન શ્રી ચંદુલાલ ટી. શાહે મુંબઈમાં પંદર હજારની સહાય સ્ત્રી શિક્ષણ સંસ્થાને કરી છે. ગત વર્ષમાં ત્રણ મહાન આચાર્ય મહારાજશ્રીઓ પૂ. આ. શ્રી વિજયનેમિસૂરિજી, પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિજી, તથા પૂ. આ. શ્રી વિજયલલિતસૂરિજીના સ્વર્ગવાસથી જૈનસમાજને અવર્ણનીય ખોટ પડી છે. વિજાપુરમાં શ્રી સંઘ તરફથી સ્વ. યોગનિષ્ઠ આ. શ્રી બુદ્ધિસાગરજીની રજત જયંતી મહોત્સવપૂર્વક ઉજવાઈ હતી. પ્રસંગોચિત અનેક વિદ્વાનોનાં ભાષણો તથા યોગનિષ્ઠ આચાર્યશ્રીના જીવનપ્રસંગો દર્શાવતું મહાન પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું હતું તેમજ સંસ્મરણાર્થે જૈન સાહિત્ય પારિતોષિકની સ્થાપનાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. ભારતીય સ્વયંસેવક પરિષદનું પાંચમું અધિવેશન રાજગઢ( માળવા ) ખાતે ભરવામાં આવ્યું હતું અને શ્રી પોપટલાલ રામચંદ તથા શ્રી મોહનલાલ ચોકસી વિગેરે સંચાલકોએ ઉત્સાહપૂર્વક જાગૃતિ લાવી અગીઆર ઠરાવો કરી શ્રી મોતીલાલ વીરચંદના અધ્યક્ષપણા નીચે ફતેહમંદ બનાવ્યું હતું. ઠરાવોનો અમલ કરવો એ હવે પરિષદનું ભાવિ કાર્ય છે.

**લેખદર્શન.**

ગતવર્ષમાં ગદ્ય અને પદ્ય લેખો મળી પંચાવન લેખો આપવામાં આવ્યા છે; સત્તર લેખો પદ્યના અને આડત્રીશ લેખો ગદ્યના છે. પદ્ય લેખોમાં શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીર જિનસ્તવનનાં બે કાવ્યો પૂ૦ વયોવૃદ્ધ આ૦ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજીના છે. પૂ૦ મુ૦ શ્રી જંબૂવિજયજીના શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવન વિગેરે સાત કાવ્યો, પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયકસ્તુરસૂરિજીના સામાન્ય જિન સ્તવન વિગેરે બે કાવ્યો, મુ૦ શ્રી વિનયવિજયજીના ભગવાનને કોણ વહાલું છે? વિગેરે બે કાવ્યો તથા ઝવેરી મૂળચંદ આશારામના દેવદુંદુભિનાદ વિગેરે બે કાવ્યો આવેલાં છે. ગદ્યલેખોમાં સૂક્ષ્મ, ગંભીર અને તાત્ત્વિક લેખક પૂં૦ આ૦ શ્રી વિજયકસ્તૂરસૂરિના તત્ત્વાવબોધના દશ લેખો, સાહિત્યસંશોધક પૂ૦. મુ૦ શ્રી જંબુવિજયજીના અંતરીક્ષ પાર્શ્વનાથ, દેવગિરિ તથા ઇલોરાની ગુફાઓના ઐતિહાસિક છ લેખો, પૂ૦ મુ૦ શ્રી ન્યાયવિજયજી( ત્રિપુટી )ના પર્યૂષણ પર્વનો લેખ, શ્રી મોતીચંદભાઈના ધર્મ કૌશલ્યના બે લેખો, ડૉ૦ ભગવાનદાસ મહેતાનો ત્રણ યોગોનો લેખ, રા૦ ચોકસીના ચારુશીલા રમણીરત્નોના ત્રણ લેખો, ડૉ૦ વલ્લભદાસ નેણસીભાઇના શ્રી અજિતવીર્યસ્તવન વિગેરે ત્રણ સ્તવનના ભાવાર્થમય લેખો, રા૦ મફતલાલ સંઘવીનો મુક્તિની ઝંખનાનો, શ્રી જિજ્ઞાસુ ( સં૦ મુ૦ પુણ્યવિજયજી )ના સ્થિતપ્રજ્ઞ પુરુષની પવિત્ર વિચારશ્રેણિના ચાર લેખો, પૂ૦ મુ૦ ચંદ્રપ્રભસાગરજીના વિશ્વવાત્સલ્ય વિગેરે બે લેખો, શ્રી અચ્છાબાબાના સોનેરી સુવાક્યના બે લેખો, રા૦ ડાહ્યાલાલ ક૦ દ્વિવેદીનો ' સાહિત્ય ગ્રંથ પ્રકાશનો કેવાં હોય ' વાળો લેખ, સભાના સેક્રેટરી શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદના આધ્યાત્મિક સમીકરણના બે અનુવાદમય લેખો, રા૦ હીરાલાલ રસિકદાસ કાપડીઆના સુરમણિ, કામધેનુ અને તેના પર્યાયો, અપરનામ મુનિવરો વિગેરે નવ ઐતિહાસિક લેખો, શ્રીમતી કમળા બહેન સૂતરીઆના ' પરમાત્મા આપણા હૃદયમાં ' વિગેરે અનુવાદમય ત્રણ લેખો, શ્રી ફતેહચંદ ઝવેરભાઇનો નૂતન વર્ષનું મંગલમય વિધાનનો લેખ, તથા સભાના સેક્રેટરી અને મુખ્ય કાર્યકર્તા ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસના જૈન-કૉન્ફરન્સનું સત્તરમું અધિવેશન વિગેરે વર્તમાન સમાચારના નવ લેખો આવેલાં છે. વાંચકોના આત્માની ઉપાદાન-ભૂમિકાની તૈયારી પ્રમાણે નિમિત્તભૂત થયેલા પ્રસ્તુત લેખોએ જેટલે અંશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષાયોપશમિક ભાવ પ્રકટાવવામાં કાર્ય કર્યું હોય તેટલે અંશે તેની સાર્થકતા ગણી શકાય.

## સાહિત્ય પ્રચાર અને ભાવના.

પ્રસ્તુત સભા.ચોપન વર્ષના કાળ દરમીઆન વિઘ્નો અને અપૂર્ણતાઓ વચ્ચે ઘડાતાં ઘડાતાં યથાશક્તિ નમ્રતાપૂર્વક પ્રગતિ કરી રહી છે. સંસ્થાનું આયુષ્ય પત્રના પ્રત્યેક મુખપૃષ્ઠ ઉપર દર્શાવેલા સ્વ૦ પૂ૦ આ૦ શ્રી વિજયાનંદસૂરિજીના જ્યોતિર્મય કિરણોદ્વારા પ્રકાશ મેળવતું પ્રગતિ કરતું જાય છે. જૈનદર્શનનું રચનાત્મક ( Constructive ) કાર્યક્રમ સભાનું ધ્રુવબિંદુ છે; છતાં ઉચ્ચ સંકલ્પના દીપકવડે સભા પોતાની અપૂર્ણતા નિરખી રહી છે; અને એ અપૂર્ણતાઓ જેટલે અંશે પૂર્ણ થાય તે રીતે પ્રતિવર્ષ પ્રયાસ થાય છે અને થશે. નૂતનવર્ષમાં વ્યવહાર અને નિશ્ચયની ઉભય કોટિઓ આત્મા માટે કેમ બંધબેસતી થાય અને દરેક આત્માઓ અશુભ વ્યવહારો તજી શુભ વ્યવહારોને આદરી શુદ્ધ માર્ગે કેમ પ્રયાણ કરે ? તેવા હેતુપુરઃસર રચનાત્મક શૈલિથી સુંદર લેખો આપવાનો સભાએ મનોરથ રાખેલો છે. આ ભાવનાની સાર્થકતા સાક્ષર લેખક મહાશયો ઉપર નિર્ભર છે. પ્રસ્તુત પત્ર સાથે સહાનુભૂતિ ધરાવનાર તરીકે પૂ. મુનિરાજો અને અન્ય સાક્ષર લેખકોનો સભાની વતી આભાર માનવામાં આવે છે તેમજ નવીન વર્ષમાં સભાની નિર્મળ ભાવનાને વિશેષ બળ આપી આત્મોન્નતિવાળા અને સમાજોપયોગી લેખો આપવા સાદર નિમંત્રીએ છીએ. ગતવર્ષના લેખોમાં સમજફેરથી સિદ્ધાંત વિરુદ્ધ કાંઇપણ છપાયું હોય તે માટે સભા તરફથી ‘ મિથ્યાદુષ્કૃત ’ દેવામાં આવે છે.

દ્વાદશારનયચક્રસાર કે જે નયો માટેના પ્રાચીન મહાન ગ્રંથના પ્રકાશનની મુખ્ય ભૂમિકા સાહિત્યરત્ન પૂ. મુ. શ્રી પુણ્યવિજયજીએ તૈયાર કરી પૂ મુ. શ્રી ભુવનવિજયજીને સંશોધન માટે સોંપેલી હતી તેની તેમણે ઐતિહાસિક ખૂટતી કડીઓ મેળવી લીધી છે અને તે સભા તરફથી થોડા વખત પછી પ્રકાશિત થશે. બૃહત્કલ્પનો છેલ્લો છઠ્ઠો ભાગ અને ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત્ર ભા. ૨–૩–૪ પર્વો છપાઇ ગયેલ છે; પ્રસ્તાવના બાકી છે તે પણ થોડા વખતમાં પ્રકટ થશે. સં. ૨૦૦૬ ની ભેટ તરીકે મહાસતી દમયંતી ચરિત્ર, જ્ઞાનપ્રદીપ ભાગ બીજો, આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો અને જૈન મતનું સ્વરૂપ એ ચાર પુસ્તકો પૂ. મુનિરાજો, પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવ્યા છે. સં. ૨૦૦૭–૮ ની સાલમાં ભેટ આપવાના પુસ્તકોની યોજના થઇ રહી છે; કથારત્ન કોશ ભાગ ૧–૨ ભાષાંતર, શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ભાષાંતર અને શ્રી સુમતિનાથ ચરિત્ર ભાષાંતર યોજનામાં છે તેમજ છપાય છે. સભાના કુલ માનવંતા પેટ્રનો એકાવન થયા છે. ( ગત વર્ષમાં છ વધ્યા છે ); સીરીઝની સંખ્યા કુલ એકવીશ થઇ છે; રા. બ. શેઠ જીવતલાલ પ્રતાપસિંહ તથા સ્વ. શેઠ શાંતિદાસ ખેતસી ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટી સાહેબો તરફથી સસ્તા સાહિત્યની ગ્રંથમાલાના પ્રકાશનની યોજનામાં ‘અનેકાંતવાદ’નો ઇંગ્રેજી લેખ પ્રો. હરિસત્ય ભટ્ટાચાર્યનો પરીક્ષા કમીટીમાં પાસ થયેલો છે; તેનું ભાષાંતર કરાવવાનું ચાલુ છે. ગુજરાતી–હિંદી ભાષાંતર થઇ ગયા પછી ત્રણે ભાષાઓમાં પુસ્તિકારૂપે છપાશે. દરમીઆનમાં બીજો નિબંધ નમસ્કાર મહામંત્ર સં. ૨૦૦૬ ના બીજા વિભાગરૂપે મુકરર થયેલ છે; તે મુજબ લખી મોકલવા આમંત્રણ પત્રિકાઓ મોકલાઇ ગઇ છે. પૂ. મુનિમહારાજાઓ તથા લેખક બંધુઓ ભાદરવા શુદી ૧૫ સુધીમાં મોકલી આપે તેમ છેલ્લા સમાચાર અપાઇ ગયેલ છે. હવે પછી પરીક્ષક કમીટી નીમાયા પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું પરિણામ દીવાળી લગભગ બહાર પડી જશે. સપ્રસંગ સ્વ. પૂ. પ્ર. શ્રી કાંતિવિજયજી મહારાજના વિદ્વાન પ્રશિષ્ય મુ. શ્રી પુણ્યવિજયજી તથા વયોવૃદ્ધ પૂ. આ. મ. શ્રી વિજયસિદ્ધિસૂરિજીના પ્રશિષ્ય પૂ૦ મુ૦ શ્રી જંબૂવિજયજી કે જેઓ આ સભાની પ્રગતિ માટે અવિરત સહાય કરી રહ્યા છે તેમનો અંતઃકરણપૂર્વક સભા આભાર માને છે.

## અંતિમ પ્રાર્થના

મહાભારતમાં દાનેશ્વરી કર્ણ કહે છે કે– **दैवायत्तं कुले जन्म मदायत्तं तु पौरुषम्–** અર્થાત્ સુકુળમાં જન્મ પામવો તે કર્માધીન છે પણ પુરુષાર્થ કરવો તે આત્માધીન છે; તેવી જ રીતે એક મહારાષ્ટ્રી વિદ્વાન કહે છે કે– **तुझें आहे तुज पाशीं परि तूं जागा चूकलासी** "તારી વસ્તુ ! તો તારી પાસે જ છે પણ તું સ્થાન ભૂલ્યો છે"–વાસ્તવિક રીતે તો આપણે જન્મના સ્ટેશનેથી મૃત્યુની ટીકીટ ખરીદી કાળની આગગાડીમાં બેઠા છીએ; ભૂતકાળ એ વર્તમાન તથા ભાવિની સાંકળ છે; ભાવી રચવાનું છે; વર્તમાનમાં પણ ભૂતકાળ સર્વનો આધાર છે; ભૂતકાળનાં શુભ તત્ત્વોમાંથી અશુભની બાદબાકી કરી વર્તમાનમાં શુભ તત્ત્વો સાથે સમન્વય કરી શકીએ તો જ ભવ્ય ભાવી રચી શકીએ; એ ભવ્ય ભાવી રચવા માટે આત્માને અનાદિ કાલથી લાગેલો કર્મકલેશ દૂર થવો જોઇએ.

તત્ત્વાર્થની કારિકામાં શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકે મુક્તિના સાધ્યપણા માટે કહ્યું છે કે–**कर्मक्लेशा भावो यथा भवत्येष परमार्थः**–અર્થાત્ "કર્મકલેશનો અભાવ થાય ત્યારે આત્માની સ્વતંત્ર મુક્તિ સિદ્ધ થાય" આ કર્મકલેશનો અભાવ કરવા માટે જૈનદર્શનમાં વ્યવહારથી શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ પ્રતિ અવિચલ શ્રદ્ધા અને નિશ્ચયથી સ્વભાવ અને વિભાવ પરિણતિની ઓળખાણ, ધર્માસ્તિકાયાદિ ષડ્ દ્રવ્યો, નવ તત્ત્વો, સાત નયો, ચાર નિક્ષેપાઓ, દ્રવ્યગુણપર્યાય, દાન શીલ તપ અને ભાવ, જૈનયોગદૃષ્ટિ, કર્મની બંધ ઉદય ઉદીરણા સત્તા વિગેરે પરિસ્થિતિઓ, ચાર અનુયોગો અને સાત ભંગીઓ વિગેરેનું સમ્યગ્ જ્ઞાન તથા સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, જીવદયા, તપશ્ચર્યા, વ્રતો અને જિનપૂજા વિગેરેનાં રહસ્યો સાથે સક્રિય પાલનરૂપ સમ્યક્ ચારિત્ર–આ શ્રદ્ધાભાસન અને રમણતારૂપ જૈન દર્શનની રત્નત્રયીનું આત્મજાગૃતિપૂર્વક યથાશક્તિ પરિપાલન કરતાં શુભ સાધનોની સાધનાવડે અવશ્ય જન્મજન્માંતરે મુક્તિરૂપ સાધ્ય પ્રકટવાનું; આ સાધ્યની સિદ્ધિ માટે અમૂલ્ય માનવજન્મનું અસ્તિત્વ છે; શુભ સાધનોને આચરતાં પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરા થતાં છેવટે વીતરાગ અવસ્થારૂપ શુદ્ધાત્માનો આવિર્ભાવ ( Manifestation ) થાય છે; તેથી જ અશુભ સાધનોનો ત્યાગ કરી શુભ સાધનોમાં પ્રવૃત્તિ કરવા અભ્યાસ કરવાનો રાજમાર્ગ શ્રી જિનેશ્વરોએ પ્રબોધેલો છે; આ ક્રમથી જ નિશ્ચય નયવાળું શુદ્ધ 'સાધ્ય' પ્રાપ્ત થાય છે; વ્યવહાર નયથી અભ્યાસ થતાં થતાં એવંભૂતનયથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે; જૈનદર્શનનું બાહ્ય અને આંતર બંધારણ અલૌકિક છે; ગંભીર વિચારકો તે સમજી શકે છે; ઉપર ઉપરથી સમજનારાઓને જૈનદર્શનનાં અમૂલ્ય રત્નો મળી શકે તેમ નથી; સ્યાદ્વાદમય જૈનદર્શનની આવી ઉત્તમ પરિસ્થિતિ હોવાથી મરુદેવા માતા અને ભરત ચક્રવર્તીના દૃષ્ટાંતો અલગ રાખી દર્શન જ્ઞાન ચારિત્રની કોટિઓનો અનુભવ કરતાં કરતાં અનેક જન્મોમાં સંસ્કારો દૃઢ થતાં અંતઃસ્ફુરણા ( Intution ) પ્રકટે છે; ધર્મધ્યાનવડે વિશ્વ અને પ્રાણી પદાર્થો તરફની અવળી દૃષ્ટિ ફેરવાઇ જાય છે અને શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના કથન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ नमः श्रीअन्तरिक्षपार्श्वनाथाय ॥

# श्रीअंतरिक्षपार्श्वनाथजी तीर्थ.

( ગતાંક પૃષ્ઠ ૨૩૪ થી ચાલુ )

શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનના લેપમાંના કચ્છોટ તથા કટિસૂત્ર(કંદોરા)ના ભાગને **સંવત ૧૯૬૪ ના મહા સુદિ ૧૧** ને દિવસે ( ઇસ્વીસન ૧૨–૨–૧૯૦૮ ) દિગંબરોએ લોઢાના ઓજારોથી ગુપ્ત રીતે ખોદી નાખ્યાની વાત આપણે ગતાંકમાં જોઇ ગયા. આ પછી આ જ વરસે પૂજ્યપાદ સ્વર્ગસ્થ શ્રી ૧૦૦૮ સાગરજી મહારાજ મુંબઇથી અંતરિક્ષજીનો સંઘ લઇને આવ્યા હતા તે વખતે પણ ઘણું તોફાન થયું હતું. આ બધા બનાવોથી શ્વેતાંબરોને ઘણો આઘાત પહોંચ્યો. છેવટે થાકીને તેમણે ઇસ્વીસન ૧૯૧૦ ના ફેબ્રુઆરીની ૧૧ મી તારીખે આકોલા જીલ્લાની કોર્ટમાં દિવાની કેસ દાખલ કર્યો. શ્વેતાંબરો તરફથી શા. **હીરાલાલ પાનાચંદ** ( બાલાપુર ), શા. **કલ્યાણચંદ લાલચંદ** ( યેવલા ) વિગેરે પાંચ જણ હતા. વિરુદ્ધમાં **હોનાસા રામાસા** વિગેરે ૨૨ સામે કેસ માંડવામાં આવ્યો હતો. શ્વેતાંબરો તરફથી, ધર્મિક લાગણી દુઃખવવા બદલ, લેપને નુકશાન કરવા બદલ તેમજ પેઢીની આવકને હાનિ પહોંચાડવા વિગેરે બદલ રૂ. ૧૫૪૨૫ નો દાવો દિગંબરો સામે કરવામાં આવ્યો હતો. અને શ્રી અંતરિક્ષજીની પ્રતિમા શ્વેતાંબર આમ્નાય પ્રમાણે જ છે, પ્રતિમાજીની પૂજા કરવાનો શ્વેતાંબરોને અબાધિત અને સંપૂર્ણ અધિકાર છે, તેમજ કચ્છોટ અને કટિસૂત્રવાળો લેપ કરવામાં અને ચક્ષુ–ટીકા–મુગટ વિગેરે આભૂષણ ચડાવવામાં હરકત કરવાનો દિગંબરોને કોઇ જ અધિકાર નથી એ જાતની કોર્ટ પાસેથી માગણી કરવામાં આવી. અર્થાત્ આ તીર્થ શ્વેતાંબરી જ છે એ જાતની જાહેરાત કોર્ટ પાસેથી માગવામાં આવી. આના સમર્થનમાં ૬૦૦ જેટલા વહીવટી તથા શાસ્ત્રીય વિગેરે પુરાવા રજુ કરવામાં આવ્યા. ૧ થી ૭ નંબરના આરોપીઓ ઉપર લેપ ખોદી નાખવાનો આરોપ મૂકવામાં આવ્યો.

ઉલટ પક્ષે દિગંબરો તરફથી બધા આરોપોનો ઇન્કાર કરવામાં આવ્યો, અને તેમણે

---

મુજબ आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः– એ નિશ્ચયધર્મ ક્રમેક્રમે પ્રાપ્ત થવાનો આત્મા અધિકારી બને છે. આ સિદ્ધિ માટે સભાનો તથા આત્માનંદ પ્રકાશ પત્રનો અલ્પ પ્રયાસ છે. નૂતનવર્ષમાં બહિરાત્મપણામાંથી અંતરાત્મત્વ અને અંતરાત્મપણામાંથી પરમાત્મસ્વરૂપનું પ્રકટીકરણ (Representation) કરવા શ્રી જિનેશ્વરની વાણી કે જે પંચમકાળમાં પુષ્ટાલંબનરૂપ છે તે માટેનો શ્રી અમૃતચંદ્રસૂરિનો સ્તુતિ–શ્લોક સાદર કરી વિરમવામાં આવે છે.

अनंतधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।
अनेकांतमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ॥

અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષપણે દેખતી સ્યાદ્વાદ–અનેકાંતમય જિનવાણીરૂપ મૂર્તિ સદા સર્વને આત્માના આનંદનો પ્રકાશ અર્પો ! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મુંબઇ
સં૦ ૨૦૦૬
શ્રાવણ શુક્લ પૂર્ણિમા
તા. ૨૭–૮–૧૯૫૦

**ફતેહચંદ ઝવેરભાઇ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ એવી જ માગણી કરી કે–આ તીર્થ સર્વથા દિગંબરોનું જ છે એવી કોર્ટ જાહેરાત કરે. ઇસ્વીસન ૧૯૦૫ માં ટાઇમટેબલ કરીને દિગંબરોને પૂજા વગેરેમાં સમાન અધિકાર એક વખત આપીને હવે તીર્થનો સર્વાધિકાર ( Absolute Right. ) માગવાનો શ્વેતાંબરોને અધિકાર નથી. આ જાતનો તેમણે એસ્ટોપેલ[1]( અટકાવવા )નો કાયદો પણ ઉપસ્થિત કર્યો.

કોર્ટે બન્ને પક્ષના પુરાવા તથા નિવેદનોને તપાસ્યાં અને પક્ષની અનેક વ્યક્તિઓની જુબાની લીધી. કમીશન નિમાયાં. અંતરિક્ષજીમાં જાતે જઈને તપાસ પણ કરવામાં આવી. છેવટે સન ૧૯૧૮ ના માર્ચની ૨૭ મી તારીખે આકોલા કોર્ટના વધારાના ન્યાયાધીશે ( Additional District judge ) ૪૦ પાનાંનો લંબાણ ચુકાદો આપ્યો. તેમાં તેમણે જણાવ્યું કે તીર્થ અને મૂર્તિ શ્વેતાંબરી જ છે, પરંતુ સન ૧૯૦૫માં શ્વેતાંબરોએ ટાઇમ ટેબલ કરતી વખતે રાજીખુશીથી દિગંબરોને પણ અધિકાર આપ્યો હોવાથી હવે શ્વેતાંબરોથી દિગંબરોના અધિકારનો પણ ઇન્કાર કરી શકાય નહીં. લેપના સંબંધમાં ન્યાયાધીશે જણાવ્યું કે–પહેલાં પણ જ્યારે જ્યારે લેપ કરવામાં આવ્યો હતો ત્યારે ત્યારે કટિસૂત્ર અને કચ્છોટનો દેખાવ તેમાં કરવામાં આવતો જ હતો, એમ અનેક પુરાવાઓથી સિદ્ધ થાય છે. સંવત ૧૯૬૪( ઇસ્વીસન ૧૯૦૮ )ના લેપ વખતે શ્વેતાંબરોએ તેમાં કંઈ પણ ઉમેર્યું હોય એમ હું ક્ષણવાર પણ માની શકતો નથી.[2] આ જજમેન્ટને અનુસરતું હુકમનામું પણ સન ૧૯૧૮ના એપ્રીલની બીજી તારીખે આપવામાં આવ્યું તેમાં મુખ્ય હકીકત નીચે મુજબ છે.–

[3]" બંને પક્ષના લોકોએ સં૦ ૧૯૬૧( સન ૧૯૦૫ )માં થયેલા ટાઇમ ટેબલને વળગી

---

૧ ઇન્ડીઅન એવિડન્સ એકટમાં ૧૧૫ મા એકટમાં એસ્ટોપેલની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવેલી છે—

" When one person has by his declaration, act or omission intentionally caused or permitted on other person to believe a thing to be true and to act upon such belief, neither he nor his representative shall be allowed in any suit or proceeding between himself and such person or his representative to deny the truth of that thing. "

[ Indian Evidence Act, Chapter. VIII, 115 ]

૨ I am therefore unable to believe for a moment that any new marks were introduced by the artist in pasting the idol third time in 1908. [ R. P. P. C; Part I, 282 ]

૩ મૂળ ઇંગ્લીશ નકલ નીચે પ્રમાણે છે—

The parties and members of their sect shall therefore be directed to adhere to the time-table of 1905 ( संवत १९६१ )...The collections of money and offerings shall be made by the two sects as hitherto from the time of the separation of their Gadis ( ગાદી ) and cash. The plaintiffs having failed to prove which person or persons had scraped

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેવું અને તેના નિયમોને પાળવા. પોતાના પક્ષમાં જે કંઈ નાણુંની આવક થાય તે અલગ અલગ એકઠી કરવાનો બંનેને અધિકાર છે. (લેખ ખોદી નાખ્યાની વાત સાચી હોવા છતાં) કયા માણસે લેપ ખોદી નાખ્યો છે, એ વાતને શ્વેતાંબરો સિદ્ધ કરી શકયા ન હોવાથી નુકસાનીના બદલાની તેમની માગણી કાઢી નાખવામાં આવે છે. શ્વેતાંબરોને તેમના સમય દરમિયાન ચક્ષુ–ટીકા–મુગટ–આંગી વગેરે રાખવાનો હક્ક છે. તે જ પ્રમાણે દિગંબરોને પણ તેમના સમયમાં ચક્ષુ–ટીકા વિગેરે સિવાય તેમની પદ્ધતિ પ્રમાણે પૂજા કરવાનો અધિકાર છે. શ્વેતાંબરો મૂર્તિને લેપ કરાવે તેમાં તથા લેપમાં કંદોરા–લંગોટ વિગેરેનો આકાર કાઢે તેમાં દિગંબરોએ જરા પણ હરકત નાખવી નહીં, પરંતુ શ્વેતાંબરોએ કંદોરા–કચ્છોટ વગેરેનાં ચિહ્ન એવાં આછાં–પાતળાં કરવાં કે જેથી દિગંબરોની લાગણી દુઃખાય નહીં. મૂર્તિ અને મંદિર મૂળમાં શ્વેતાંબરી હોવા છતાં અત્યારે શ્વેતાંબરોની સર્વાધિકારની માગણી નામંજૂર કરવામાં આવે છે. ”

આ ચૂકાદાથી શ્વેતાંબરો અને દિગંબરો બંને નારાજ થયા. કોઈને પણ સર્વાધિકાર મળ્યો નહીં. શ્વેતાંબરોને વહીવટ કરવાનો પણ સંપૂર્ણ અને અબાધિત અધિકાર ન મળ્યો. લેપ કરવાનો અને લેપમાં કચ્છોટ તથા કંદોરાની આકૃતિ કાઢવાનો અધિકાર શ્વેતાંબરોને અવશ્ય મળ્યો, પણ કોર્ટનો હુકમ એટલો બધો અસ્પષ્ટ હતો કે કચ્છોટ અને કંદોરા વિગેરેનો આકાર કેટલો મોટો કાઢવો એનો સ્પષ્ટ ખુલાસો તેમાંથી મળતો ન હતો.

---

of the plaster and done damage to it their claim to damages and compensation with respect of the damage fails and is dismissed. The plaintiffs shall be entitled to worship the image with the ornaments, चक्षु, टीका, मुगट, आंगी etc, as before according to their forms of worship only in their own time......the Digambaris are entitled to worship the image without any of these and in their own way and in their own time, according to the time table......A permanent injuuction shall be granted to the plaintiffs ( श्वेतांबरी ) against the defendants ( दिगंबरी ) restraining the latter from obstructing the plaintiffs and their sect in putting the paste on the idol and in restoring it to its former condition. Viz, showing the कच्छोटा and कटिसत्र, and marks on the ears and palms, now and hereafter, in worshiping the idol with all those marks. It is however directed that these marks shall not be so bold and prominent so as to be offensive in any way and that they shall be shown with as light a touch of plaster and as faintly as possible.

The permanent injuncion declaring the rights of Shwetambaris to worship the image in exclusive rights is disallowed, while holding the image and the temple to have been Swetambari by origin.

[ R. P. P. C. I, 285 ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આથી મધ્યપ્રાંતના જ્યુડીશિઅલ કમીશ્નરની નાગપુરની કોર્ટમાં સને ૧૯૧૮ના જુલાઈની ૧૫ મી તારીખે શ્વેતાંબરોએ અપીલ દાખલ કરી. દિગંબરો તરફથી પણ શ્વેતાંબરો સામે અપીલ ( Cross-appeal ) દાખલ કરવામાં આવી. આ અપીલનો ચૂકાદો સને ૧૯૨૩ ના ઓકટોબરની ૧ લી તારીખે આવ્યો. ન્યાયાધીશ પી. એસ. **કોટવાલ** તથા એફ. ડબલ્યુ. એ. **પ્રીડો** ( Prideaux )-બંનેએ મળીને આપેલા ૧૬ પાનાં જેટલા વિસ્તૃત ચૂકાદાના અંતમાં બધા પુરાવાની ફેરતપાસ કરીને જણાવ્યું કે-[૧] " આ કેસમાં મુખ્ય પ્રશ્ન સંપૂર્ણ માલિકીનો નહીં પણ સંપૂર્ણ વહીવટનો છે, તેથી શ્વેતાંબરોને વહીવટનો જો સંપૂર્ણ અધિકાર આપવામાં આવે તે તેમને સંતોષ થશે. લેપમાં કંદોરા અને કચ્છોટ વિગેરેનો આકાર કેવો કાઢવો એની નિશ્ચિત સૂચના આપવાની અમને જરૂર જણાતી નથી. " મંદિર અને મૂર્તિ તો શ્વેતાંબરી જ કબૂલ રાખવામાં આવ્યા.

કોર્ટનું હુકમનામું નીચે પ્રમાણે છે.[૨]

( **अ** ) " શ્વેતાંબરોને મંદિર તથા મૂર્તિના વહીવટનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવે છે. કટિસૂત્ર-કચ્છોટ તથા લેપ કરવાનો શ્વેતાંબરોને સંપૂર્ણ અધિકાર છે. તેમની પદ્ધતિ પ્રમાણે ચક્ષુ-ટીકા-મુગટ અને અન્ય આભૂષણો ચડાવવાનો પણ તેમને અધિકાર છે.

( **आ** ) સન. ૧૯૦૫ માં થયેલા ટાઇમ-ટેબલની ગોઠવણ પ્રમાણે દિગંબરોને પણ તેમના સમય દરમિયાન ચક્ષુ-ટીકા-મુગટ અથવા આભૂષણોથી રહિત મૂર્તિની પૂજા કરવાનો અધિકાર છે. માત્ર તેમણે કચ્છોટ, કટિસૂત્ર તથા લેપને ન ખસેડવાં કે તે સંબંધમાં માથું મારવું નહીં.

---

૧ It is further admitted that the real question in this case is not one of the exclusive ownership but the exclusive management and that the plaintiffs will be satisfied if that is declared. We do not think it is necessary to give any specific directions as to the way in which the restoration of the कंदोरा etc., is to be carried out [ R. P. P. C., I, 312 ]

૨ The decree of the lower court be set aside and in lieu thereof the following decree is passed declaring—

( i ) that the Shwetambaris are entitled to the exclusive management of the temple and image of Shri Antariksha Parasnathji Maharaj with कटिसूत्र, कंदोरा and लेप and that they have the right to worship that image with चक्षु, टीका, and मुगट and to put on ornaments over the same ( idol ) in accordance with their custom.

( ii ) that the Digambaris have a right of worshipping the image in accordance with the arrangement made in 1905 without चक्षु, टीका and मुगट or ornaments but are not to remove or interfere with कच्छोटा, कटिसूत्र and लेप. [ R. P. P. C. I, 317 ].

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ચૂકાદાથી શ્વેતાંબરોને અમુક પ્રકારનો સંતોષ થયો, પણ દિગંબરો ઘણા જ નારાજ થયા. તેથી તેમણે ઇગ્લાંડમાંની પ્રીવી કાઉન્સીલમાં અપીલ કરી. આ અપીલનો ચૂકાદો સન ૧૯૨૯ ના જુલાઇની ૯ મી તારીખે આવ્યો. પ્રીવી કાઉન્સીલે નાગપુર કોર્ટના ચૂકાદાને જ માન્ય રાખ્યો અને દિગંબરોની અપીલ કાઢી નાખી. તેમ જ નાગપુરની કોર્ટમાં શ્વેતાંબરોને જે ખર્ચ લાગ્યો હતો તે ખર્ચ અને પ્રીવિકાઉન્સીલમાં કેસ ચાલ્યો તે દરમ્યાન ઈગ્લાંડમાં શ્વેતાંબરોને થયેલો ૬૮૯ પાઉન્ડ(લગભગ દશ હજાર રૂપિયા)નો ખર્ચ દિગંબરોએ શ્વેતાંબરોને આપવો એ જાતનો પણ પ્રીવી કાઉન્સીલે હુકમ કર્યો.[૧]

અત્યારે આ વ્યવસ્થા અનુસાર જ બધો કારભાર ચાલે છે. શ્વેતાંબરી સંપૂર્ણ રીતે વહીવટનો સર્વાધિકાર ભોગવે છે. મંદિરમાં સુધારા-વધારા જે કંઇ કરવું હોય તે વિના ડખલગીરીએ કરી શકે છે. સન ૧૯૦૫ નું ટાઈમ-ટેબલ માત્ર કાયમ રહ્યું છે અને તે પ્રમાણે દિગંબરભાઇઓને તેમની વિધિ પ્રમાણે તેમના સમયમાં પૂજા-અર્ચા કરવાનો અધિકાર મળ્યો છે.

આ પછી બીજા પ્રસંગોની હકીકત હવે પછીના લેખમાં. ( અપૂર્ણ )

---

૧ Their Lordships do this day agree humbly to report to your Majesty as their opinion that this appeal ought to be dismissed and the decree of the Court of the Judicial Commissioner of the Central Provinces dated the 1 st day of October 1923 affirmed and that the petition for stay of execution ought to be dismissed.

And in case Your Majesty should be pleased to approve of this report then Their Lordships do direct that their be paid by the Appellants to the Respondants their costs of this appeal incurred in the Court of the said Judicial Commissioner and the sum of Z. 689 3 s. o d. for their costs theirof incurred in England.

[ प्रीवी काउन्सीलनो रिपोर्ट ता. ९-७-१९२९, ९-७-१९२९. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ.

લેખક—આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

( ગત વર્ષના પૃષ્ઠ ૨૩૯ થી ચાલુ )

૩૬

માનવી ભલે ઉંઘે, પ્રમાદી બને પણ ભાવી તો ચોવીશે કલાક નિરંતર જાગતું જ રહે છે; કારણ કે ભાવીના કામમાં ભૂલવાનું હોય જ નહિ. જે સમયે જે બનવાનું હોય છે તેમાં એક સમય પણ આઘો પાછો થાય નહિ. માનવીઓ પોતાને કરવાનું કામ મુલતવી રાખીને ફેરફાર કરે છે અને પોતે માને છે કે-મેં ફેરફાર કરીને કામ લંબાવ્યું છે, પણ માનવી ભૂલે છે. તેનું કરેલું કાંઇપણ બની શકતું નથી. પણ ભાવીને મંજુર ન હતું એટલે આવી રીતે ફેરફાર થયો છે, એમ માનવી સમજતો નથી. પાંચ સમવાયમાં કાળ પણ એક સમવાય છે. તેની જો કચાશ હોય તો બધી વાતે તૈયારી હોય છતાં પણ કામ અટકી પડે છે અને એટલા માટે સારી રીતે સમજેલા અને કિનારા પાસે આવેલા જ્ઞાનીપુરુષો પણ ભવસ્થિતિ પાકેલી ન હોવાથી કાંઈક કચાશને લઇને થોડા પણ રખડે છે. અંતરંગથી બધીય તૈયારી હોવા છતાં પણ જ્ઞાન, અનાસક્તિ આદિ બધુંય હોવા છતાં પણ મોહનીય કાંઈક ભૂલ ખવડાવે છે. જેથી આત્મવિકાસની વૃદ્ધિ થતી અટકી પડે છે, માટે કાંઇ પણ આશ્ચર્ય પામવા જેવું નથી. લોકોમાં જે કાંઇ કહેવાય છે કે જે કાંઇ થાય છે તે સારાના માટે થાય છે, તેથી વિપરીત બનવામાં પણ કાંઇક કુદરતી સંકેત હોય છે, જેને અલ્પ બુદ્ધિવાળા માણસો સમજી શકતા નથી.

૩૭

ભાવરોગ ગયા સિવાય સાચી સંપૂર્ણ આરોગ્યતા મળી શકે જ નહિ. લૌકિક દૃષ્ટિથી અશાતાવેદનીને ગૌણ રાખી શાતાવેદનીના ઉદયને શાતા કહેવામાં આવે છે. પણ વેદનીયકર્મનો ક્ષય ન થાય ત્યાંસુધી આરોગ્યતા પ્રાપ્ત થાય નહિ અને એટલા માટે જ વ્યવહારમાં કોઇ પણ એમ નથી કહેતું કે મારા આત્માને ઠીક છે; પણ મારા શરીરને ઠીક છે, મારી તબીઅત સારી છે એમ કહેવાની લૌકિક વ્યવહારમાં પ્રવૃત્તિ ચાલી રહી છે. તે સ્પષ્ટ સૂચવે છે કે-કર્મના ઉદય તથા ક્ષયોપશમને આશ્રયીને આવી પ્રવૃત્તિ ચાલે છે. કર્મનો ઉદય તથા ક્ષયોપશમ શરીરમાં જણાય છે. ઉપશમભાવ તથા ક્ષાયિક ભાવ આત્માને આશ્રયીને છે. અર્થાત્ આત્મસ્વરૂપના બોધક છે અને એટલા માટે જ બન્ને અપૌદ્ગલિક માન્યા છે. બાકી ક્ષયોપશમિક તથા ઔદયિકભાવ પૌદ્ગલિક છે. ઔદયિકભાવમાં વિપાકઉદય છે અને ક્ષાયોપશમિકભાવમાં પ્રદેશ ઉદય હોય છે. આ બન્ને ઉદયો દેહાશ્રિત હોવાથી દેહને પ્રધાન રાખીને વ્યવહાર કરવામાં આવે છે. એટલા માટે જ શુભાશુભ બન્ને પ્રકૃતિઓનો તીવ્ર-મંદ ઉદય હોવા છતાં તીવ્ર ઉદયવાળી પ્રકૃતિને મુખ્ય રાખીને મંદ ઉદયવાળીને ગૌણ રાખવામાં આવે છે. શાતાવેદનીનો ઉદય તીવ્ર હોય તો શાતા કહેવામાં આવે છે અને અશાતાનો તીવ્ર હોય તો અશાતા કહેવામાં આવે છે. જો કે શાતા અથવા અશાતાના તીવ્ર ઉદય વખતે શાતામાં ઉદય હોય છે છતાં તે મંદ હોવાથી તેને ગૌણ રાખવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૮

ઔદયિકભાવમાં સુખ, શાંતિ, આનંદ જેવું કશું યે હોતું નથી, તો યે મોહનીયના દબાણથી અનાદિ કાળથી જ આત્મા અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓમાં બધુંયે માનતો આવ્યો છે જેથી કરીને ઔપશમિક કે ક્ષાયિક ભાવથી પ્રગટ થતાં આત્મિક સુખ–શાંતિ આદિ તરફ અરુચિ ધરાવે છે. અને તેને મેળવવા કર્મનો ક્ષય કરવાની ભાવનાઓ તથા પ્રવૃત્તિઓને આદર કરતો નથી પણ પૌદ્ગલિક સુખનાં સાધન મેળવવાની ભાવના તથા પ્રવૃત્તિનો આદર કરે છે. અને ચોવીશે કલાક પંચેંદ્રિયોના વિષયોને પ્રાપ્ત કરવાની આકાંક્ષાવાળો રહે છે. ઔપચારિક ધર્મવાળી બાહ્ય ક્રિયાઓ પણ વૈષયિક ઇચ્છાઓથી આદરે છે. અર્થાત્ રસગૌરવતા, શાતાગૌરવતા અને ઋદ્ધિગૌરવતા મેળવવા બાહ્ય ક્રિયાઓનો દેખાવ કરે છે. પણ રાગદ્વેષની પરિણતિનો ક્ષય કરતો નથી તે તેની કષાય–વિષયવાળી મનોવૃત્તિઓ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. સમભાવ વીતરાગ દશાનો અંશ પણ ન હોવા છતાં છઠ્ઠા ગુણસ્થાનકના માન મેળવવાની ઇચ્છા રાખનાર પોતાને ઉત્કૃષ્ટા ચારિત્રી માનીને અને બીજાને શિથિલ ચારિત્રી માનીને ગર્વથી ફુલી જનારમાં આત્મિક ગુણ મેળવવાની યોગ્યતા સરખો પણ હોતી નથી; કારણ કે આવી ભાવનાઓ અજ્ઞાનતાને લઇને થાય છે તેથી તે મિથ્યાત્વ ગુણસ્થાનકનું સૂચન કરે છે.

૩૯

સમભાવીનું અંતરંગ મિથ્યા મ ન, માયા, સ્વોત્કર્ષ તથા પરાપકર્ષથી મુકાયેલું હોય છે. તેનામાં ખોટું માન મેળવવાની સ્ફુરણા સરખીયે હોતી નથી, માટે મહાપુરુષો તથા ઉચ્ચ કોટિના આત્માઓની પંક્તિમાં ગણાવા ખોટો ડોળ પણ કરતા નથી, કદાચ મોહનીયના દબાણથી પૌદ્ગલિક વસ્તુઓ ઉપર પ્રેમ ઉત્પન્ન થાય તો યે આસક્તિભાવને આધીન થતા નથી. ભેદજ્ઞાનની સહાયતાથી મોહના બળને શિથિલ બનાવી દે છે. એટલે અજ્ઞાની જનતાને મોહ જેટલો કનડે છે તેટલો તેને કનડી શકતો નથી અને સુખશાંતિથી જીવન વ્યતીત કરે છે. ભવસ્થિતિની કાંઈક કચાશને લઈને પ્રભુની આજ્ઞાઓનું બરાબર પાલન ન થવાથી કાંઇક અંશે વિરાધક ભાવવાળો રહે છે. તોયે સમકિતનું બીજ વવાઇ જવાથી દર્શનમોહનીયને નબળું બનાવેલું હોય છે તેથી તેનો આત્મા શુદ્ધ શ્રદ્ધાથી વાસિત હોય છે. એટલે અપુનર્બંધકપણે શીઘ્ર કર્મોનો ક્ષય કરીને નિર્વાણ મેળવી શકે છે. તેથી તે તિર્યંચ તથા નારકીની ગતિઓથી મૂકાયેલો હોય છે. એટલે મોટે ભાગે મનુષ્ય તથા દેવભવને મેળવે છે, કારણ કે તેના અધ્યવસાયની અત્યંત અશુદ્ધિ હોતી નથી તેથી તે માઠી ગતિ મેળવતો નથી.

વસ્તુને વસ્તુરૂપે જાણવી તથા શ્રદ્ધવી તે દર્શનમોહના ક્ષયોપશમ સિવાય બની શકે નહિ. કદાચ અપ્રત્યાખ્યાની આદિ વિરતિના બાધક આવરણોની તીવ્રતાથી વિરતિના પરિણામ ન પણ થાય તોયે શુદ્ધ શ્રદ્ધાના બળથી આત્મા પોતાને ઉન્નત બનાવી શકે છે. અને વિરતિના બાધક કર્મોને ખસેડીને પરમાત્મદર્શન કરી શકે છે; માટે આ કાળમાં તો એટલું પણ પ્રાપ્ત થઇ જાય તોયે માનવજીવન સફળ થયું કહી શકાય. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંયમ અને શ્રમણ

કોઇ પણ રાષ્ટ્રના વિકાસનો મુખ્ય આધાર એની સંસ્કૃતિ પર જ નિર્ભર છે. જે રાષ્ટ્રની સંસ્કૃતિ વિશુદ્ધ ને વિશાળ હોય છે, તે રાષ્ટ્રની નૈતિક વિશુદ્ધતાની પ્રતિભા અન્ય રાષ્ટ્ર પર પડે જ છે. અને વિશ્વના અન્ય રાષ્ટ્રો તે વિશુદ્ધ રાષ્ટ્રને સહજ રીતે જ પોતાના માટે આદર્શ કલ્પી લે છે.

પણ રાષ્ટ્રના વિકાસનો આધાર જેમ સંસ્કૃતિ છે તેમ સંસ્કૃતિની વિશુદ્ધતા ને ઉદારતાનો આધાર નૈતિક સંયમ છે. નૈતિક સંયમના સ્પન્દનથી જ સંસ્કૃતિનો દેહ અકૃત્રિમ રીતે વિકસી ઊઠે છે–વૃદ્ધિ પામતો જાય છે; પણ જ્યારે સંસ્કૃતિમાં નૈતિક સંયમનો હ્રાસ થતો જાય છે ત્યારે એ સંસ્કૃતિનું ખોખું માત્ર રહી જાય છે–આત્મવિહોણા મડદા જેવું! પછી તો એ કોવાય છે, સડે છે, દુર્ગન્ધ મારે છે ને અન્તે નાશ પામે છે.

આના પ્રત્યક્ષ દાખલાઓ માટે જરા ભૂતકાળ પર દૃષ્ટિક્ષેપની આવશ્યકતા છે. હજારો વર્ષનો ભોમિયો આપણો ઈતિહાસ આપણને હાકલ કરી, સૂચના કરે છે. રોમની સંસ્કૃતિ દુનિયાના દેશો માટે એક અનેરા આદર્શરૂપ હતી. દુનિયાની સંસ્કૃતિમાં રોમનું ગૌરવવન્તુ મસ્તિષ્ક ઉન્નત હતું. રોમનો માનવી એ દિવસોમાં પોતાના રાષ્ટ્રની ઉચ્ચ સંસ્કૃતિ માટે ગૌરવ લેતો ને પોતાની જાતને ધન્ય માનતો; પણ જ્યારથી વિલાસનું સુંવાળું વાતાવરણ શરૂ થયું ને નૈતિક સંયમનું અધઃપતન આરંભાયું ત્યારથી એ ભવ્ય સંસ્કૃતિની પણ મંદ પ્રવાહે અવનતિ આરંભાઈ. પરિણામે આજના એ જીર્ણ ખંડેરો પોતાના ભવ્ય ભૂતકાળ પર ઊભાં ઊભાં અશ્રુ સારી રહ્યા છે.

તેમજ પ્રચંડ સૈન્ય લઇ ઇ. સ. ૭૧૨ માં હિંદ પર પ્રથમ આક્રમણ મહમદ ઇબ્ન કાસમે કર્યું, તે પછી મન્દિર ને વિહારોનો વિધ્વંસ કરનાર ગિજનીના મુહમદથી માંડી મહંમદ ઘોરી સુધીના પ્રત્યેક બાદશાહોની મુરાદ એક જ હતી કે મોગલોનો વિજયધ્વજ હિંદ પર સદા ફરકતો રહે. પણ એ મૂરાદ ધૂળમાં મળી; કારણ કે વિલાસના મુક્ત વાતાવરણે નૈતિક સંયમનો નાશ કર્યો હતો.

બીજી બાજુ નૈતિક સંયમના પ્રતિક સમા હિન્દ પર અનેક આક્રમણો થયાં. અનેક માનવ શત્રુઓ હિન્દ પર ત્રાટકયા, અજ્ઞાનની કાળરાત્રિઓમાં હિન્દની સંસ્કૃતિ પર અનેક પ્રહારો થયા, એની સંસ્કૃતિને જીવતી સળગાવી મૂકવાના મ્લેચ્છ પ્રયત્નો થયા, એની ઉજ્જવળ કીર્તિ પર કલંકના ટીલાં તાણવાના અખતરા અને જ્ઞાનભંડારો ને સ્થાપત્યોને તોડી–ફોડીને વિલીન કરવાના વિવિધ પ્રયત્નો થયા; છતાં એની સંસ્કૃતિ અખંડ રહી, એનું નૂર વિકસતું ગયું, કચરો બળીને ખાક થયો અને શુદ્ધતા અધિક વિશુદ્ધ બની!

અલબત્ત, તે યુગમાં પ્રજા નિરુદ્યમી બની પણ નિર્વીર્ય તો નહીં જ. હિન્દે બધું ખોયું હતું પણ નૈતિક સંયમને પોષતી શ્રમણ સંસ્કૃતિ એણે નહોતી ખોઇ. શ્રમણ સંસ્કૃતિએ બહારના અનેકવિધ પ્રહારોમાં પણ પ્રજાના નૈતિક સંયમને જાળવવાનો પ્રયત્ન ચાલુ જ રાખ્યો હતો. અને પ્રજાને પણ પૂર્ણ વિશ્વાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો શ્રમણોના સંયમપૂર્ણ માર્ગદર્શન પર ! શ્રમણોએ સંયમદ્વારા બુદ્ધિ–વિકાસનો, સંયમદ્વારા આત્મ–વિકાસનો, સંયમદ્વારા શારીરિક દૃઢતાનો, સંયમદ્વારા નૈતિક હિમ્મતનો, સંયમદ્વારા પ્રૌઢ પ્રતિભાનો અને સંયમદ્વારા મુક્તિનો એમ ભિન્ન ભિન્ન શૈલીએ તે તે કાળના પ્રવાહને અનુરૂપ સચોટ ઉપદેશ આપી, હિન્દની પ્રજાને નૈતિક સંયમથી છૂટી પડવા ન દીધી.

બધાય દીપક બૂઝાઇ ગયા પણ સંયમનો દીપક જ્વલન્ત રીતે જલતો જ રહ્યો.. એ સંયમદીપકનો પ્રકાશ ગુલામ માનવીના અન્ધારા હૈયામાં અજવાળું પાથરતો ને કોકવાર સુષુપ્ત માનવીને જાગરૂક બનાવી, આઝાદીના પંથનું માર્ગદર્શન કરાવતો.

એ જ શ્રમણ સંસ્કૃતિના અમર–દીપકની જ્યોતમાંથી ગાંધીજીએ પણ એક દીપક પ્રગટાવ્યો. એ દીપકમાં કેટલાએ અનામી શહીદોએ તેલ રેડયું અને દીપકની પ્રવૃદ્ધમાન જ્યોતમાં ગુલામીનો અન્ધકાર નાશ પામ્યો, ગુલામ પ્રજા મુક્ત બની.

આજે ભારતમાં ચારે બાજુએ પ્રકાશ છે તે નૈતિક સંયમનો છે, એમાં આઝાદીનું મધુર સ્મિત કેવું મોહક લાગે છે !

પણ...મધુર સ્મિતની મોહકતા પર મોહિત પ્રકાશનું મૂલ્યાંકન તો કરવું જ પડશે–તે છે નૈતિક સંયમ ! અને એના પોષક સાચા શ્રમણો. શ્રમણ સંસ્કૃતિનું મહત્વ ભૂલનાર, આઝાદીનું મહત્વ કદી સમજી શકતા જ નથી.

**ચન્દ્રપ્રભસાગર**

( ચિત્રભાનુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર માટે મળેલો અભિપ્રાય.

શ્રી જૈન આત્માનંદ સભાના કાર્યવાહકો યોગ્ય,

ધર્મલાભપૂર્વક લખવાનું કે ગૂર્જર ભાષામાં અનુવાદિત શ્રી પાર્શ્વનાથ ચરિત્ર મળ્યું છે. પહેલાનાં અનુવાદ અને પ્રકાશનની દૃષ્ટિએ આ અનુવાદના પ્રકાશનમાં સભાએ અજોડ પરિશ્રમ કર્યો છે. કલાત્મક સુંદર ચિત્ર વગેરેથી આ ગ્રન્થ જેટલો બહારથી આકર્ષક છે એટલો જ ભાષાન્તરની સરળતા અને અનુવાદિતાની દૃષ્ટિએ અભ્યંતર પણ આકર્ષક છે. મને જણાવતાં આનન્દ થાય છે કે સભા જો આવાં સુંદર પ્રકાશનો પ્રકાશિત કર્યે જ જશે તો અલ્પકાળમાં સાહિત્ય-જગતમાં સર્વશ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરશે જ.

સરળ, રોચક અને કલાત્મક ચિત્રોથી સુશોભિત આ ચરિત્ર જોઇ હું અતિ પ્રસન્ન થયો છું.

આ ગ્રન્થની એક વિશિષ્ટતા તો સાહિત્ય-રસિક શ્રીયુત્ વલ્લભદાસભાઈની સમાલોચના-પૂર્ણ એકાશી પાનાની પ્રસ્તાવના છે, જે ભાષાન્તરની મહત્તામાં અભિવૃદ્ધિ કરે છે! એજ

**ચન્દ્રપ્રભસાગરના**

ધર્મલાભ.

---

## પાલણપુર સમાચાર.

યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં શ્રાવણ સુદિ ૪, તા. ૧૭ મીએ માસખમણનો ઘર અને આજે જ સંક્રાન્તિ હોવાથી ચંદ્રમોહનલાલે જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદ-સૂરીશ્વરજી મ. રચિત શ્રી પદ્મપ્રભુ સ્વામિનું સ્તવન અને શ્રી નટવરલાલે ગુરુસ્તુતિનું સંસ્કૃત વલ્લભ અષ્ટક સંભળાવ્યું હતું.

પતીઆલાનિવાસી વિદ્યાર્થી ૐપ્રકાશે (જૈન બ્રાહ્મણ) પૂ. પા. આ. ભગવાનજીએ વિદ્યા સંબંધી સંસ્થાપન કરાવેલી સંસ્થાઓ અને ઉપકારોનું દિગ્દર્શન સુંદર રીતે ગુરુસ્તુતિ સાથે જણાવ્યું હતું.

પતીયાલા પંજાબથી આચાર્યશ્રીજીના દર્શનાર્થે પધારેલા પ્રોફેસર પુરુષોત્તમચંદ્રજી જૈન બ્રાહ્મણ-એમ. એ. મધુર સ્વરે વર્તમાન જૈન સમાજની ઉન્નતિ અવનતિના કારણોની બાબતમાં ભાષણ આપ્યું હતું કે-અમારી વર્તમાન જૈન સમાજની અવસ્થા જોતાં આજે અમારી સંખ્યા લોટમાં મીઠા જેટલી પણ નથી અને એમાં પણ ફુટ ઘણી, એનું કારણ મને તો એક જ લાગે છે કે જૈનશાસ્ત્રો અને જૈનતત્ત્વ સમજવાની બુદ્ધિ નથી.

અમો વિશ્વ તરફ દૃષ્ટિ નથી નાંખતા કે:—

ઇસાઇઓની સંખ્યા ૯૬ કરોડની, બૌદ્ધોની ૮૦ કરોડની, અને મુસલમાનોની ૬૦ કરોડની વસ્તી છે. અરે જેને ૫૦-૬૦ વર્ષ થયા એવી આર્યસમાજની પણ આજે ૫૦ લાખની વસ્તી થઇ ગઇ છે. જ્યારે જે ધર્મ અનાદિ કાળથી ચાલ્યો આવે છે તે જૈનધર્મની આજ તેર લાખની સંખ્યા થઇ ગઇ છે, તે દુ:ખનો વિષય છે. આચાર્યશ્રીજીએ આ માટે ઘણા પ્રયત્નો કર્યાં છે. જૈન ધર્મ વીરો અને બહાદુરોનો ધર્મ છે વગેરે ઉપર જણાવ્યું હતું. પછી આચાર્યશ્રીજીએ માંગલિક સ્તોત્રો સંભળાવી ભાદરવાની સંક્રાન્તિનું નામ સંભળાવ્યું. પંજાબનું ભાદ્રમાસ બેઠું તેમાં આવતા કલ્યાણકોના નામ સંભળાવી, માસઘરનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહત્ત્વ સમજાવી નજીકમાં શ્રી પર્યુષણા મહાપર્વ આવતા હોવાથી એમાં તપ, જપ આદિ ધાર્મિક કાર્યો વિશેષ કરવા ઉપદેશ આપ્યો.

## સભાએ ખરીદેલ નવું મકાન અને તેના નામાભિધાનની કરવામાં આવેલી વિધિ.

શ્રી આત્માનંદ પુણ્ય ભવનનું નામાભિધાનની ક્રિયા થઇ રહ્યા પછી આ સભાના મુખ્ય સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે પોતાનું સંક્ષિપ્ત વ્યક્ત કરતાં જણાવ્યું કે-દરેક સંસ્થા ઘણા ભાગે જૈન સમાજ પાસેથી જરૂરીયાત પ્રમાણે (આવશ્યકતા પ્રમાણે) સાંપડેલા નાણાવડે પોતાની સંસ્થાનો વહીવટ ચલાવતા હોય છે. નિયમ, ધોરણ અને પ્રમાણિકપણે વહીવટ કરનારી સંસ્થાને નાણા મળી રહે છે, અને તે જ રીતે આ સંસ્થા પાસે જે જે ખાતામાં ભંડોળ એકઠું થયેલ છે, તેની સીક્યુરિટી જવાબદારીપૂર્વકની ભાવિ રક્ષણ માટે યોજના કરવાનો પોતાનો ધર્મ સમજે છે, એ રીતે આ મકાન તેવી સ્થિતિ ભવિષ્યમાં સભાની આર્થિક સ્થિતિ સદ્ધર રહે, વહીવટ ઉદ્દેશ પ્રમાણે ચાલે અને સીક્યુરીટી બરોબર કાયમ માટે સચવાય તે ઉદ્દેશથી જ આ મકાન ખરીદ કરવામાં આવેલું છે. હવે આજે તે મકાનનું નામાભિધાન કરવા માટે આપ સર્વને આમંત્ર્યા છે, અને દાનવીર પુણ્ય પ્રભાવક શેઠ શ્રી **ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળા**ના મુબારક હસ્તે નામાભિધાન ક્રિયા હમણાં થઇ અને તેનું ઉપરોક્ત નામ આપવામાં આવ્યું તે આપે જોયું છે તેથી આપ સર્વ સભ્યો હોવાથી આપને આનંદ થાય તે સ્વાભાવિક છે, પરંતુ આ સભાના કાર્યવાહકો તેથી પોતાની જવાબદારીથી આજે મુક્ત થાય છે તે માટે અમો કાર્યવાહકોને પરમ આનંદ થાય છે, વગેરે હકીકત જણાવ્યા બાદ ટીપાર્ટી આપવામાં આવી હતી અને શેઠ સાહેબ ભોગીલાલભાઇને ફુલહાર અર્પણ થતાં મેળાવડો વિસર્જન થવા હતો.

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી બંધાતા શ્રી જ્ઞાનમંદિરનું દાનવીર શેઠ ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળાનાં મુબારકહસ્તે કરવામાં આવેલું ખાતમુહૂર્ત.

શ્રાવણ વદી ૧ સોમવાર તા. ૨૮-૮-૧૯૫૦ નાં રોજ આ સભા તરફથી તેમનાં મૂલભૂત ઉદ્દેશ પ્રમાણે એક સુંદર જ્ઞાનમંદિર કરવા સભાના મકાનની કરોકર લીધેલા મકાનને નવેસરથી જ્ઞાનભંડારનું સંપૂર્ણ સર્વ રીતે રક્ષણ થઇ શકે તે માટે સુંદર ચણાવવાની શરૂઆત કરતાં ઉપરોક્ત દિવસે તેનું (મંગળ મુહૂર્ત) ખાન્તમુહૂર્ત કરવામાં આવ્યું હતું.


તે વખતે તમામ સભાસદોને આમંત્રણ કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે ઘણા સભાસદો હાજર હતા. ખાન્તમુહૂર્ત થઇ રહ્યા પછી શેઠ સાહેબ **ભોગીલાલભાઇ**ની અધ્યક્ષતામાં મેળાવડો યોજવામાં આવ્યો હતો. શરૂઆત થતાં શ્રી જૈન આત્માનંદ સભાનાં મુખ્ય સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે પોતાનું વક્તવ્ય જણાવતાં કહ્યું કે—સભાનાં મૂળ ઉદ્દેશમાં એક જ્ઞાનમંદિર કરવું તેમ હતું પરંતુ તેને માટે સ્થાન, અનુષ્ઠાન અને તેમાં પધરાવવામા અમૂલ્ય પ્રાચીન હસ્તલિખિત પ્રતો વિવિધ આગમો વગેરે સાહિત્ય ગ્રંથરત્નો જોઇએ. ગુરુકૃપાથી સ્થાન પ્રાપ્ત થયા પહેલાં તો પરમ ઉપકારી પ્રવર્તકજી **શ્રી કાન્તિવિજયજી** મહારાજના પ્રશિષ્ય મુનિરાજ શ્રી **ભક્તિવિજયજી** મહારાજે પોતાની અંતિમ સ્થિતિ વખતે (તેઓ ભાવનગરમાં બિરાજમાન હતા, અને સ્વર્ગવાસ પણ ત્યાં થયો હતો) સભાની મુખ્ય જવાબદાર વ્યક્તિને બોલાવી સુમારે ચૌદશેં હસ્તલિખિત આગમ વગેરે વિવિધ સાહિત્યની પ્રતોનો અમૂલ્ય વારસો સભાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી ખુલ્લું મુકાએલ

**આત્માનંદ પુણ્ય ભવન.**




ઉપરોકત મકાનની નામાભિધાનની શેઠ ભોગીલાલભાઈ મગનલાલ મીલવાળાના મુબારક હસ્તે કરવામાં આવેલી વિધિ.

સં. ૨૦૦૬ શ્રાવણ શુદ ૬ શનિવાર તા. ૧૯-૮-૧૯૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ ભોગીલાલભાઈ મગનલાલ મીલવાળાના હસ્તે શ્રી જ્ઞાનમંદિરના મકાનની ખાતમુહૂર્ત્તની થઈ રહેલ માંગલિક ક્રિયા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાયમ માટે સુપ્રત કર્યો. સંરક્ષણ ને ઉપયોગ કરવાની આજ્ઞા કરી. તે પછી થોડા વખત બાદ આજ સમુદાયના મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મહારાજે પોતાના છેલ્લી માંદગીના પ્રસંગે પોતે શ્રી શીહોર ગામે બિરાજમાન હતા ત્યાં પણ સેક્રેટરીને બોલાવી પોતાની પાસેનો તેવો જ અમૂલ્ય વારસો લિખિત પ્રતો સુમારે સાડાત્રણશેંહ સભાને સુપ્રત કરી અને સભા પાસે સુમારે બશેંહ પ્રત હતી. હવે સુમારે બે હજાર પ્રતની જવાબદારી, સંરક્ષણ, ઉપયોગ વગેરે ફરજ સભાએ અદા કરવી જ જોઈએ. તે માટે અલગ મકાન જોઈએ. ગુરુકૃપાથી તે પણ સાંપડયું. હવે તેને યોગ્ય સંરક્ષણ મકાન તૈયાર કરી પધરાવવું જોઇએ. તે માટે સભાને નિરંતર ફીકર થતી હતી. ગુરુકૃપાએ તે માંગલિક સમય આવી જતાં તેનું અપૂર્વ મુહૂર્ત પણ આજે પ્રાપ્ત થયું. જિનમંદિર, જ્ઞાનમંદિર બંને આ કાળમાં આલંબનરૂપ હોવાથી કોઇ પુણ્યશાળી પુરુષને હાથે જ ખાન્તમુહૂર્ત્ત થવું જોઇએ. જેથી દાનવીર જૈન નરરત્ન શેઠ **ભોગીલાલ**ભાઇ મગનલાલ મીલવાળા સાહેબને વિનંતિ કરતાં આનંદપૂર્વક સ્વીકાર કરતાં, આપ સર્વની સમક્ષ આનંદપૂર્વક ખાતમુહૂર્ત્તની અનુપમ ક્રિયા અત્યારે થયેલ છે.

હવે એક હર્ષની વાત આપની પાસે મૂકું છું. બે વર્ષ પૂર્વે જ્યારે શેઠ સાહેબ ભોગીલાલભાઈના લેકચર હોલનું દાનવીર શેઠ સાહેબ **મોહનલાલ**ભાઈ તારાચંદ J. P. ના મુબારક હસ્તે નામાભિધાન કરવામાં આવ્યું તે વખતે આ કરવામાં આવતાં શ્રી જ્ઞાનમંદિરનું સુંદર મકાન બનાવવામાં સહાય માટે રૂા. પાંચ હજાર આપવાની ઉદારતા જણાવી હતી. અને તે જ્ઞાનમંદિરના એક હોલને શ્રી મોહનલાલભાઇ સાહિત્ય હોલ અને તેઓશ્રીના ઓઇલપેઈન્ટીંગ ફોટા સાથે મકાન તૈયાર થયે નામાભિધાન ઉપરોક્ત રીતે કરવાનો પણ પછીની મીટીંગમાં નિર્ણય થયો હતો. જે હકીકત તે વખતે "આત્માનંદ પ્રકાશ" માસિકમાં છપાયેલ તે અનુસાર આ ખાતમુહૂર્ત્ત તેમને હાથે કરાવવા માટે ( આમંત્રણ ) વિનંતિપત્ર મોકલ્યો હતો. તેઓ સાહેબને ફુરસદ ન હોવાથી તેઓશ્રીના પરમ મિત્ર શેઠ ભોગીલાલભાઇનાં હાથે કરાવવાનું તેઓશ્રીથી સૂચન થતાં અને ઉદ્દ્ઘાટન વખતે જરૂર હાજરી આપવાનો પત્ર મળ્યો. ઉપરોક્ત પ્રમાણે ખાન્તમુહૂર્ત્ત આપની સમક્ષ થયેલું છે તે રીતે સહકાર માટે એટલે શ્રીયુત્ ભોગીલાલભાઇને માટે પણ આભાર માન્યા સિવાય સભા રહી શકતી નથી. આ એક ખુશી થવા જેવી હકીકત છે. હંમેશાં શુભ મુહૂર્ત્ત જેમ કોઇ ઉત્તમ કાર્ય કરવા માટે ઉચ્ચ નિમિત્ત લેવા શાસ્ત્રો જણાવે છે, તેમ આત્મકલ્યાણ માટે જૈન મંદિરોનું ખાન્ત, પ્રતિષ્ઠા કે ઉદ્દ્ઘાટન પણ દાનવીર, પરમ શ્રદ્ધાળુ જૈનના હાથે થવામાં ભાવિની પ્રગતિ–ગૌરવ અવશ્ય સમાયેલું તેમ જ્ઞાનમંદિર માટે પણ છે અને આવા ઉમત્ત કાર્ય માટે તેથી તેનું ઉત્તમ ભાવિ પણ તરતજ દેખાય છે, તેમ આજે એક તાર સભાને અમારા માનનીય સભ્ય શ્રી અનોપચંદ ઝવેરભાઇનો મુંબઈથી મળે છે. તેઓ લખે છે કે શ્રી જૈન કથારત્નકોષ સમ્યકૂત્વનો અનુપમ કથાઓ યુકત સુંદર ગ્રંથ જે મૂલ ગ્રંથમાં સભાને પ્રગટ કરવા રૂા. બે હજાર શેઠ **નટવરલાલ**ભાઇ છોટાલાલ વગેરે બંધુઓ પાટણવાળા તરફથી મળ્યા હતા. તેમ અત્યારે તે ગ્રંથના છપાતા અનુવાદ ગ્રંથમાં રૂા. ૩૫૦૦) સાડા ત્રણ હજાર રૂપીયા આર્થિક મદદના સભાને આપવા માંગે છે તેવો ઉદારતા માટે સભા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને અત્યારે તાર મળ્યો છે. વિજય મુહૂર્ત્તનો એ પ્રભાવ સમજવો. જે માટે શ્રી નટવરલાલભાઈ વગેરે બંધુઓનો આભાર માનવા સાથે શ્રીયુત અનૂપચંદભાઈને ધન્યવાદ સભા આપે છે. હવે આપનો વધારે વખત નહિં લેતાં બેસી જવાની રજા લઉં છું. છેવટે પ્રમુખ શ્રી શેઠ ગુલાબચંદભાઇ આણંદજીએ શેઠ સાહેબ ભોગીલાલભાઇ તથા પધારેલા સર્વ સભાસદોનો આભાર માન્યા બાદ સભાનાં માનનીય ટ્રેઝરર શેઠ શ્રી અમૃતલાલભાઇ છગનલાલે શેઠ ભોગીલાલભાઇને હાર અર્પણ કર્યા બાદ ટીપાર્ટી આપ્યા બાદ મેલાવડો વિસર્જન થયો હતો.

# સ્વીકાર–સમાલોચના.

## ભક્તિ–ભાવના.

### ( નૂતન સ્તવન સંગ્રહ. )

રચયિતા–મુનિરાજ શ્રી જમ્બૂવિજયજી મહારાજ

( ચાતુર્માસ આકોલા )

આ બુકમાં ૩૯ જુદા જુદા જિનેશ્વર ભગવંતોના સ્તવનો, બે ગીતો અને પદ્માવતી આરાધના ૪૨ પદ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પદ્યો, કાવ્યો કે સ્તવનો વગેરે કૃતિ એવી હોવી જોઇએ કે જેમાં ભકિતરસ બોલનારને ઉત્પન્ન થવો જોઇએ. પદ્યોની રચના, અલંકારો, જડઝમક, અનુપ્રાસ અને શબ્દરચના અનુપમ હોય ત્યારે ભક્તિરસ જામે છે. આ લઘુ પુસ્તિકામાં આવેલા સ્તવનો ઉપરોક્ત રીતે રચાયેલા છે. પિંગલ વ્યાકરણ વિના સુંદર સ્તવનો, કવિતા બનતી નથી. ભાષાનો અભ્યાસી વગેરે આ સ્તવનાવલીના રચયિતા મહાત્મા શ્રી જમ્બૂવિજયજી મહારાજ તેવા જ અભ્યાસી, સાક્ષર, સાહિત્યકાર ઇતિહાસવેત્તા અને ન્યાયના નિષ્ણાત હોવાથી જ આ કૃતિ લઘુ છતાં સુંદર બની છે.

## "સંસારનું સ્વરૂપ અને તેની નિવૃત્તિ"

"શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કહ્યો છે. પણ જીવ દિશામૂઢ રહેવા ઇચ્છે, ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહી. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે–એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે. નહી તો અનંત ઉપાયે પણ નથી. અને તે સમજવું પણ કંઇ વિકટ નથીઃ કેમકે જીવનું સહજ જે સ્વરૂપ છે તે જ માત્ર સમજવું છે, અને તે કંઇ બીજાના સ્વરૂપની વાત નથી, કે વખતે તે ગોપવે કે ન જણાવે તેથી સમજવી ન બને. પોતાથી પોતે ગુપ્ત રહેવાનું શી રીતે બનવા યોગ્ય છે? પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાન દશારૂપ સ્વપ્નરૂપ યોગે આ જીવ પોતાને, પોતાનાં નહી એવાં બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે. અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિ ગતિનો હેતુ તે જ છે; તે જ જન્મ છે, મરણ છે; અને તે જ દેહ છે. દેહના વિકાર છે; તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે, અને તેની નિવૃત્તિ થઇ ત્યાં સહજ મોક્ષ છે. અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે, અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, જ્ઞાન આદિ કરી છુટે એમાં કંઇ સંશય નથી."

**કમલાબહેન રતનચંદ સૂતરીઆ(M. A.)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૬. ભાદરવો પુસ્તક ૪૮ મું.

વિક્રમ સં. ૨૦૦૬. :: તા. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૫૦ :: અંક ૨ જો.

## શ્રી શીતલનાથ જિન સ્તવન.

( રાગઃ—દીલદારા હાદીર દારા મેરી લાડલી. )

દિલદારા પ્યારા મારા–જિન મેરે પ્રાણુ હી હુએ હે નયનોંકા તું તારા.
જિન શીતલ પર મનવા ડોલે, ડોલે ભવિજન પ્યારા;
દેવલોકમેં સુરવર ડોલે ( જિનજી પ્યારા. ૪. ) ઠુમક ઠુમક નૃત્યકારા.
જિન મેરે. ૧

ગુણીજન ગાયે, મુનિજન ગાયે, ગાયે ગણધર સારા;
વીણાતાલ તંબુરે ગાવે, ( જિનજી પ્યારા. ૪. ) ગાવે જિનવર પ્યારા.
જિન મેરે. ૨

બચ્ચે નાચે બુઢ્ઢે નાચે, નાચે દુનિયા સારી;
આત્મકમલમેં લબ્ધિ નાચે, ( જિનજી પ્યારા. ૪. ) સુરત દેખ તુમ્હારી.
જિન મેરે. ૩

આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ.

લેખક—આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

( પૃ૪ ૧૩ થી ચાલુ )

( ૪૦ )

આત્મા તો અનંતજ્ઞાની છે, શુદ્ધ છે છતાં અનાદિ કાળથી મોહની સોબતથી અજ્ઞાની અને અશુદ્ધ કહેવાય છે, તે તાત્ત્વિક નથી. આત્મા બધુંય જાણે છે છતાં જગતને જોઈને મુંઝાય છે. આશ્ચર્ય મનાવે છે તે જ કર્મની પરાધીનતા સૂચવે છે. કર્મને આધીન થઇ રહેનાર આત્મા સાચું અને સારું કરી શકે નહિ. કારણુકે કર્મની પ્રેરણાથી જણાય, કરાય તે વૈભાવિક છે; સ્વાભાવિક નથી. સ્વાભાવિક દશામાં પરતંત્રતા હોતી નથી, કારણ કે તે ઔપશમિક અથવા તો ક્ષાયિકભાવ હોય છે. ઔપશમિક તથા ક્ષાયિક ભાવ અથવા તો ક્ષાયોપશમિક ભાવ સિવાય સાચું જાણી શકે નહિ, સાચું શ્રદ્ધી શકે નહિ અને સાચું કરી શકે પણ નહિ. ફક્ત સાચું કહી શકે છે, પરંતુ સાચું કહેવા માત્રથી સાચું સ્વરૂપ મેળવાય નહિ. અને સાચા સુખી થઇ શકાય નહિ. તેમજ સાચી સંપત્તિ અને આનંદના ભોગી બની શકાય નહિ. અજ્ઞાની જીવોએ માની રાખેલા સુખ શાંતિ અને આનંદની સાથે સરખાવીને પોતાને સુખી માનનારા અથવા શાંતિ તથા આનંદમાં મગ્ન રહેનાર જ્ઞાનીઓની દૃષ્ટિમાં બાળજીવ તરિકે જ હોઇ શકે છે. અજ્ઞાની સંસારવાસી જીવોની પાસેથી સુખ મેળવવાની આશા રાખનાર અથવા તો તેમની સહાયતાથી સુખની પ્રાપ્તિ થાય છે એવી શ્રદ્ધા રાખનાર જ્ઞાનીઓના વચન વિચારવાનો અધિકારી નથી કારણ કે તે જ્ઞાનીઓના વચનનો અનાદર કરે છે, દુરુપયોગ કરે છે. જ્ઞાનીઓનાં વચન અમૂલ્ય હોય છે. તેને પૌદ્ગલિક સુખના સાધન મેળવવા અજ્ઞાની જનતાને વ્હેંચી નાખે છે અર્થાત્ પૌદ્ગલિક વૈષયિક સુખનાં સાધન મેળવવા પ્રભુનાં વચનોને વાપરે છે. તે અનંત જ્ઞાનીઓનું અપમાન કરે છે, કારણ કે જ્ઞાનીઓનાં વચન પૌદ્ગલિક વાસનાની વ્યાધિ મટાડીને ભાવ આરોગ્યતારૂપ આત્મવિકાસ સાધીને શાશ્વત આત્મિક સુખ-શાંતિ તથા આનંદ પ્રાપ્ત કરાવનારાં હોય છે; માટે જ વચનોનો પૌદ્ગલિક સુખ મેળવવા દુરુપયોગ કરવો ન જોઇએ.

( ૪૧ )

અનુભવ જ્ઞાન સિવાય માત્ર લખેલું વાંચી જવાથી તો મિથ્યાભિમાન પોષાય છે પણ સુખશાંતિ-સમભાવ મળી શકતાં નથી. જ્યાં સુધી કર્મ વિવર આપે નહિ ત્યાં સુધી અનુભવજ્ઞાન થવું મુશ્કેલ છે. અનુભવજ્ઞાનશૂન્ય અણુજાણ જ કહી શકાય. તદ્દન અણુજાણ માણુસ ગમે તેટલું વાંચી જાણે છતાં તેને પ્રભુનો માર્ગ જડી શકતો નથી. અને તેથી સારંભી તથા સકષાયી પ્રવૃત્તિઓને ધર્મ માને છે-મનાવે છે. ધર્મ શોધવાથી જડતો નથી. અપ્રમત્ત દશા તે જ ધર્મ છે. જ્યાં ચોવીશે કલાક પ્રમાદનો આદર થતો હોય ત્યાં ધર્મની સંભાવના પણ થઇ શકે નહિ. ચોવીશે કલાક સારંભી ગ્રહસ્થની સોબતમાં રહેનાર સંયમી બની શકે નહિ. ધર્મ હોય ત્યાં છકાયનો આરંભ હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. નિર્દયતાથી છકાયનો આરંભ કરી-કરાવી-અનુમોદીને ધર્મ માનનારને પ્રભુ સંમત હોય જ નહિ.

( ૪૨ )

વીતરાગ દશાનું વર્ણન વીતરાગ સ્વયં પણ કરી શકે નહિ, કારણ કે તે આત્મસ્વરૂપ હોવાથી અનુભવગમ્ય છે. મમતા હોય ત્યાં સુધી અનાસક્તિઓ પ્રગટે નહિ, તેથી મહાપુરુષો સંસારી માતા, પિતા આદિ સગાસંબંધીઓનો ત્યાગ કરીને એકત્વ દશાનો અભ્યાસ કરે છે એટલે તેમની મનોવૃત્તિમાંથી મમતા ભૂંસાઇ જાય છે. પછી દેહ તથા આત્માના ભેદજ્ઞાનનો અભ્યાસ કરે છે જેથી છેવટે આત્મદર્શનના અધિકારી બને છે. અને પછી તે સ્વસ્વરૂપમાં સમાઈ જાય છે. અનાદિ કાળથી આરંભ તથા પરિગ્રહના પાસવાળો આત્મા શુદ્ધ થઇ શકતો નથી. ભલે પછી તે બાહ્ય દષ્ટિથી આરંભ તથા પરિગ્રહના ત્યાગીની પ્રતિજ્ઞા કેમ ન બોલી જણાવે? તેથી કાંઈ આત્મા આરંભ તથા પરિગ્રહની વાસનાથી છૂટી શકતો નથી. ધર્મના નામે પણ તે આરંભ તથા પરિગ્રહનો અત્યંત આદર કરે છે. આરંભ-પરિગ્રહના વૃત્તિત્યાગ સિવાય અને મમતાના ભૂસાયા સિવાય સંયમ જેવી કોઇ વસ્તુ નથી, કારણ કે સંયમ એટલે સર્વ પ્રકારે જડાસક્તિથી વિરામ પામવારૂપ આત્મસ્વરૂપને કહેવામાં આવે છે. સંયમ મળવું એટલે અપ્રમત્તભાવે આત્મસ્વરૂપમાં રહેવું. તે પણ માત્ર તપ જપ કરવું, બે વખત કપડાં સંભાળવાં, બે વખત સમજ્યા સિવાય સાચા ખોટાં પ્રતિક્રમણનાં સૂત્રો બોલી જવાં ઇત્યાદિ ગૃહસ્થથી વિલક્ષણ કપડાં પહેરીને વર્તવાનું નામ સંયમ નથી. તેમજ પૈસાવાળા ગૃહસ્થોને પોતાના ઉપર રાગ ઉત્પન્ન કરવા તેમને ગમે તેવું બોલવું, વખાણ કરવાં કે ચોવીશે કલાક તેમના સંસર્ગમાં રહેવું અને તેમને ઘણો સ્નેહ તથા હેત દેખાડવું તે સંયમ નથી, અથવા તો ધર્મના નામે અનેક પ્રકારનાં આરંભ-સમારંભ કરાવી પરિગ્રહનો સંચય કરી ગૃહસ્થનાં વખાણ કરવાનું નામ સંયમ નથી. સંયમી પુરુષો તો સંસારથી પર હોય છે, આરંભ-પરિગ્રહથી મૂકાયેલા હોય છે, મમતાની વાસનાથી રહિત હોય છે. નિરંતર આત્મસંસર્ગમાં રહેવું તે અપ્રમત્ત દશાનો અત્યંત આદર કરનાર હોય છે. બાકી તો ક્ષુદ્ર તૃષ્ણા પોષવાના એક પ્રકારના ધંધાને ધર્મ માનવા-મનાવવાથી સંયમી બની શકાતું નથી. તેમજ આરંભ-પરિગ્રહ તથા મમતાથી છૂટી શકાતું નથી. એટલે વીતરાગના માર્ગથી વિમુખ રહેવાથી વીતરાગદશા પ્રગટ થઇ શકતી નથી, તો પછી વીતરાગની, આત્મા-પરમાત્માની માત્ર વાતો કરવાથી કોઇ પણ તાત્વિક કાર્યની સિદ્ધિ થઇ શકતી નથી.

( ૪૩ )

દવાથી આયુષ્ય વધી શકતું નથી પણ અશાતાનાં દળીયાં દબાયલાં રહે તો કાંઇક વાંચવા વિચારવામાં અનુકૂળતા રહી શકે. બાકી તો સત્તામાં રહેલ ભાવ ઔષધિથી ક્ષય ન થાય ત્યાં સુધી દવા કાંઇ પણ કરી શકે નહિ. ફક્ત વેદનીય કર્મ જ એવું છે કે જેના માટે દ્રવ્ય ઔષધિનો પ્રયોગ કરતા આવ્યા છે અને કરે છે. બાકી બીજા જ્ઞાનાવરણાદિ સાતે કર્મના માટે દ્રવ્ય ઔષધિનો ઉપચાર થતો નથી, પણ ભાવ ઔષધિ વાપરીને ભાવરોગથી મૂકાતા આવ્યા છે અને મૂકાય છે. દ્રવ્ય રોગની સંજ્ઞા પણ ફક્ત અશાતા વેદનીયને આશ્રયીને છે. બાકી બીજા બધા યે કર્મો તો ભાવ રોગથી ઓળખાય છે. ક્ષુધા પણ દ્રવ્યરોગ હોવાથી તેના માટે અન્નાદિ દ્રવ્ય ઔષધિ વપરાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુસ્થિતિ આ પ્રમાણે–દ્રવ્ય ઔષધિ દ્રવ્ય વ્યાધિને જ મટાડે છે પણ કષાય–વિષયાદિ ભાવ રોગને મટાડી શકતી નથી. સુદર્શન ચૂર્ણ તાવને મટાડે પણ ક્રોધાદિને મટાડે નહિ. અભ્રખ ભસ્મ શરીરની નબળાઇને મટાડે પણ સમભાવની નબળાઇને મટાડે નહિ. તાત્પર્ય કે–ક્ષમા, નમ્રતા, સરળતા, ત્યાગ આદિ ભાવઔષધિથી દ્રવ્યરોગ તથા ભાવરોગ બન્ને મટી જાય છે અને દ્રવ્યઔષધિથી માત્ર દ્રવ્યરોગ જ મટે છે. તે પણ મૂળથી જતો નથી અર્થાત ઉદયમાં આવેલી અશાતાના દળીયાં ખસેડવામાં નિમિત્તભૂત બને છે, પણ સત્તામાં રહેલી અશાતાને કાંઇ પણ કરી શકતા નથી. સત્તામાં રહેલી અશાતાને તો સમ્યગ્ જ્ઞાનપૂર્વકના સમભાવગર્ભિત તપ જપરૂપ ભાવ ઔષધ જ નષ્ટ કરી શકે છે, માટે ભાવ ઔષધ, સમભાવ, શાંતિ, ક્ષમા, પ્રભુના વચનની શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાનાદિ નિરંતર વાપરવાની આવશ્યકતા છે અને પ્રભુના સાચા માર્ગને અવલંબવાની જરૂરત છે, જેથી ભાવરોગ નષ્ટ થઇને આત્મા હમેશાંને માટે નિરોગી બની જશે.

( ૪૪ )

આ જીવનમાં જેટલા પુદ્ગલ સ્પર્શવાના નિર્માણ થયેલા છે તેને સ્પર્શ્યા સિવાય છૂટકો નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવથી જેટલી સ્પર્શના છે તેટલી આ જીવનની પૂરી કરવી જ પડશે. જે કાળે જે ક્ષેત્રની, દ્રવ્યની અને ભાવની સ્પર્શના જ્ઞાનીઓના જ્ઞાનમાં પ્રત્યક્ષ છે તેટલી પૂરી થયા પછી નવો દેહ ધારણ કરવાનો સમય આવશે. આ દેહમાં વેદનીય, મોહનીય આદિ કર્મોનો ઉદય ભોગવવા માટે જેટલો નિર્માણ થયેલો છે તેટલો પૂરો નહિ થાય ત્યાં સુધી આયુષ્ય કર્મનો પણ ક્ષય થશે નહિ. ગમે તેવી આપત્તિ, વિપત્તિ, રોગ, શોગ, દરિદ્રતા આદિ માણસ કેમ ન ભોગવતો હોય, મરણાન્ત કષ્ટના આધીન કેમ ન હોય તો યે તે આ દેહથી અવશ્ય ભોક્તવ્ય છે–તે પછી શુભ હોય કે અશુભ હોય, પુન્ય સ્વરૂપ હોય કે પાપ સ્વરૂપ હોય, વિકાસ તથા વિલાસનું સાધક હોય કે બાધક હોય ભોગવ્યા સિવાય કોઈ પણ પ્રાણી દેહથી છૂટો થઇ શકતો નથી. જ્યાં સુધી બધું યે ભોક્તવ્ય પૂરું નહિ થાય ત્યાં સુધી તેનું આયુષ્ય સંપૂર્ણ થઈ શકતું નથી. તેમાં પણ મોહનીયના તીવ્ર ઉદયથી તો બુદ્ધિશાળી ડાહ્યો માણસ પણ મુંઝાઇ જાય છે અને પોતાની શક્તિને કામમાં લાવી શકતો નથી, માટે અલ્પજ્ઞ જીવોએ તો બનતાં સુધી પ્રભુના માર્ગનું અવલંબન લઇને પોતાનું ડહાપણ વાપરવું અને પ્રભુના પગલે ચાલ્યા કરવું તેમાં જ શ્રેય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કમ્મપયડિ અને (બંધ)સયગ:

## અનાગમિક સાહિત્યનાં બે અમૂલ્ય રત્નો.

લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.

જૈન સાહિત્યનો અનેક રીતે વિચાર થઈ શકે છે. એનો ઇતિહાસ પણ સંપ્રદાય, ભાષા અને વિષય એમ ત્રિવિધ દૃષ્ટિબિન્દુ અનુસાર આલેખી શકાય છે. મેં આ સાહિત્યના ઇતિહાસને બે વિભાગોમાં વિભક્ત કર્યો છે અને એથી આ સાહિત્યના આગમિક અને અનાગમિક એવા બે વર્ગ પાડ્યા છે. આગમિક સાહિત્યમાં આગમોનો અને એના ઉપરના વિવિધ ભાષામાં રચાયેલા વિવરણોનો સમાવેશ થાય છે. આ આગમિક સાહિત્ય ચૌદ-પંદર લાખ શ્લોક જેટલું હોવાનું અને એની એક શુદ્ધ નકલ ઉતરાવવાનો ખર્ચ સાડી બાવીસ હજાર રૂપિયા થાય એમ વિ. સં. ૧૯૬૫ માં જૈન ગ્રન્થાવલી( પૃ. ૭૩ )માં સૂચવાયું હતું.

**જૈન ગ્રન્થાવલી**ની પ્રસ્તાવના( પૃ. ૯ )માં ઉલ્લેખ છે કે "ફક્ત સંસ્કૃત તથા [1]માગધીમાં રચાએલું જૈન સાહિત્ય અમારી અટકળ મુજબ લગભગ સાઠ લાખ શ્લોક જેટલું થાય છે. જો કે અત્યારે વિદ્યમાન છે, તે પણ સઘળું આ લીસ્ટમાં દાખલ થઈ શક્યું નથી."

આ ઉપરથી અનાગમિક સાહિત્ય આગમિક સાહિત્ય કરતાં ઘણા મોટા પ્રમાણમાં છે એ વાત તરી આવે છે. વળી એમાં ગુજરાતી, કાનડી, તામિલ ઇત્યાદિ ભાષામાં રચાયેલા સાહિત્યને પણ સ્થાન છે અને [2]આજે પણ અનાગમિક સાહિત્ય બહોળા પ્રમાણમાં રચાય છે.

**જૈન ગ્રન્થાવલી**ની પ્રસ્તાવના( પૃ. ૪ )માં કહ્યું છે કે "હાલમાં જે સાહિત્ય મળ્યું છે અને મળે છે તેમાં આગમ સિવાયના બીજા ઘણા ગ્રંથો સંવત્ આઠસેં પછીની સાલમાં લખાએલા મળે છે. આ પ્રસ્તાવના( પૃ. ૫ )માં નીચે મુજબ ઉલ્લેખ છે:—

"દેવર્ધિગણી મહારાજ પછીથી છેક ધનેશ્વરસૂરિ શત્રુંજયમહાત્મ્યના કર્તા થયા છે. તેમની વચ્ચેના ૪૦૦ વર્ષોમાં તે સમયના કર્તાનો કરેલો એક પણ ગ્રંથ મળી આવ્યો નથી." આ વિધાનો કેટલે અંશે સાચાં છે એ વાત બાજુએ રાખીએ તો પણ અનાગમિક સાહિત્યના પ્રણયનકાળ ઉપર આ કંઈક પ્રકાશ પાડે છે એમ તો માનવું જ પડશે.

અનાગમિક સાહિત્યના વિષયદીઠ વિભાગો **જૈન ગ્રન્થાવલી**માં પડાયા છે. તેમાં પ્રથમ 'ન્યાય'નો ઉલ્લેખ કરી "ફિલોસોફિ"નો નિર્દેશ છે. આ "ફિલોસોફિ"માં સૌથી પ્રથમ હરિભદ્રસૂરિ અને યશોવિજયગણિના ગ્રંથો ગણાવી અધ્યાત્મના ગ્રંથોની સૂચી અપાઇ છે અને ત્યાર બાદ "પ્રક્રિયા ગ્રંથો"-પૂર્વક 'વર્ગ ૧'માં કર્મગ્રંથોની નોંધ લેવાઇ છે; આમાં **કમ્મપયડિ** અને **સયગ** વિષે ઉલ્લેખ છે. આમ આ બે ગ્રંથો એ અનાગમિક સાહિત્યના તત્ત્વજ્ઞાનરૂપ વિભાગના એક મુખ્ય અંગનાં અવયવ છે.

જૈન દર્શનમાં કર્મના સર્વાંગીણ સ્વરૂપનું નિરૂપણ મહત્ત્વનો ભાગ ભજવે છે એટલે દાર્શનિક સાહિત્યમાં તો એને લગતા ગ્રંથો હોય એ સ્વાભાવિક છે. કર્મના શુભ અને અશુભ વિપાક દર્શાવવા માટે કથાસાહિત્ય અને ખાસ કરીને ઔપદેશિક તેમજ રૂપાત્મક સાહિત્ય યોજાયેલ છે એ વાત લક્ષ્યમાં લેતાં કર્મના સિદ્ધાન્તના વિષયની વ્યાપકતા જૈન સાહિત્યમાં કેટલી બધી છે એ જણાઇ આવે છે. વળી કર્મને આવવાના અને એને રોકવાના માર્ગો તેમજ એનો ક્રમશઃ અને આત્યંતિક નાશ એ બાબતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવળ નવતત્ત્વોને અંગેની કૃતિઓમાં જ વિચારાઇ છે એમ નહિ, પરંતુ એક રીતે તો આગમોમાં પણ આ બાબતોની પ્રરૂપણા છે, જો કે કર્મને લગતી હકીકતો છૂટીછવાઇ એમાં રજૂ થઇ છે.[3]

**કમ્મપયડિ( કર્મપ્રકૃતિ )**—વિશેષતઃ વ્યાપક અને મહત્ત્વપૂર્ણ કર્મ-સિદ્ધાન્તના એક અદ્વિતીય અંગરૂપ આઠ કરણોની આદ્ય અને અદ્વિતીય કૃતિ તે **કમ્મપયડિ** છે. આ આકર-ગ્રંથમાં આઠ કરણો ઉપરાંત ઉદય અને સત્તાનું નિરૂપણ છે. આની યોજના જઇણ મરહટ્ઠી ( જૈન મહારાષ્ટ્રી ) ભાષામાં ૪૧૫ ગાથામાં **શિવશર્મસૂરિ**એ કરી છે. જેમકે બન્ધન-કરણ ( ગા. ૧-૧૦૨ ), સંક્રમ-કરણ ( ગા. ૧-૧૧૧ ), ઉદ્વર્તના-કરણ ને અપવર્તના-કરણ ( ગા. ૧-૧૦ ), ઉદીરણા-કરણ ( ગા. ૧-૮૯ ), ઉપશમના-કરણ ( ગા. ૧-૭૧ ), નિધત્તિ-કરણ અને નિકાચના-કરણ ( ગા. ૧-૩ ) ઉદય ( ગા. ૧-૩૨ ) અને સત્તા ( ગા. ૧-૫૭ ). આ સૂરિએ પોતાનો પરિચય આપ્યો નથી, નામ પણ જણાવ્યું નથી તેમજ આ અપૂર્વ કૃતિનો રચનાસમય દર્શાવ્યો નથી એટલે એ દિશામાં પ્રયાસ કરવો બાકી રહે છે.

**વિવરણો:**-કમ્મપયડિ ઉપર એક ચુણ્ણિ છે તેમજ મલયગિરિસૂરિએ અને યશોવિજયગણિએ રચેલી સંસ્કૃત વૃત્તિ છે. આ ઉપરાંત આની સંસ્કૃત છાયા અને આનો ગુજરાતી અનુવાદ પણ છપાયાં છે.[4] આ સૌમાં ચુણ્ણિ એ પ્રાચીનતમ છે, પરંતુ એના કર્તાએ પોતાના નામ કે પ્રણયનકાળ વિષે કશો નિર્દેશ કર્યો નથી. તેમ છતાં કુમારપાલ સમકાલીન [5]મલયગિરિસૂરિએ આ ચુણ્ણિનો ઉપયોગ કર્યો છે. એ હિસાબે આ ચુણ્ણિ વિક્રમની દસમી સદી જેટલી તો પ્રાચીન હશે એમ સહજ મનાય. **કમ્મપયડિની** મલયગિરિસૂરિકૃત વૃત્તિથી વિભૂષિત આવૃત્તિના વિ. સં. ૧૯૬૯ માં લખેલા સંસ્કૃત ઉપોદ્ઘાત ( પત્ર ૩ આ )માં આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રી આનન્દસાગરસૂરિએ આ ચુણ્ણિના રચનારનો સમય વિરહાચાર્ય ઉર્ફે હરિભદ્રસૂરિના સત્તાસમયથી પણ પ્રાચીન છે એમ કહ્યું. આ વાત યથાર્થ હોય તો ચુણ્ણિનો સમય ઇ. સ. ૭૦૦ કરતાં પ્રાચીન ગણાય અને હરિભદ્રસૂરિનો સ્વર્ગવાસ વિ. સં. ૫૮૫ માં થયો એ મત મુજબ ઇ. સ. ૫૦૦ કરતાં પ્રાચીન ગણાય.

**સમય**-કમ્મપયડિ એ ચૌદ પુવ્વ( પૂર્વ )પૈકી **અગ્ગાયણીય** નામના બીજા પુવ્વના વીસ પાહુડ( પ્રાભૃત )વાળા પાંચમા વત્થુ( વસ્તુ )ના અણુઓગદાર( અનુયોગદ્વાર )વાળા ચોથા **કમ્મપયડિ** નામના પાહુડના આકર્ષણ-ઉદ્ધારરૂપ છે, એમ **મલયગિરિસૂરિ**એ આની વૃત્તિ( પત્ર ૨૧૯ અ )માં કહ્યું છે. વિશેષમાં ગ્રંથકારે **કમ્મપયડિ** ( કર્મ-પ્રકૃતિ )માંથી એ લીધાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત એમણે **દિટ્ઠિવાય**ના જાણનારાઓને આ કૃતિ શોધવાનું કહ્યું છે, એ ઉપરથી તો શ્રુતકેવલીના સમયમાં એઓ થઇ ગયેલા ગણાય. દિટ્ઠિવાયની એ પૂર્ણ કૃતિ ન સમજીએ અને વીર-નિર્વાણથી એક હજાર વર્ષે પુવ્વોનો ઉચ્છેદ થયાની હકીકત આ સાથે વિચારીએ તો **કમ્મપયડિ**ની રચના ઇ. સ. ની પાંચમી સદી જેટલી તો પ્રાચીન ગણાય જ.

આના કર્તા 'પૂર્વધર' જણાય છે અને આગમોદ્ધારકે એમને 'પૂર્વધર' કહ્યા પણ છે.

**પણ્ણવણા** ઉપર હરિભદ્રસૂરિએ **પ્રદેશવ્યાખ્યા** નામની સંસ્કૃત વૃત્તિ રચી છે. આના 'કમ્મપયડિ' નામના ૨૩ મા પય ( પદ ) વૃત્તિ ( પત્ર ૧૪૦ )માં એમણે અવતરણરૂપે બે પદ્યો **કમ્મપયડિ**માંથી આપ્યાં છે. તેમાં **મોત્તૂણ**વાળું પદ્ય આપતી વેળા એના મૂળ તરીકે **કમ્મપગડીસંગહણી** એવો ઉલ્લેખ કર્યો છે. ઉપર્યુક્ત બે પદ્યો તે **કમ્મપયડિ**ની ગા. ૮૩ અને ગા. ૭૯ છે. વિશેષમાં પત્ર ૧૩૯ માં **કર્મપ્રકૃતિસંગ્રહણિકા**માં કહ્યું છે એવા સ્પષ્ટ નિર્દેશપૂર્વક એમણે 'અણગાર'થી શરૂ થતી ગાથા આપી છે. આ પણ **કમ્મપયડિ**માં ૯૬ મી ગાથા રૂપે જોવાય છે. આથી હરિભદ્રસૂરિએ **શિવશર્મસૂરિ**કૃત **કમ્મપયડિ**નો જ ઉપયોગ કર્યો છે એમ ફલિત થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે.આથી **કમ્મપયડિ**ને ઇ. સ.ના પાંચમા સૈકા જેટલી તો પ્રાચીન માનતાં વાંધો આવે તેમ નથી. **તત્ત્વાર્થ-સૂત્ર**( અ. ૮ )ની ટીકામાં **સિદ્ધસેનગણિ**એ બે વાર જે **કર્મપ્રકૃતિ**નો ઉલ્લેખ કર્યો છે ( જુઓ પૃ. ૧૨૨ ને ૧૭૮ ) તે પ્રસ્તુત **કમ્મપયડિ** જ હોવી જોઇએ.

**નંદી**ના પ્રારંભમાં થેરાવલી છે. એમાં ૩૦ મી ગાથામાં 'વાચક' વંશનો, અને આર્ય નન્દિલના શિષ્ય આર્ય **નાગહસ્તી**નો તેમજ વાગરણ (વ્યાકરણ), કરણ, ભંગિય ( ભંગિક ) અને **કમ્મપયડિ**નો ઉલ્લેખ છે. આના ઉપરની ટીકા (પત્ર ૧૬)માં 'વ્યાકરણ'થી **પ્રશ્નવ્યાકરણ** કે શબ્દપ્રાભૃત, કરણથી પિંડવિશુદ્ધિ અને ભંગિકથી ચતુર્ભંગિક વગેરે કે એને લગતું શ્રુત એવો અર્થ કરી હરિભદ્રસૂરિએ "**कर्मप्रकृतिः प्रतीता**" એમ કહ્યું છે. આમ 'કર્મપ્રકૃતિ જાણીતી છે' કહી એ કથનદ્વારા પ્રસ્તુત **કમ્મપયડિ** જ સૂચવાઇ હોય એમ લાગે છે.

**નંદી**ની ચુણ્ણિ( પત્ર ૭ )માં જે વ્યાખ્યા છે તેમાં કમ્મપયડિ વિષે કશો વિશેષ ઉલ્લેખ નથી.

**નંદી**ની આ થેરાવલી એના ચૂર્ણિકારને મતે દૂષ્યગણિના શિષ્ય દેવવાચકની છે. આ દેવવાચક જૈન આગમોને વીર સંવત્ ૯૮૦ કે ૯૯૩ માં પુસ્તકારૂઢ કરનાર દેવવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણથી ભિન્ન છે ( જો કે કેટલીક વાર એમના નામાંતર તરીકે 'દેવર્દ્ધિ' નામ જોવાય છે) અને ક્ષમાશ્રમણના એઓ લગભગ સમકાલીન છે. આ દેવવાચકે પ્રસ્તુત કમ્મપયડિનો જ ઉલ્લેખ કર્યો હોય તો આ કૃતિ ઇ. સ. ના પાંચમા સૈકા કરતાં વહેલી હોવાની વાતનું સમર્થન થાય છે એટલું જ નહિ પણ એથી એ ઓછામાં ઓછી બે ત્રણ સૈકા જેટલી વિશેષ પ્રાચીન સિદ્ધ થાય તો ના નહિ.

**પ્રણેતાનું નામ**—કમ્મપયડિના કર્તા શિવશર્મસૂરિ છે એ વાત દેવેન્દ્રસૂરિએ છાસીઈ નામના ચોથા કર્મગ્રંથ( ગા. ૧૨ )ની સ્વોપજ્ઞ વૃત્તિમાં સ્પષ્ટપણે જણાવી છે એટલું જ નહિ પણ એની ૩૪૦ ગાથાનો અર્ધ ભાગ અવતરણરૂપે પણ આપ્યો છે. આ દેવેન્દ્રસૂરિ વિ. સં. ૧૩૨૭ માં સ્વર્ગે સંચર્યા છે. એટલે કમ્મપયડિના કર્તાનું નામ શિવશર્મસૂરિ છે એ બાબત લગભગ ૭૦૦ વર્ષ જેટલી તો પ્રાચીન ઠરે છે.

**સમાન ગાથા**—શીલાંકસૂરિએ **આયાર** ( )ની ટીકા( પત્ર ૯૩અ )માં જે અવતરણરૂપે ગાથા આપી છે તે કમ્મપયડિમાં ૪૦૨મી ગાથારૂપે અને પંચસંગહમાં ૩૨૩મી ગાથારૂપે જોવાય છે. આ ઉપરથી કમ્મપયડિની બીજી કઇ કઇ ગાથાઓ પંચસંગહમાં છે એ વિચારવાનું સ્ફુરે છે. સાથે સાથે પંચસંગહમાં શું આ કમ્મપયડિની ગાથા ગૂંથી લેવાઇ હશે એવો પ્રશ્ન ઉદ્ભવે છે.

### ( બન્ધ )સયગ વિષે પરામર્શ

**નામાન્તર**—આજે જે શિવશર્મસૂરિકૃત **સયગ** ૧૧૧ જેટલી ગાથાનું મળે છે, એનું સર્વથા સાન્વર્થ અને કર્તાને પણ અભિપ્રેત નામ તો **બંધસયગ** છે, એમ કમ્મપયડિના બંધનકરણના ઉપસંહારની નિમ્નલિખિત ગાથા ઉપરથી જણાય છે:—

" एवं बंधणकरणे परूविए सह हि **बंधसयगेण** ।
बंधविहाणाहिगमो सुहमभिगंतुं लहुं होइ ॥१०२॥ "

આની ટીકામાં મલયગિરિસૂરિએ **બન્ધશતક**ને ગ્રન્થ કહ્યો છે એટલું જ નહિ પણ **શતક** અને **કર્મપ્રકૃતિ** એ બંનેના કર્તા એક જ છે એમ પણ સ્પષ્ટપણે નિર્દેશ્યું છે. વળી આથી એ પણ ફલિત થાય છે કે **બંધસયગ**ની રચના બાદ કમ્મપયડિ રચાઇ છે. **બંધસયગ**ની ૧૦૪ મી ગાથામાં 'બંધ-સમાસ' વર્ણવાયો એવો ઉલ્લેખ છે અને એના પછીની ગાથામાં 'બંધસમાસ વિવરણ' રચાયો એવો ઉલ્લેખ છે. આ ઉપરથી ગ્રંથના નામમાં 'બંધ' શબ્દ હોવો જોઇએ અને એનો વિષય પણ બંધનું સ્વરૂપ છે એટલે **બંધસયગ** નામ વિશેષતઃ સાન્વર્થ છે, પરંતુ આ ગ્રંથની ગાથા અસલ સો કે લગભગ એટલી હોવાથી એનું બીજું નામ **સયગ** પડ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એ જ વધારે પ્રચલિત બન્યું છે. અનેક ગ્રન્થકારોએ એને સયગ( શતક ) કહેલ છે. જેમકે દેવેન્દ્રસૂરિએ **કમ્મત્થય** નામના બીજા કર્મગ્રન્થ (ગા. ૩)-ની સ્વોપજ્ઞ ટીકા( પૃ. ૭૯ )માં **શિવશર્મસૂરિએ શતકમાં** કહ્યું છે એવો ઉલ્લેખ કર્યો છે. સાથે સાથે એમણે આ કૃતિની ૪૪ મી ગાથાનો અર્ધ ભાગ અવતરણરૂપ આપ્યો છે.

મલધારી હેમચન્દ્રસૂરિએ **બંધસયગ**ની વૃત્તિમાં આને '**શતક**' કહેલ છે.

**પંચસંગહ**ના કર્તા **ચન્દ્રર્ષિએ** એમની આ કૃતિની બીજી ગાથામાં **સયગ**નો ઉલ્લેખ કર્યો છે અને તે આ જ **સયગ** હશે.

"અનેકાન્ત"( વ. ૩, પૃ. ૩૭૮–૩૮૦ )માં **સયગ**નો દિગંબરીય કૃતિ નામે **પંચસંગહ** સાથે સંબંધ વિચારાયો છે.

**વિવરણાત્મક સાહિત્ય—જિનરત્નકોસ** (ભા. ૧, પૃ. ૩૬૯–૩૭૦ ) પ્રમાણે **સયગ** ઉપર ત્રણેક ભાસ ( ભાષ્ય ) છે. **સયગને** અંગે **૨૪** ગાથાનું **ભાસ, ચક્રેશ્વરસૂરિએ** વિ. સં. **૧૧૭૯** માં રચેલું બૃહદ્‌ભાષ્ય, **અજ્ઞાતકર્તૃક** ચૂર્ણિ અને 'મલધારી' હેમચન્દ્રસૂરિકૃત વૃત્તિ છપાયેલાં છે.

દેવેન્દ્રસૂરિએ **છાસીઈ**( ગા. ૧૪ )ની સ્વોપજ્ઞ વૃત્તિ( પૃ. ૧૪૩ )માં '**શતકબૃહચ્ચૂર્ણિ**માં કહ્યું છે' એવા ઉલ્લેખપૂર્વક ગદ્યાત્મક લખાણ આપ્યું છે તો આ બૃહચ્ચૂર્ણિ તે કઇ? વળી મલધારી હેમચન્દ્રસૂરિએ **સયગની** વૃત્તિમાં આના ઉપરથી 'ચૂર્ણિઓ' અતિ ગંભીર હોવાનું કહ્યું છે એ ઉપરથી આની ઓછામાં ઓછી ત્રણ ચૂર્ણિઓ હશે એમ લાગે છે. જે છપાયેલી છે તે આ પૈકી એક હશે.

**ઉદ્ધરણ અને સમય બંધ-સયગ**ની ચુણ્ણિ ( ચૂર્ણિ ) જે છપાયેલી છે તેમાં તેમજ 'મલધારી' **હેમચન્દ્રસૂરિકૃત વૃત્તિમાં** એ મતલબનું કથન છે કે આ કૃતિ **અગ્ગેણિય** નામના બીજા પુવ્વના ખણુલદ્ધિ ( ક્ષણલબ્ધિ ) નામના પાંચમા વત્થુના વીસ પાહુડ પૈકી ચોથા પાહુડ નામે **કમ્મપગડિ**નાં ૨૪ **અણુઓગદાર**( અનુયોગદ્વાર ) પૈકી છઠ્ઠા બંધણુ ( બંધન ) નામના અનુયોગદ્વારના બંધ, બંધક, બંધનીય અને બંધવિધાન એમ જે ચાર પ્રકાર છે તે પૈકી ચોથા ભેદના નિરૂપણરૂપ છે. ચુણ્ણિમાં બીજા પુવ્વનાં પહેલાં પાંચ ૮ વત્થુનાં નામ છે તેમજ **કમ્મપગડિ** નામના ચોથા પાહુડનાં **૨૪** અણુઓગદાર( અનુયોગદ્વાર )નાં પણ નામ **૯** છે. આમ શ્વેતાંબરીય કૃતિ પણ આ નામો પૂરાં પાડે છે.

૧૦૪ મી ગાથામાં આ કૃતિને **કમ્મપ્પવાયરૂપ** શ્રુતસાગરના નિઃસ્પંદ તરીકે ઓળખાવી છે. અહીં 'કમ્મપ્પવાય'થી એ નામનું પુવ્વ ન સમજતાં ઉપર્યુક્ત **કમ્મપયડિ** નામનું પાહુડ સમજવાનું છે **એમ ૧૦૬** મી ગાથા વિચારતાં જણાય છે એટલે કમ્મપ્પવાયથી કર્મની પ્રરૂપણાથી યુક્ત એવો અર્થ કરવાનો છે. આમ આ કૃતિ 'પૂર્વધર'ની હોવાનું પ્રતીત થાય છે અને એ હિસાબે એના કર્તાનો સમય વીર સંવત **૧૦૦૦**ની અંદરનો મનાય. હું તો આને **કમ્મપયડિ** કરતાંયે થોડાંક વર્ષો જેટલી પ્રાચીન ગણું છે. એટલે એક હિસાબે તો આ **વીર** સંવત ૨૦૦ની લગભગની કૃતિ ગણાય.

**કમ્મપયડિ**ને વિક્રમની પાંચમી સદીની કૃતિ ગણવાનું વિદ્વાનોનું વળણ છે, પણ મારી કલ્પના પ્રમાણે તો એ ઇ. સ. ની પહેલી સદી જેટલી તો પ્રાચીન છે. એ ગમે તે હો, પણ **કમ્મપયડિ**નું મહત્ત્વ જોતાં ( એને આગમોદ્ધારકે પાલીતાણાના આગમ–મંદિરમાં શિલારૂઢ કરાવી એ વાત તો ગૌરવાસ્પદ છે જ, ) એનો ભાષાદૃષ્ટિએ અભ્યાસ થવો ઘટે એટલે કે વ્યાકરણ, શબ્દકોષ, શૈલી ઇત્યાદિ દૃષ્ટિએ એનો સાંગોપાંગ વિચાર થવો ઘટે. આ ઉપરાંત એની દિગંબરીય પ્રાચીન ગ્રંથો સાથે તુલના થવી ઘટે. **ધવલા** વગેરેમાં એનો જે ઉપયોગ થયેલો દેખાય છે તે વિષે સયુક્તિક પરામર્શ કરાવો જોઇએ. વિશેષમાં આ કૃતિનો ટિપ્પણાદિ સહિત અંગ્રેજીમાં અનુવાદ થવો જોઇએ અને એની ભૂમિકામાં આ

For Private And Personal Use Only

પૂર્વેની કૃતિઓમાંની તેને લગતી બાબતોનો નિર્દેશ થવો ઘટે. કર્મસિદ્ધાન્ત અને પાઇય( પ્રાકૃત ) સાહિત્યના વિશિષ્ટ અભ્યાસીઓ આ કાર્ય તેમજ **બંધસયગ**ને અંગે પણ વિચારવા લાયક બાબતો હાથ ધરશે તો આનંદ થશે.

---

૧. જૈન ગૃહસ્થો છે શું પણ કેટલાક સાધુઓ પણ 'અદ્ધમાગહી '( સં. અર્ધમાગધી )ને બદલે 'માગધી 'નો પ્રયોગ કરે છે તો હવે તો આમ ન થવું ઘટે, કેમકે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પણ "અર્ધમાગધી "ના નામથી આજે વાકેફગાર છે.

૨. આધુનિક યુગના જૈન લેખકોની જીવનરેખા અને એમની સાહિત્ય પ્રવૃત્તિની નોંધ થવી ઘટે. સાથે સાથે આ યુગમાં જેટલા પ્રાચીન ગ્રંથો પ્રકાશિત થયા છે, તેની સવિસ્તર સૂચી પ્રસિદ્ધ થવી જોઇએ. "જૈન ગ્રન્થાવલી "ના નૂતન સંસ્કરણરૂપે એક ગુજરાતી પુસ્તક તૈયાર થાય તો જૈન સાહિત્યની વિશાળતા ઇત્યાદિનો ખ્યાલ આવે. આ તૈયાર કરવામાં એક અંગ્રેજી અને ફ્રેન્ચ પુસ્તક કામ લાગે તેમ છે. પહેલાના લેખક પ્રો. હરિ દામોદર વેલણકર છે અને બીજાના ડો. ગેરિનો છે.

૩. આને એકત્રિત કરી મેં અંગ્રેજીમાં એક લેખ નામે The Doctrine of Karman in the Jain canon તૈયાર કર્યો છે.

૪. જુઓ મારું પુસ્તક નામે **પાઇય ( પ્રાકૃત ) ભાષાઓ અને સાહિત્ય** ( પૃ. ૧૫૯ )

૫. એમણે પ્રારંભમાં તેમજ અંતમાં ચૂર્ણિકારનું ગૌરવપૂર્વક સ્મરણ કર્યું છે.

૬. **જૈન ગ્રન્થાવલી** ( પૃ. ૧૧૫ )માં ચૂર્ણિમાં વેદના વગેરે આઠ કરણ છે એમ કહ્યું છે. વિશેષમાં આ પૃષ્ઠમાં **કમ્મપયડિ** ઉપર ( અને સંભવતઃ એની ચૂર્ણિ ઉપર ) મુનિચન્દ્રે ૧૯૨૦ શ્લોક જેવડું ટિપ્પનક રચ્યાનો ઉલ્લેખ છે.

૭. વીર સમાજ તરફથી ઇ. સ. ૧૯૨૩ માં **બન્ધશતક પ્રકરણ** એ નામથી જે પ્રત છપાઇ છે તેમાં મૂળ, ચક્રેશ્વરિસૂરિકૃત ૧૨૪ ગાથાનું ગુરુભાસ ( બૃહદ્ ભાષ્ય ) તેમજ મલધારી હેમચન્દ્રસૂરિકૃત સંસ્કૃત વૃત્તિ અને અંતમાં ૨૪ ગાથાનું લઘુભાસ અને એના ઉપર સંપાદક રામવિજય ( હવે વિજયરામચન્દ્રસૂરિજીના ગુરુવર્યે રચેલું સંસ્કૃત ટિપ્પનક છપાયેલાં છે. અહીં અપાયેલા લઘુ ભાસના પ્રારંભમાં મૂળ કૃતિનો **બંધ સયગ** એ નામથી ઉલ્લેખ છે. આની પ્રસ્તાવનામાં આ પ્રાચીન ( **બંધ** ) **સયગ** અને નવા કર્મગ્રન્થનું વિષય દૃષ્ટિએ સંતુલન કરાયું છે.

**બંધસયગ** ઉપર જે લઘુ ચૂર્ણિ મળે છે તે આ પૂર્વે વીરસમાજ તરફથી જે પ્રસિદ્ધ થયેલી છે.

૮-૯. આ માટે જુઓ મારો લેખ નામે "જૈન દર્શનનાં અનુયોગદ્વાર "

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# ॥ પ્રથમ શ્રી સીમંધર જિનસ્તવન ॥

### સ્પષ્ટાર્થ સાથે.

( સં.—ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી. )

**શ્રી** સીમંધર જિનવર સ્વામી,
વિનતડી અવધારો;
શુદ્ધ ધર્મ પ્રગટ્યો જે તુમસે,
પ્રગટો તેહ અમ્હારો રે સ્વામી
વિનવિયે મન રંગે. ( ૧ )

**સ્પષ્ટાર્થ**:-સહજ અનંત સુખ નિધાન, શુદ્ધાત્મા પરિણતિ, તેનો ઘાત કરનાર, મિથ્યાત્વ, અજ્ઞાન અને કષાયરૂપ અનાદિકાલના મહાન્ શત્રુઓને જેણે સમ્યક્પરાક્રમવડે જીત્યા છે તે "જિન" માં વર અર્થાત્ પ્રધાન શિરોમણિ, તથા શારીરિક અને માનસિક અનંત, અસહ્ય દુઃખના હેતુભૂત આ ભયાનક સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરી દુઃખી થતા દીન જનોનું પરમ કરુણાભાવે રક્ષણ કરનાર, તથા અન્ય જીવોને પણ અહિંસાનો ઉપદેશ આપી, તેઓ પાસે પણ રક્ષણ કરાવનાર, તથા અબાધ્ય સિદ્ધાંત વડે સમીચીન મોક્ષમાર્ગનો ઉપદેશ કરી આત્મિક સહજ સ્વતંત્ર પરમાનંદના દાતાર હોવાથી "સ્વામી" તથા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યરૂપ આત્મલક્ષ્મીના માલિક, દેહાતીત આત્મસત્તા ભૂમિમાં નિરંતર વિહરમાન હે શ્રી સીમંધર દેવ! આપને સમર્થ જાણી આપ પ્રતિ અતિ ઉલ્લસિત ચિત્તે નમ્રભાવે વિનંતી કરું છું કે સરસ સંવર જલના પ્રવાહવડે જ્ઞાનાવરણાદિ કર્મરૂપ મલ ધોવાઇ જવાથી સ્ફટિકમણિ સમાન અત્યંત શુદ્ધ કેવલજ્ઞાન, દર્શનાત્મક જેમ આપનો સ્વધર્મ–સર્વથા પ્રગટ–વ્યક્ત થયો છે તેમજ અમારો પણ સત્તાગતે રહેલો ( જ્ઞાનાવરણાદિ કર્મવડે લિપ્ત થયેલો ) લોકાલોકપ્રકાશક અનંત સુખનિધાન, આત્મધર્મ સંપૂર્ણપણે પ્રગટ થાઓ " એ ઉક્ત વિનંતિ–પ્રાર્થના હે ભગવંત! અમો દીન ઉપર કરુણાદષ્ટિ કરી અવધારો–ચિત્તમાં ધારો. ૧.

જે પરિણામિક ધર્મ તુમારો,
તેહવો અમચો ધર્મ;
શ્રદ્ધા, ભાસન, રમણ વિયોગે,
વલગ્યો વિભાવ અધર્મ રે. સ્વામી. (૨)

**સ્પષ્ટાર્થ**:-સર્વે દ્રવ્ય "ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય યુક્તં સત્" લક્ષણવંત હોવાથી પ્રતિસમયે પરમભાવ અનુયાયી નવા નવા પર્યાયે પરિણમે છે, અર્થાત્ વર્તમાન પર્યાય તીરોભૂત થાય છે અને નૂતન પર્યાયનો આવિર્ભાવ થાય છે અને દ્રવ્ય ધ્રુવ રહે છે. તેથી આપનો આત્મદ્રવ્ય, જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ અનંત શુદ્ધ પર્યાયરૂપ નિરંતર પરિણમે છે. સહજ પરમાનંદના અનુભવમાં નિમગ્નપણે વર્તે છે, તેમજ અમારો આત્મદ્રવ્ય પણ કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નયે ( શુદ્ધ સંગ્રહનયે ) આપના સદ્દશ સત્તાવંત છે. તથાપિ અનાદિથી કનકોપલ જ્યારે અશુદ્ધ હોવાથી શુદ્ધ પરિણતિની શ્રદ્ધા ( પ્રતીતિ ), ભાસન ( વિજ્ઞાન ), રમણ ( આચરણ ) સ્થિરતાના વિયોગથી મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યા ચારિત્રરૂપ અધર્મે પરિણમે છે અર્થાત્ આત્માથી પરવસ્તુ જે પુદ્ગલ દ્રવ્યથી બનેલા વિલક્ષણ ધર્મવંત શરીરમાં આત્મપણાની શ્રદ્ધા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે, તેને જ આત્મરૂપ જાણે છે, તેથી તે પૌદ્ગલિક ભાવમાં પોતાના આત્મપરિણામને સ્થિત કરે છે, તલ્લીન કરે છે એટલે પુદ્ગલ દ્રવ્યમાં ઇષ્ટાનિષ્ટ કલ્પના કરી અનિષ્ટને દૂર કરવામાં અને ઇષ્ટને પ્રાપ્ત કરવામાં તથા સ્થિર રાખવામાં પોતાની આત્મપરિણતિને નિરંતર રોકી રાખે છે.

વસ્તુ સ્વભાવ સ્વજાતિ તેહનો;
મૂલ અભાવ ન થાય,
પર વિભાવ અનુગત પરિણતિથી;
કર્મે તે અવરાય રે.
સ્વામી. વિ. (૩)

**સ્પષ્ટાર્થ:**-દ્રવ્ય, અસ્તિત્વ, નાસ્તિત્વ, સ્વભાવવંત હોવાથી અન્ય દ્રવ્યનો પરિણામ તેમાં કદાપિ કાલે પ્રવેશ કરી શકે નહીં. અને અસ્તિપણે રહેલા જે અનંત અન્વય ગુણો તેમાંથી કોઇનો પણ કોઈ પણ કાલે અભાવ થાય નહીં, કારણ કે દ્રવ્ય માત્ર દ્રવ્યાર્થિક નયે નિત્ય છે અને આત્મામાં રહેલા જ્ઞાન-દર્શન-ચારિત્રાદિનો સમૂલ અભાવ થવાનો બિલકુલ અસંભવ છે પરંતુ અનાદિ અજ્ઞાનવશે આત્મપરિણતિને પરકર્તૃત્વ, પરભોકર્તૃત્વ, પરગ્રાહકત્વ, પરવ્યાપકત્વ, પરરમણતા, પરઆધારાધેયતા, આદિ પરાનુયાયીપણે પ્રવર્તાવવાથી શુદ્ધાત્મપરિણતિ જ્ઞાનાવરણાદિ દુષ્ટ અષ્ટ કર્મવડે અવરાય છે, વ્યાઘાત પામે છે એમ શુદ્ધ પરિણતિનો વિયોગ રહે છે.

જે વિભાવ તે પણ નૈમિતિક, સંતતિ ભાવ અનાદિ,
પરનિમિત તે વિષયસંગાદિક, તે સંયોગે સાદિરે.
સ્વામી. વિ. (૪)

**સ્પષ્ટાર્થ:**-મનોજ્ઞ, અમનોજ્ઞ, પૌદ્ગલિક વિષયમાં ઇષ્ટાનિષ્ટ કલ્પના કરવાથી, ધન-ધાન્યાદિ,સચિત્ત અચિત્ત મિશ્ર પરિગ્રહમાં મમત્વ બુદ્ધિ. ગ્રહણબુદ્ધિ કરવાથી આત્મા રાગ-દ્વેષરૂપ વિભાવે પરિમમે છે, તેથી તે વિભાવ નૈમિત્તિક છે તથા સાદિસાંત છે, તથાપિ પ્રવાહે સંતતિ અનાદિની છે. જેમ આપણે વર્તમાન સમયે એક પુરુષને જોઇએ છીએ તે પુરુષ તેના પિતાવડે ઉત્પન્ન થયેલ છે તેથી તે આદિ સહિત છે, અને તેનો નાશ પણ છે તેથી તે પુરુષ સાદિસાંત ભાંગે છે. પરંતુ તે પુરુષ તેના પિતાથી ઉત્પન્ન થયો છે તેમ તેનો પિતા પણ વળી તેના પિતાથી ઉત્પન્ન થયો છે એમ તેનો વંશ અનાદિસિદ્ધ છે. (૪)

અશુદ્ધ નિમિત્ત એ સંસરતા,
અત્તા કત્તા પરનો;
શુદ્ધ નિમિત્ત રમે જીવ ચિદ્દઘન,
કર્ત્તા, ભોકતા ઘરનો રે. સ્વામી. વિ૦ ૫

**સ્પષ્ટાર્થ:**-જ્ઞાનાવરણાદિ કર્મ ઉદયરૂપ અશુદ્ધ નિમિત્ત પામી અજ્ઞાન, મિથ્યાત્વ, કષાયરૂપ અશુદ્ધ પરિણામે પરિણમી, ભવસમુદ્રમાં સંસરણ-પરિભ્રમણ કરતાં આત્મા પરદ્રવ્યાદિકના કર્તાપણાનું મમત્વ અભિમાન કરે છે અર્થાત મેં અમુક જીવને ઉગાર્યો, અમુકને સુખી કર્યો, અમુકને દુ:ખી કર્યો, અમુકને રાખ્યો, અમુકને ચલાવ્યો, તથા ઘટપટાદિક મેં બનાવ્યા, અથવા ઘર હાટાદિકનો મેં નાશ કર્યો, અમુક ઇષ્ટ પદાર્થોનો મેં લાભ મેળવ્યો, તમોને મેં મારા ભોગમાં લીધા, તેઓને મેં રાખ્યા, દૂર જવા નહિ દીધા, અમુક વસ્તુ મેં શુભ મનોજ્ઞ કરી, અમુક વસ્તુ મેં અશુભ અમનોજ્ઞ કરી, એમ હું કરૂં છું, ભવિષ્યમાં એમ કરીશ એ આદિ પુદ્ગલરૂપ ત્રણ યોગની ક્રિયામાં મમત્વ કરે છે. એમ અજ્ઞાનવશે પરદ્રવ્યાદિકનો કર્તા બની પુન: જ્ઞાનાવરણાદિ નવાં કર્મ બાંધે છે અને વળી તે બાંધેલા કર્મના ઉદય કાલે પણ ઉપર પ્રમાણે વર્તી પુન: જ્ઞાનાવરણાદિ કર્મ બાંધે છે. એમ પરના કર્તાપણાનું મમત્વ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરંતર આ આઠ કર્મ બાંધતો આ સંસાર-સમુદ્રમાં પરિભ્રમણ કરે છે અને જન્મ-જરા-મરણ તથા રોગ-શોક-ભય આદિ અનેક દુઃસહ દુઃખનો અમાપ ભાર પોતાના શિરપર ઉપાડી લે છે.

પણ જ્યારે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ ચારિત્રરૂપ શુદ્ધ નિમિતમાં રમણ કરે અર્થાત્ તેમાં તલ્લીન થાય, પોતાની આત્મપરિણતિને તેમાં સ્થિત કરે, પર દ્રવ્યાદિથી ઉદાસીન વૃત્તિ ધારણ કરે ત્યારે પોતાના જ સ્વભાવનો કર્તા ભોક્તાદિ થાય, નિર્મલ પ્રશમરતિનો વિલાસ પામે અને રાગ-સ્નેહથી રહિત વર્તવાથી સ્પર્શ કરવા પામે નહિ. તથા પૂર્વે કર્મરૂપ રજ તેને સ્પર્શ કરવા પામે નહીં તથા પૂર્વે બાંધેલાં સંચિત કર્મનો ક્ષય નિર્જરા થાય. (૫)

જેહના ધર્મ અનંતા પ્રગટ્યા,
જે નિજ પરિણુતિ વરિયા,
પરમાતમ જિનદેવ અમોહી,
જ્ઞાનાદિક ગુણ દરિયા રે.
સ્વામી. (૬)

**સ્પષ્ટાર્થ**:-આત્માનો પરમભાવ જે જ્ઞાન-તદનુયાયી દર્શન-ચારિત્ર તપ-વીર્ય, કર્તૃતા, ભોક્તૃતા, ગ્રાહકતા, વ્યાપકતા, રક્ષણતા, રમણતા, આધારાધેયતા વિગેરે અનંત સ્વધર્મો જે અનાદિ કાલથી કર્મમલવડે લિપ્ત થયેલા હતા, બાધક ભાવે પરિણમતા હતા, તે શુકલધ્યાનની તીક્ષ્ણ આંચવડે કર્મમલ ભસ્મ થઇ જવાથી સંપૂર્ણ પ્રગટ થયા, અર્થાત્ નિરાબાધ-સ્વતંત્રપણે પોતપોતાના કાર્યભાવે પરિણમવા લાગ્યા, એટલે શુદ્ધ પરિણતિરૂપ અનુપમ લક્ષ્મીને વર્યા, તેના સ્વામી થયા, તે જ પરમાત્મ જિનેશ્વર દેવ. ક્રોધ-માન-માયા-લોભ આદિ મોહનીય કર્મની અટ્ઠાવીશ પ્રકૃતિથી રહિત, તથા જ્ઞાનાદિક ગુણના દરિયા અર્થાત જ્ઞાનાદિ ગુણના અખૂટ નિધાન છે એટલે જેમ દરિયામાંથી જલ ખૂટે નહિ, તેમ તેમનામાંથી કોઇપણ કાલે જ્ઞાનાદિ ગુણો-પર્યાયો-ખૂટવાના-ક્ષીણ થવાના નથી; અનંતકાલ સુધી એક સરખી રીતે પરિણમ્યા જ કરશે. (૬)

અવલંબન ઉપદેશક રીતે,
શ્રી સીમંધર દેવ,
ભજીયે શુદ્ધ નિમિત્ત અનોપમ,
તજીયે ભવભય ટેવ રે સ્વામી. (૭)

**સ્પષ્ટાર્થ**:-શ્રી સીમંધર દેવમાં સાધ્યપદ પૂર્ણપણે પ્રગટ હોવાથી તે જ પુષ્ટ-અનુપમ નિમિત્ત હેતુ છે. (સાધ્ય સાધ્ય ધર્મ જે માંહે હોવે રે તે નિમિત્ત અતિ પુષ્ટ) તથા સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી આપ્ત મોક્ષમાર્ગના સાચા ઉપદેશક તથા સર્વે આત્મરિદ્ધિ સંપૂર્ણપણે પ્રાપ્ત હોવાથી પરમ આધાર-ભવસમુદ્રમાં ડૂબતાં ભવ્ય પ્રાણીઓને જહાજ સમાન, ભવાટવીમાં સાર્થવાહ સમાન છે. ન્યાયપૂર્વક એમ સિદ્ધ હોવાથી તેઓની ભકિત કરીયે અર્થાત તેઓની આજ્ઞા આપણા શિર ઉપર ચડાવીયે, સન્માનીયે. મિથ્યાત્વ અજ્ઞાન-કષાય-પ્રમાદ-અવિરતિ રૂપ ભયંકર ભવભ્રમણની ટેવનો ત્યાગ-પરિહાર કરીયે.

શુદ્ધ દેવ અવલંબન કરતાં,
પરિહરીયે પરભાવ;
આતમ ધર્મ રમણ અનુભવતાં,
પ્રગટે આતમ ભાવ રે. સ્વામી૦ ૮

**સ્પષ્ટાર્થ**:-જે અજ્ઞાન આદિ સમસ્ત અધર્મરૂપ દૂષણોથી સર્વે નયે મુકત હોવાથી પરમ નિષ્કલંક શુદ્ધ દેવ છે, તે શ્રી સીમંધર સ્વામીનું શરણ ગ્રહણ કરતાં, પર દ્રવ્યની મમતા, ગ્રાહકતા, રમણતા આદિ સમસ્ત પરભાવનો પરિહાર-ત્યાગ થાય અને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ શુદ્ધાત્મભાવમાં રમણ કરતાં તેમાં તલ્લીન થતાં-તૃપ્ત થતાં-સંતુષ્ટ થતાં તેનો આસ્વાદ અનુભવ લેતાં દીનાદિ આત્મધર્મ કર્મલેપથી રહિત-શુદ્ધ પ્રગટ થાય. (૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચારુશીલા રમણીરત્નો.

## ભગવતી રાજીમતી.

( લેખકઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી )

( ૨ )

### સખીઓમાં વાર્તાલાપ.

રાજુલે સખીવૃંદમાં પગ મૂકયો તે પૂર્વે ધારિણી માતા વિદાય થઇ ગયા હતા, અને પ્રિયંવદા વાતનો આરંભ કેવા પ્રકારે કરવો એના વિચારમાં હતી ત્યાં એકાએક ચંદ્રાનનાનો મધુરો નાદ કર્ણપટ પર અથડાયો.

સખી મૃગાંકલેખા ! ત્હારા દંપતી જીવનની કહાણી કે જેની માત્ર રેખા દોરાઇ ત્યાં રાણીમાતા પધાર્યા અને વાત અદ્ધર રહી, તે હવે આગળ ચલાવ. એ ઉપરથી અમારા ભાવિ માર્ગના ચણતર ચણવાની અમને સમજ પડે.

મૃગાંકલેખા, વાતનો આરંભ કરે તે પૂર્વે જ રાજુલ આગળ આવી; અને સૌને ઉદ્દેશી કહેવા લાગી—

આવા રમણિય ઉદ્યાનમાં, જ્યાં પ્રત્યેક વૃક્ષ પર લીલા પર્ણો, વિવિધ રંગી ફૂલો અને સ્વાદુ ફળો પૂર્ણપણે ખીલી કુદરતની અમાપ શક્તિનો આભાસ કરાવે છે અને જેના પર બેસી જુદા જુદા પક્ષીગણો મધુર રવે ગુંજન કરી સારાયે વાતાવરણમાં કોઇ અનેરી પ્રભા પ્રગટાવે છે; એથી ન વર્ણવી શકાય તેવી અદ્ભુત શાંતિ અને ગમે તેવા તપ્ત હૃદયને શીતલતા અર્પે એવી ઠંડક પથરાઇ રહેલી છે ત્યાં સંસારી વાતોના રસહીન બનાવોને લગતો વહીવંચો ઉકેલવાનો શું અર્થ છે ? એમાં કઇ નવિનતા ભરી છે ? સંસાર એટલે કષાય-કુથલીનું ઉદ્ભવસ્થાન. રાગ અને દ્વેષ અથવા એના સંતાનો સમા ક્રોધ, માન, માયા અને લોભના વિવિધતાભર્યા તાંડવનૃત્યો અહર્નિશ જ્યાં ખેલાતા હોય, જ્યાં ક્ષણે ક્ષણે માનવી જીવનના પાસા બદલાતા હોય, અને કેવલ સ્વાર્થમય જિંદગી નજરે ચઢતી હોય એવા પ્રસંગોનું ચર્વીત ચર્વણ કરવું એ ઉઘાડો કાળક્ષેપ છે. ચંદ્રાનના પડતી મૂક એ માંગણી અને ત્હારા મંજુલ સ્વરે એકાદ ગરબો ઉપાડ કે જેથી અહીં જે રમ્ય વાતાવરણ સર્જાયું છે એમાં માનવ તરીકે આપણે પણ કંઇક ફાળો નોંધાવીએ.

મૃગલોચના, ચંદ્રાનનાની વ્હાર કરતાં બોલી—

રાજુલ ! ત્હારે જાણે ઠીક છે. લાડીલી કુંવરી રહી એટલે જે કરે તે પોષાય. ડોશી

---

આતમ ગુણ નિરમલ નીપજતાં,
ધ્યાન સમાધિ સ્વભાવે;
પૂર્ણાનંદ સિદ્ધતા સાધી,
**દેવચંદ્ર** પદ પાવે રે. સ્વામી૦ ૯

**સ્પષ્ટાર્થઃ**-શુદ્ધ સાધ્ય સન્મુખ લક્ષ રાખી (યસ્માત ક્રિયાઃ પ્રતિફલન્તિન ભાવશૂન્યાઃ) ધર્મ શુકલધ્યાનનું સેવન કરતાં તજ્જન્ય સમાધિમાં લીન થતાં આત્મગુણ નિર્મલ અર્થાત્ મલ રહિત-પરમ પવિત્ર થાય. એમ પૂર્ણાનંદમય સિદ્ધપદ સાધી દેવમાં ચંદ્રમા સમાન અર્થાત્ દેવાધિદેવપદને પ્રાપ્ત થઇએ. ( ૯ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુંવારી રહી સાંભળી નથી છતાં તું કુમારી રહેવા ધારે છે! અમારે તો માબાપની આજ્ઞા માનવી રહી. નારીનો અવતાર એટલે પરણીને પરઘેર જવાનું એ નિશ્ચય. એ સારુ સાસરીના જીવન અંગેની કહાણી સખી–મુખે જાણી લેવામાં અમોને રસ પણ ખરો. ત્હારા જેવી વૈરાગણ ભલે એને રસહીન તરીકે વર્ણવે. બાકી દુનિયામાં નવાણું ટકા પ્રજા માટેનો એ ધોરી માર્ગ છે. મોહ કષાય અને એ સંબંધી જન્મતાં વિલાસો સામે પથરા ફેંકવાથી અથવા તો એ અંગે લાંબા થોડા વિવેચનો કરવાથી એનો જય નથી કરી શકાતો. એ પર વિજય મેળવવા ઇચ્છતાર વ્યક્તિએ, સૌ પ્રથમ તીર્થંકર ભગવંત જેવા અનુભવી અને કર્મવિજેતાની સૂચના ધ્યાનમાં લઇ, આઠે કર્મોનું સ્વરૂપ અવધારી, એમાં મોહનીયના કાવાદાવા કેવી રીતે કામ કરે છે એનો બરાબર તાગ કાઢી, આગળ ડગ ભરવા જરૂરી છે. એને માટે સંસાર એ અનુભવની શાળા છે. 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય' એ જનવાયકા મુજબ આપણા કલ્યાણ અર્થે વડિલો જે માર્ગ નિયત કરે અથવા તો જે નરના પલ્લે પલ્લો બાંધે એનામાં પૂર્ણ રીતે ઓતપ્રોત થવારૂપ કુલીન કાંતાનો ધર્મ ગણાતો હોવાથી એ સંબંધી અનુભવ શ્રવણ કરવામાં ત્હને શું વાંધો નડે છે? ગરબા માટે તો આખો દિવસ પડ્યો છે!

મૃગલોચનાએ બરાબર કહ્યું છે, એમ વદતી અને વયમાં નાની એવી શશીકળા આગળ આવી અને રાજુલ તરફ અંગુલી કરતી બોલી–

સખી રાજુલ! ત્હને સંસારનું નામ સાંભળતાં ઉદ્વેગ કેમ જન્મે છે? વાતવાતમાં તું એકદમ કષાયની ઊંડી વિચારણામાં શાથી ઉતરી પડે છે? મનુષ્ય ભવમાં ધર્મ, અર્થ અને કામરૂપ પુરુષાર્થ સાધવાની વાતો નીતિકારોએ કહી છે. સંસાર અને માનવ જિંદગી જુદા જુદા નથી. મારા પિતાશ્રીએ સમજાવેલું કે—હરતાં ફરતાં કે વાતવાતમાં સંસારને અસાર માની રસહીન જીવન જીવવું એ તો કાયરતાની નિશાની છે. અલબત્ત ભાવના ટાણે સંસારની અસારતા કે ચંચળતા વિચારવી એ આવશ્યક છે. બાકી નિત્યની કરણીમાં રસજ્ઞતા દાખવી, પ્રફુલ્લ જીવન વ્યતીત કરવું. 'જો' 'તો'ના વિચારમાં પડી માનવ જિંદગી ન તો ખારી કે રસહીન બનાવવી અથવા તો ગમે તે રીતે વેડફી નાંખવી.

સખી! તારો અભ્યાસ અમારા કરતા વધુ છે, અમારા સર્વમાં તું રાજકુંવરી છે એટલા માટે નહીં પણ જ્ઞાનસંપન્ન છે, એ કારણે પ્રથમ પદ ધરાવે છે. ગમે વા ન ગમે છતાં અમો સર્વને જે વાતમાં રસ છે એ સાંભળવામાં ત્હારા સરખી દક્ષ આડી તો ન જ પડે.

પ્રિયંવદા, હાસ્યના ફુવારા ઉરાડતી બોલી–

તમો સર્વે પ્રિય સખી રાજુલ સંબંધમાં મનગમતા અનુમાનો દોરી, રેતી પર મહેલ ચણવા લાગી ગઈ છો! રાજુલને સંસારમાં રસ નથી એવું શા ઉપરથી કહો છો? એ વિરાગી છે એ મંતવ્ય પણ પોકળ છે. હા, એટલું ખરૂં છે કે આપણા કરતાં એ વધુ અભ્યાસી હોવાથી તેણીનું મન આત્મકલ્યાણ તરફ અર્થાત્ સંસારજન્ય સુખો કરતાં આત્મિક સુખો પ્રતિ ખાસ દોડે છે. તેણીને પુરુષ પ્રત્યે દ્વેષ નથી અને તેથી પતિભક્તિમાં એ નથી માનતી એમ પણ નથી જ અલબત્ત, વર્તમાનકાળમાં નજરે પડતું એક સ્વામીને બહુ પત્નીઓવાળું જીવન એ પસંદ નથી કરતી. પ્રેમ–પ્રીતિ કે સ્નેહની એની વ્યાખ્યા નિરાળી છે. સાચો સ્નેહી ન મળે તો ગમે તેનો કર પકડી સંસારી બનવા કરતાં કુંવારી જિંદગી ગાળવી એ તેણીનો મુદ્રાલેખ આપણાથી અજાણ્યો નથી. પણ બ્હેનો, હું તમોને હર્ષની વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભળાવું. તેણીનું દિલ યાદવ વંશના એક નબીરાએ આકર્ષ્યું છે. મારી સગી આંખે એ મેં જોયું છે અને એ વાત તેણીએ કબૂલ પણ કરી છે. એ વર મળશે તો આપણી સખી કુંવારી રહેવાની નથી. આપણી માફક સંસારી જીવનના સોણલા એને પણ ઉઠતાં હશે જ. મૃગાંકલેખા, ત્હારી વાત આગળ ચલાવ, પણ એટલું યાદ રાખજે કે એમાં નવિનતા હોવી જોઇએ. 'પતિદેવે આમ કહ્યું અને મેં આમ કર્યું અથવા તો સાસુજી ફલાણું બોલ્યા ને નણદીએ ઢીંકણું કીધું' એવા અર્થહીન ટાયલા સાંભળવાની ઇચ્છા હરગીજ નથી.

મૃગાંકલેખા! જરા થોભ. મને કેટલુંક સ્પષ્ટીકરણ કરવા દે, એમ કહી, રાજુલ બોલી—

સખીઓ! મારા સંબંધમાં અભિપ્રાય બાંધવામાં તમોએ ઉતાવળ કરી નાંખી. કોઇના પણ સંબંધમાં મત બાંધતાં પહેલાં તેનું મંતવ્ય જાણી લેવું એ માનવ જેવા પ્રજ્ઞાસંપન્ન આત્માનો ધર્મ ગણાય. કૌમાર્ય દશા કિંવા પરિણિત જિંદગી, અથવા સ્ત્રી–પુરુષનું આકર્ષણ અથવા તો અંતરની પ્રીતિ જેવા વિષયોની ચર્ચા અહીં લંબાવવાની મારી ઇચ્છા નથી. એમાં વ્યક્તિ પરત્વે ભિન્ન ભિન્ન મંતવ્યોને અવકાશ છે. જે સંસારમાં જન્મીને કાયમને માટે છૂટકારો મેળવી શકાય છે એ 'અસાર' પણ છે અને 'સંસાર' પણ છે. અપેક્ષાના ચશ્મા પહેરીને જ એની વિચારણા કરી શકાય. એક વાત દીવા જેવી ઉઘાડી છે કે મારું હૃદય જ્યાં ખેંચાયું છે તેનો કર પ્રાપ્ત થશે તો જ હું સંસારમાં પડીશ અર્થાત્ ત્યાં વિવાહ સંબંધ વડિલો જોડશે તો એ સ્વીકારીશ. એથી અન્ય માર્ગ સામે તો મારો બળવો જ હશે. આ મારી અફર પ્રતિજ્ઞા છે.

રાજુલની વાત પૂરી થતાં જ સૌ સખીઓ હસતી હસતી બોલી ઉઠી. 'ત્હારા સરખી ભાગ્યવતીને મનગમતો વર જરૂર મળશે' અને કુંડાળું વળી બેસી ગઇ. એ પછી મૃગાંકલેખાએ પોતાનું બ્યાન શરૂ કર્યું—

સખીઓ! કલ્પવામાં આવે છે તેમ સાસરી ભયજનક નથી. માતા, ભાઈ, ભગિની જેવાનો ચિરકાલીન સહવાસ ત્યજી તદ્દન નવા ઘરમાં પગ મૂકવાનો એટલે પ્રથમ નજરે ડગલે પગલે ક્ષોભ ઉદ્ભવે, નવું નવું લાગે; પણ જેને એ અંગેનું શિક્ષણ મળ્યું છે અને જેનામાં સ્વ–આવડતથી પારકાને પોતાના બનાવવાની તમન્ના છે તેને તો આ સ્થાન પોતાની શક્તિ વિકસાવવાની શાળા સમું છે. ચોસઠ કળામાંની કેટલીકનો ઉપયોગ અહીં આચરણમાં ઉતરતાં વાતાવરણ બદલાઈ જાય છે. અને જોતજોતામાં અજાણ્યા એવા 'સૌ' પોતાના બની જાય છે. સાસુ–સસરા–જેઠ–દિયર કે નણદી એ સૌનું સ્નેહ–ઝરણું સહજ વહેવા માંડે છે અને સ્વામીનું હૃદય સંધાતાં પારકું ઘર પોતાનું બની જાય છે.

ભગિનીઓ! મારામાં કેવી આવડત છે એ તો તમારાથી અજાણ્યું નથી. વિદાય વેળા મારી માતુશ્રીએ જે શિક્ષાવચનો મને કહેલાં તે બરાબર અંતરમાં કોતરી રાખી, શ્વસુર ઘરમાં પ્રવેશતાં જ એનો અમલ આરંભ્યો. જો કે મારો આ પ્રથમ વસવાટ ઝાઝા દિવસોનો ન ગણાય, છતાં મને કહેતાં હર્ષ થાય છે કે મારો એક પણ દિન ઉદાસીનતામાં નથી ગયો, તેમ મારા હાથે શરૂઆત હોવાથી કસુર થવા છતાં એક પણ કટુ શબ્દ સાંભળવો પડયો નથી. પતિ–પત્ની વચ્ચે ભાવિ જીવન અંગે કંઇ કંઇ મનોરથ માળાઓ રચાણી પણ એ કંઇ વર્ણવવાની ન હોય. એટલું જણાવું કે ગઇ ત્યારે 'અર્ધાંગના' હતી અને આવી ત્યારે 'અંગના' બની ચૂકી છું. હવે પતિ સાથે રૈવતાચલમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયેલી તે વેળાએ એક અદ્‌ભુત પ્રસંગ વર્ણવી મારી કથની સમાપ્ત કરીશ.

રૈવતાચલની તળેટીમાં શ્રી કૃષ્ણ વાસુદેવ પોતાની સંખ્યાબંધ પત્નીઓ સહિત જળ-ક્રીડા કરવા પધારેલા. અજાયબી તો એ હતી કે શિવાદેવીના પુત્ર અરિષ્ટનેમી પણ સાથમાં હતા. એ તો જાહેર વાત છે કે શ્રી નેમિકુમાર-ને સંસારી સુખોમાં ખાસ રસ નથી, અને તેઓ તીર્થંકર થનાર છે. આમ છતાં એ મહા-શય સંસારીને છાજે એવી આ ક્રીડામાં કેન્દ્ર-સ્થાને રહ્યા. જળછાંટણાની જે હેલી ઉભરાઇ અને ગુલાલ તેમજ પુષ્પોની જે ફેંકાફેંકી ચાલી એમાંથી શ્રી કૃષ્ણ તો તક સાધી પલાયન થયા જ્યારે એ સઘળા મારા સામે નેમિકુમારે અડગતા દાખવી અને રાણીઓને આખરે પોતાની હાર કબૂલવી પડી. એ ચતુર રમણી-ઓએ દીયર એવા નેમિકુમારને એક સિંહાસન ઉપર બેસાડી, આસપાસ ટોળામાં ગોઠવાઇ, નમ્ર સાદે તેમની સામે પરણવાની અને જ-લ્દીથી દેરાણી આણવાની ટેલ નાંખી. જવાબ ન મળતાં કાલાવાલા આરંભ્યા. કોઇ કોઇએ તો રાજકુંવરીઓની નામાવલિ રજૂ કરી.

પણ, નેમિકુમાર તો કેવલ મૌનનું જ અવલંબન કરી રહ્યા! શ્રીકૃષ્ણની પટરાણીઓ એટલે ઓછી જ સામાન્ય પ્રકારની સ્ત્રીયો હોય! દરેક રૂપગર્વિતા, કળાકુશલા તથા લલના-ઉચિત હાવભાવનિષ્ણાતા, વ્યવહારદક્ષા અને ઇષ્ટ સિદ્ધિ કરવામાં પટુત્વધારી. કુમારનું મૌન તોડવા અર્થે જ નહીં પણ લગ્ન માટે હા ભણાવવા સારૂ કટિબદ્ધ થઇ, અંગના વિવિધ મરોડ સાથે મેદાને પડી.

સત્યભામા—કુમાર, લગ્ન કરવા એ તો મરદાઇનું કાર્ય છે. તમારા સરખા ક્ષત્રિય કુંવરનો એ ધર્મ ગણાય. ભાઇઓને સંખ્યા-બંધ રાણીઓ હોય અને તમારે એક પણ નહીં. એ કેવું!

જાંબુવતી—કદાચ તો એ નવોઢાનું પાલન કરવું પડે એથી બીતા હશો પણ તમારા ભાઇ હજારોને પાળે છે તો એકનો વધારો ભારી પડવાનો નથી. તેમના વતી હું ખાતરી આપું છું.

રૂક્ષ્મણી—કદાચ તમો માનતા હશો કે મારે તો તીર્થંકર થવું છે એટલે લગ્નની જરૂર નથી પણ દિયરજી! તમારી પૂર્વે થઇ ગયેલા તીર્થંકરોનો ઇતિહાસ તો જુઓ. તેઓ પરણ્યા હતા કે તમારી માફક હઠ પકડી બેઠા હતા?

ગૌરી—રૂક્ષ્મણી બહેને જે વાત કહી એથી આગળ વધી હું તો ત્યાં સુધી કહું છું કે, કુંવરજી, તીર્થંકરો પરણ્યા હતા, સંસાર માંડ્યા હતા, તેમને ત્યાં સંતાનો જન્મ્યા હતા અને એમાંના ત્રણે તો છ ખંડ ધરતી જીતી ચક્રી પદ પણ મેળવ્યું હતું. 'નારી'નું નામ સાંભળી તમારી માફક કાયરતા નહોતી દાખવી કે માતાના આગ્રહને પાછો ઠેલ્યો ન હોતો!

ગાંધારી—દીયરજી! આજે તો માતાપિતા અને ભાઇઓની કીર્તિથી ઉજળા થઇ ફરો છો અને છડેચોક બધે જઇ શકો છો, પણ જો પાણિગ્રહણ કરી સંસારી નહીં બનો તો કોઇ તમારો વિશ્વાસ કરશે નહીં. નારીવડે જ નરની શોભા છે. પત્નીવાળો માણસ ગૃહસ્થમાં ગણાય છે. વહેવારમાં તેમજ સગાસંબંધીમાં એનો જ ભાર-વક્કર પડે છે.

ત્યાં તો લક્ષ્મણા બોલી ઉઠી કે—

દિયરજી! નીતિકારનું પેલું વચન યાદ છે કે–'**गृहिणी गृहं उच्यते**' નારી હોય છે તો જ ઘર થાય છે, બાકી એકલવાયા નરનો કંઇ ઘડો થતો નથી. કદાચ એની પાસે મોટી મહેલાતો હોય પણ એથી શોભા શી! જ્યાં નાના નાના બાલુડા કાલીઘેલી વાણીમાં કલરવ નથી કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે અહીં તહીં દોડાદોડ કરતાં નથી એ સ્થાન ઉજ્જડ છે, અરે વેરાન છે. પત્ની હશે તો જ વંશવેલો વધશે. કંઇક તો સમજો.

સુષિમા-દિયરજી ! તમો સમજુ છો. ભાવિ તીર્થંકર છો. ભલા, એટલું તો વિચારો કે ધર્મ પ્રવર્તાવશો ત્યારે જેઓ સાધુતા સ્વીકારશે તેઓને ગૃહસ્થી વિના આહાર-પાણી કોણ વહોરાવશે ? એ કારણે પણ તમારે સંસાર માંડી, જનતામાં સુંદર છાપ બેસાડી, પછી અવસર આવે એને તજી જવો વાસ્તવિક છે. ધણીઆણી વિના ધણીની સગવડ કોણ સાચવે છે ? કદાચ કોઇ મહેમાન આવે અથવા તો અતિથિના આંગણે પગલાં થાય એ વેળા પરણ્યા નહીં હોય તો શી દશા ઉદ્ભવશે ? એનો કંઇ ખ્યાલ તો કરો.

પદ્માવતી-નેમિકુમાર ! તમો શા કારણે પરણવાની ના ભણી શિવા માતાનું મન દુભાવો છો ? એમ કરવા જતાં નારી જાતિનો તિરસ્કાર થાય છે એ વાત તમારી ધ્યાન બહાર જતી લાગે છે. સ્ત્રી તો રત્નકુક્ષી કહેવાય છે. તીર્થંકર જેવા સર્વશ્રેષ્ઠ પુરુષોને જન્મ દેનારી છે. એવી રમણીઓ સામે આવી તમારો હાથ પકડવા માંગે અને તમો ઉંહું કરો એ શું વ્યાજબી છે ? ધારો કે તમો કુંવારા રહી દીક્ષા લેશો અને કર્મ ખપાવી મુક્તિ મેળવશો તેથી અન્ય તીર્થપતિઓ કરતાં તમારો નંબર આગળ પડશે કે ? સિદ્ધશિલા પર તમારા સારુ કોઈ જુદું આસન રખાશે ખરૂં ? તમારા સરખા દક્ષ, ચતુર અને સમજુને તે કાલાવાલા કરવાના હોય ! ઝટ માની જાવ એટલે લગ્નભેરી બજાવીએ.

મૌનપણે ભાભીઓની નવી નવી દલીલો શ્રવણ કરી રહેલા અરિષ્ટનેમિએ પદ્માવતીના વેણ સાંભળતાં જરા મ્હોં મલકાવ્યું. વદન પર સ્મિતની રેખા રમી રહી.

એ જોતાં જ ચોસઠ કળાનિપુણ સત્યભામા બોલી ઉઠી. બ્હેનો, દિયરજીએ આપણી વિનવણી માન્ય રાખી. એમનો ચહેરો જ એ વાતની સાક્ષી પૂરે છે. આપણો પરિશ્રમ સફળ થયો. શિવાદેવી માતાને સત્વર વધામણી આપીએ અને કહીએ કે કુંવરને શોભે તેવી કન્યા શોધી લાવો.

સખીઓ ! એ આખું દશ્ય હજુ પણ મારા મનમાં રમ્યા કરે છે. મારા સ્વામીએ માર્ગે મને કહેલું કે-શ્રી કૃષ્ણ વાસુદેવ કોઇ પણ હિસાબે નેમિકુમારને પરણાવવા ઇચ્છે છે. એ હેતુ સિદ્ધ કરવા તો જળક્રીડા ગોઠવી હતી. નેમિકુંવરને આગ્રહ કરી તેઓ તેડી લાવ્યા હતા અને તેમની ચતુર રાણીઓએ ઉપાલંભોનું નાટક ભજવી લગ્ન માટે 'હા ભણ્યાનો સુર' વહેતો મૂકયો. સાંભળવા પ્રમાણે કુંવર માટે કન્યાની શોધ થઈ રહી છે. ખુદ કૃષ્ણ મહારાજ એ અંગે પ્રયાસ કરે છે. કોનું ભાગ્ય જોર કરે છે એ હવે ટૂંક સમયમાં જ જણાશે.

પ્રિયવંદા-મૃગાંકલેખા, કોનું ભાગ્ય વળી કેવું ! આ આપણી સખી રાજુલના ગ્રહ જોરદાર છે. એને માથે કળશ ઢળવાનો. એના સરખી ભાગ્યવંતી કોઈ છે જ નહીં. કેવી સુંદર જોડી. હીરો કુંદનમાં જડાય ને શોભા વૃદ્ધિ પામે એના જેવો આ સંબંધ. બળની હરિફાઇ વેળા જ રાજુલે તો પસંદગી કરી નાંખેલી. વાસુદેવ આવનાર છે તે આ કારણે જ હશે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ—કૌશલ્ય.

(૭૩)

**જો બરાબર તુલના કરવામાં આવે તો છેક છેલ્લી ઘડી સુધી મુલતવી રાખેલ સખાવત એ પોતા સિવાય અન્યના પૈસાની સખાવત છે એમ સમજવું.**

આવી રીતે ચેરીટિમાં યા સખાવતમાં પૈસા નાખવાં તે બીનઉપયોગી છે, કારણ કે પોતાને હાથે વાવેલ હોય તેનો ભોક્તા તો પ્રાણી પોતે થાય છે, પણ આ તો પુત્ર પુત્રી સગાસ્નેહીઓને આપી જવાના પૈસા તે માણુસ વસિયતથી સખાવતમાં વાપરે છે. આ પ્રાણીનો ધન પ્રત્યે અધ્યાસ એટલો બધો છે કે એને ખબર પડતી નથી. તે પોતાના પૈસાની સખાવત કરે છે કે પારકા પૈસાની. સખાવત વગર પ્રાણી ગુજરી જાય તો અને જો તે મનુષ્ય વસીઅતનામું યાને વીલ કર્યા વગર ગુજરી જાય તો જેને ઇન્ટેસ્ટસીમાં પૈસા જવાના હોય તે માણુસના પૈસા તે સખાવતમાં વાપરે છે એમ સમજવું. ત્યાં ઇન્ડીઅનસકસેશન એકટ પ્રમાણે વડિલોપાર્જિત પૈસા અને સ્વોપાર્જિત પૈસાનો તફાવત માનવામાં આવતો નથી, એટલે પ્રાણી વીલ વગર જો મરી જાય તો જેને પૈસા જવાના હોય તેના તે વપરાય છે અને વીલ કરે તો વસીઅત પ્રમાણે તે પારકાના પૈસાની સખાવત કરે છે. પારકાને આપવાના પૈસાનું વસીઅતનામું આ રીતે હિંદુ સિવાયના સર્વ કરીને તિજોરીમાં મૂકી રાખે છે. તે પ્રમાણે પૈસા જેને જવાના હોય તે સિવાયના સર્વ વસીઅતનામા વગરના વારસદારો કહેવાય છે. તેને મળવાના પૈસા આ રીતે છેક છેલ્લી ઘડી સુધી સખાવતને મુલતવી રાખનાર વાપરે છે. એ રીતે એ સખાવત પારકે પૈસે થઇ કહેવાય. એટલે બળતું ઘર કૃષ્ણાર્પણુ થાય છે એમ સમજાય છે.

અને પારકાને આપવા માટે ગોઠવણુ કરનાર પણુ જો સખાવતના કામમાં તે પૈસાની રકમ માટે વસીયતનામાથી તે રકમ મૂકી જાય તો પણુ એ બીજા માણુસના પૈસા થયા. એટલે વીલ કરનાર અથવા ન કરનાર પારકાને પૈસા ઉદાર બને છે; અને તેટલા જ માટે છાપાઓમાં વીલ વગર જનારની રકમ એ પારકી થાપણુ જ Third man's money તરીકે આવે છે. એટલે અમુક વર્ષમાં પૈસા ડેથ-ડયુટીના—સકસ્શેનડયુટીના આવે તે સર્વ પારકી થાપણુ છે એમ સમજવું. પોતે ન વાપર્યા તે પૈસાને અંગે વીલ ( યાને વસીયતનામું ) થાય અને એ ચેરિટી યાને સખાવત થાય તેની પારકાના પૈસામાં ગણુના થાય છે એ વાતમાં વિચાર કરવા જેવું તો ઘણું લાગે છે, પણુ તે જુદી જ વાત છે. તમે પારકાના પૈસાની એટલે પારકાને આપવાના પૈસાની સખાવત ન જ કરી શકો એવી બેંકનની સૂચના છે. એટલે તમારા હાથે સારું ટ્રસ્ટ કરો કે બીજી રીતે તમારી હૈયાતીમાં પૈસાનો સદ્વ્યય કરો, છેક છેલ્લી ઘડી સુધી એ વાત મુલત્વી રાખો મા એવો એનો આશય છે અને ' હાથે તે સાથે 'જ છે. બળતાં ઘરને કૃષ્ણાર્પણુ કરનાર આ દુનિયામાં જોવામાં આવે છે, પણુ તે પોતે તો ન જ વાપરી શકે. પણુ બળતા ઘરનો લેવાય તેટલો લાભ લીધો, અને આ ભવમાં હૈયાતીમાં ન લાભ લીધો, એવી વાત થશે; માટે છેલ્લી ઘડી સુધી સખાવતને મુલત્વી ન રાખો. કરવું હોય તે હમણુા કરો અને જેમ બને તેમ જલ્દી સખાવત કરો એમ કહેવાનો આશય છે. ધર્મીષ્ટ માણુસ છેક છેલ્લી ઘડી સુધી સખાવતને મુલત્વી ન રાખે.

---

He that defers his charity until he is dead is, if a man weighs it rightly, rather liberal of another man's goods than his own. —Bacon

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ( ૭૪ )

## સેતાનને હંમેશા પરના સુધારા પસંદ ન પડે, તેમજ તેથી તે ગભરાય અને તેને તો પરની સખાવત અને ધીરજનો ભય થયા કરે.

સંત અને સેતાન વચ્ચે જે અનેક તફાવત છે તેમાંનાં અત્ર ત્રણ તફાવતો પર ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું છે. તેમાં બે પ્રકારની વાત છે કે કેટલીક ચીજ તેને ગમતી હોય છે, અને કેટલીક ચીજ તેને અણુગમતી હોય છે. સેતાનને જે ગમે તે સારા માણુસને ન ગમે એટલે સંતપુરુષને એ વાત ગમે તેવી હોતી નથી. સંતથી સેતાન ઊલટા પ્રકારનો હોય છે તે આટલા ઉપરથી સમજાય છે. એટલે સંતપુરુષને જે ગમે તે સેતાન ( હલકી વૃત્તિવાળા ) માણુસને ન ગમે અને ઊલટું તેને ( સંતપુરુષને ) જે ગમતું હોય તે સેતાનને ન ગમે, ત્યારે એવી કઇ ચીજો છે કે જે સેતાનને ગમે અને તેનાથી ઊલટી કઇ ચીજો છે જે સેતાનને ન ગમે અને સંતપુરુષને ગમે. તમે અવલોકન કરીને તપાસ કરશો તો જણાશે કે સેતાન હમેશા સુધારાની વિરુદ્ધ હોય છે, એ સુધારાની સમીક્ષા કરતો નથી, એને સુધારા તરફ વિરાગ હોય છે અને એની આખી મનોદશા સુધારાની તરફેણમાં હોતી નથી, એ સુધારાને તોડી પાડે, એ સુધારાની વિરુદ્ધ વિચારો બતાવે, અને જે રીતે બને તે રીતે એ સુધારાને વગોવે. એવા પુરુષો સેતાનની અસર નીચે આવે છે એમ તમારે માની લેવું. ખૂબ વિચાર કરીને કરવા ધારેલા સુધારામાં પણ તેની નિંદા અને ખાંપણુશોધન હોય ત્યારે સમજવું કે સદરહુ સુધારો યોગ્ય છે અને તેની સ્ખલના કરનાર સેતાનની અસર તળે છે. આ સેતાનના પ્રથમ લક્ષણુ પર વાત થઇ. એમાં ચાલુ જમાનાને યોગ્ય સુધારા પૂરતી વાત થઇ અને એવા સુધારા તરફ અણુગમો બતાવનાર સેતાનની અસર નીચે છે એમ આપણે તારવણી થઇ.

તેવી જ રીતે સેતાનને સખાવત અને ધીરજ ગમતા નથી. સખાવત એટલે બીજાને લાભ થાય તેવું કામ, અને ધીરજ તે શાંતિ આત્માને પોતાને લાભ કરનાર કામ. આવું પરને અને સ્વને લાભ કરનાર કામ સખાવત અને ધીરજનું છે તેને કાંઇ ગમતું નથી. એ સખાવતી કામ તરફ તથા ધીરજ તરફ પોતાની નાપસંદગી બતાવે છે. સેતાનને એ સખાવતી કામો સામે વિરોધ છે, અને સખાવતરૂપે કરેલ ધર્માદો અને તે માટે કરેલ ટ્રસ્ટડીડ કે વસીયતનામું ગમતાં નથી અને તે 'ધીરજના ફળને કદી મીઠાં' માનતો નથી. તે રીતે સખાવત અથવા ધીરજથી જે વિરુદ્ધ છે તે સેતાનની અસર તળે અથવા સેતાની પુરુષ છે એમ સમજવું. સેતાનને સુધારાનું કોઇ **કામ ગમતું નથી** તેમજ **સખાવતના** કામ તરફ તે અણુગમો બતાવે છે, એટલે સારાં કામ એને ગમતાં નથી અને ખરાબ કામને એ પસંદ કરનાર છે એવો નિષ્કર્ષ નીકળી આવે છે. આમાં ધર્મપ્રિય મનુષ્યે સંતને અનુસરવો કે તેના વિરોધી સેતાનને અનુસરવો તે વિચાર કરીને જોવા યોગ્ય છે. અમારી સલાહ તો એ છે કે સંતપુરુષને અનુસરાય તેટલું અનુસરો, તેને ગમે તે કરો અને તે દ્વારા તમારી ધર્મપ્રિયતા બતાવી આપો. તમને સેતાન ધર્મીષ્ટ બનાવી ન શકે એ તો તમે જાણો છો, તો પછી તમારી ગણના અધર્મપ્રિયમાં થશે અને તમને સેતાનને અનુસરનાર ગણુવામાં આવશે, તમે એવું ન જ ઇચ્છો. ધર્મપ્રિયતા સંતને અનુસરવામાં છે.

---

The devil loves nothing better than the intoterance of reforms and dreads nothing so much as their chaity and patience. **J. R. Lowecll**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " આદર્શ પ્રાર્થના "

૧ સુખ અને દુઃખ, લાભ અને નુકસાન, જય અને પરાજય, પ્રશંસા અને તિરસ્કાર એ સર્વ હે ભગવન ! મારે મન સરખુ હો; જેથી મને ચિતની શાંતિ મળે.

૨ કર્મ કરવાનો જ મને અધિકાર છે. કર્મનું જે ફળ છે તેની અપેક્ષા વિના, મારી જે ફરજ છે તે મને પૂરી કરવા દો. મારી સ્થિતિ અકર્મણ્યની ન હો.

૩ સર્વ એષણાઓથી મુક્ત અને કોઇપણ પ્રકારના બંધન સિવાય મારૂં જીવન વ્યતિત થાઓ, વળી વિત્રમ, નિસ્પૃહ અને પવિત્ર થઇ જીવનની પરમ શાંતિ મને મેળવવા દો.

૪ ઇન્દ્રિયોના વિષયમાં આ જન્મથી રાગ અને દ્વેષ રહેલાં છે, એનો ગુલામ રખે હું બનું. કારણકે તે આત્માના મોટામાં મોટા શત્રુ છે.

૫ મારાં સર્વ કાર્યો તને સમર્પિત હો ! અને તેની ફલાશક્તિ મને ન હો ? જળકમળ જેમ વર્ષાથી ભિંજાતું નથી તેમ મારો આત્મા પણ પાપથી રંગાઓ ના.

૬ મિત્રો, શત્રુઓ, સંબધીઓ, પરિચિતો કે અપરિચિતો; સાધુઓ કે પાપીઓએ સર્વ પ્રત્યે મને પ્રેમ હો; અને એ સર્વને મારો આત્મા ઉપયોગી હો !

૭ મને સર્વત્ર તારૂં દર્શન હો; અને તારામાં મને સર્વનું દર્શન હો ! તું મને કદિ પરોક્ષ ન હો; અને કદી તને હું પરોક્ષ ન હોઉં.

૮ પત્ર, પુષ્પ, ફળ કે જળ જે કાંઇ હે ભગવન ! તને હું અર્પણ કરૂં, તેને તું પ્રેમપૂર્વક સ્વીકારજે, અને તારા ભક્ત તરીકે મને આશીર્વાદ આપજે.

૯ કામ, ક્રોધ, અને લોભ આ ત્રણે નરકનાં દ્વાર છે, આ ત્રણે અમારો વિનાશ કરનાર છે; તેથી હે ભગવન ! તેનાથી તું મને મુક્ત જ રાખજે.

૧૦ હે ભગવન્ ! નિઃસીમ સ્નેહ, ક્ષમા, તપ, પવિત્રતા, સરળતા સચ્ચાઇ વગેરે ગુણો, મારામાં હો; એ ઉપરાંત તારામાં મને અનન્ય શ્રદ્ધા પણ હો.

૧૧ અહંકારની માત્રાઓ, મમત્વ શક્તિ અને ગર્વ આ સર્વને દૂર કરી હે ભગવન ! મને નિસ્પૃહી અને સંતોષી થવા દો; ગર્વથી મને સદા દૂર ને દૂર રહેવા દો.

૧૨ રાગ, ભય અને ક્રોધથી મુક્ત થઇ, તારામાં જ તન્મય થઇ, તારો જ આશ્રય લઇ; જ્ઞાનના આતશ દ્વારા પવિત્ર થઇ, હે ભગવન ! મને તારા સ્વરૂપની પ્રાપ્તિ હો.

૧૩ જન્મ મરણના અનંત વમળોથી યુક્ત એવા આ અપાર સંસાર સાગરમાંથી મારો ઉદ્ધાર કરવાને શક્તિમાન હે ભગવન્ ! મને મારા ચિત્તને તારામાં એકાગ્ર કરવા દે.

૧૪ મારૂં ચિત્ત, મારો સ્નેહ, મારો ત્યાગ અને મારી ભક્તિ-એ સર્વ હું તને સમર્પું છું. હે ભગવન ! એ રીતે મારૂં જીવનનું જે ઉત્કટમાં ઉત્કટ ધ્યેય-તારી પ્રાપ્તિ મને હો.

૧૫ સદા સર્વ કર્મમાં પ્રવૃત્ત હોઉં તો પણ મને તારો આશ્રય હો ! અને તારી કૃપાથી, જેને અંત નથી કે વિકાર નથી એ પદ, એ સ્થિતિ મને પ્રાપ્ત થાઓ.

૧૬ તારૂં જ ચિંતન કરનારા, તારામાં જ તન્મય, તારામાં જ નિષ્ઠા યુક્ત અને તારી જ ભક્તિ કરનારા મને હે ભગવન ! તું મને તે પવિત્ર સ્થળે લઇ જા, જયાંથી આ પૃથ્વી ઉપર મારે ફરી આવવાનું ન હોય.

૧૭ રાગ કે દ્વેષ મને અસર ના કરો; દુન્યવી જાળનું મને બંધન ના હો, ચલાયમાન કરતી વસ્તુઓના ત્યાગ દ્વારા મને હવે મોક્ષ મેળવવા દો.

૧૮ વિચારમાં વાણીમાં, કૃત્યમાં કે વિનોદમાં એકલા અથવા મિત્રો સમક્ષ જે કાંઇ અનાદર તારા તરફ બતાવાયો હોય તે માટે હે પરમાર્હંત ! હું હૃદયપૂર્વક તારી ક્ષમા યાચું છું.

ડૉક્ટર, સી, સી, કાલેબ્ઝના ( Song Divine ) લુઝાક એન્ડ કો. લંડન નામની કૃતિ પરથી ઉદ્દ્ધૃત. )

અનુવાદક—ઇંગ્રેજી ઉપરથી-કમળાબહેન સુતરિયા, એમ, એ, બી, ટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અપાઇ ગયેલ આ વર્ષની ભેટ બુકો અને આપેલ ભેટની બુકોનો લાભ

અસાડ માસના અંકમાં જણાવ્યા પ્રમાણે શ્રી **દમયંતી ચરિત્ર** વગેરે ચાર ગ્રંથો આસો વદી ૦)) સુધીમાં થનારા નવા લાઇફ મેમ્બર બન્ધુઓ તે ચારે ગ્રંથો ભેટ આપવાનો નિર્ણય થયો છે જેથી લાભ લેવા જેવું છે.

### ભેટના ગ્રંથો.

સં. ૨૦૦૨–૨૦૦૩–૨૦૦૪–૨૦૦૫ આ ચાર જ વર્ષમાં ( અગાઉ ભેટ આપેલા જુદા ) રૂા. ૬૦) ના ભેટના ગ્રંથો અપાયેલા છે અને સં. ૨૦૦૬ ની સાલના સુમારે રૂા. ૧૩ા ના મળી રૂા. ૭૩–૦–૦ ની કિંમતના ગ્રંથો અમારા માનવંતા સભ્યોને અપાયેલ છે; આવી રીતે ભેટના ગ્રથોનો લાભ કોઇપણ સંસ્થા આપતી હોય તેમ જાણવામાં નથી.

### સં. ૨૦૦૭ ની સાલના ભેટના ગ્રંથો.

સં. ૨૦૦૭ ની શાલમાં આપવના બે ગ્રંથો **શ્રી શ્રેયાંસનાથ સચિત્ર ચરિત્ર અને જૈન કથારત્નકોષ** પ્રથમ ભાગ છપાય છે, તે સં. ૨૦૦૭ ની સાલનાં ફાગણ વદી ૩૦ સુધીમાં નવા થનારા ૧ લા વર્ગના લાઇફ મેમ્બરોને ભેટ અને બીજા વર્ગમાં થનારને ધારા પ્રમાણે ભેટ આપવા આવશે **જૈન કથારત્નકોષ** માટેની આર્થિક સહાય મળેલી હોવાથી માત્રશ્રી **શ્રેયાંસનાથ ચરિત્ર** ( સચિત્ર ) માટે કોઇ પુણ્ય પ્રભાવક શ્રદ્ધાળું જૈન બંધુ કે બહેનો આર્થિક સહાય આપીને આ લાભ લેવા જેવું છે. અમારા પ્રકટ થયેલ તીર્થંકર ભગવંતના સચિત્ર ચરિત્રો જેવો જ આ ગ્રંથ પ્રકટ કરવામાં આવશે.

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

### પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી, જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, તેજ ગ્રંથ આ સાલ( હાલમાં ) નવા લાઇફ મેમ્બર થવાની ઇચ્છાવાળા જૈન બંધુઓ અને બ્હેનો ( ગઇ સાલમાં જ ) ભેટ અપાયેલ આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, એ ધારાધોરણ પ્રમાણે અને સામાન્ય રીતે પણ આગલા વર્ષોની ભેટ અપાઇ શકે નહિં; કારણ કે જ્ઞાનખાતાનો દોષ આપનાર લેનારને પણ લાગે તેમ છે; પરંતુ નવા થનાર લાઇફ મેમ્બરોની ગ્રંથની પ્રશંસા જાણીને–વાંચવા આત્મકલ્યાણ સાધવા ઘણા પત્રો અમારા ઉપર આવેલ હોવાથી તમન્ના જોવાઇ છે, જેથી સભા એવા ઠરાવ પર આવી છે, કે હવે **પછી નવા થનારા લાઈફ મેમ્બર બંધુઓને ખાસ આ ચરિત્ર વાંચવા માટે લેવાની જરૂર જ હોય તો સિલિકમાં હશે ત્યાં સુધીમાં રૂા. ૧૦૧) લાઈફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તો આ સાલના ભેટ આપવાના ચાર ગ્રંથો સાથે તે પણ મોકલી આપવામાં આવશે. બીજા વર્ગના નવા થનારા લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે મળી શકશે.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

### શ્રી માણિકચદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેનો શુદ્ધ અને સરલ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ રાખી અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્દભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઈંડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

---

## ૨ જ્ઞાનપ્રદીપ ભાગ બીજો.

### લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વજન સમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠનપાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેવી રીતે, સાચી સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચકભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. સાતમા વર્ષ ઉપર આ ગ્રંથના પ્રથમ ભાગનું ( એક હજાર કોપીનું ) પ્રકાશન થતાં જૈન જૈનેતર મનુષ્યોને ઉદારતાપૂર્વક એકેએક કોપી ભેટ આપવામાં આવેલી હતી, તેની જ ફરી વખત એટલી બધી પ્રશંસા સાથે માંગણી થતાં તેની બીજી આવૃત્તિ ( એક હજાર કોપી )નું પ્રકાશન કરવામાં આવેલ તેનો પણ ઉપરોક્ત રીતે સદ્દઉપયોગ કરવામાં આવેલ હતો. આ બીજા ભાગમાં પણ તેજ વિદ્વાન આચાર્ય મહારાજની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે, તેની કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે.

---

## ૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો.

જનસમૂહનું કલ્યાણ કરનારા મહાન્ પૂર્વાચાર્ય મહારાજાઓ રચિત કથાનુયોગ (કથા સાહિત્ય)માંથી પુષ્પો લઇ જુદી જુદી આદર્શ ( જૈન સ્ત્રીરત્નો ) શીલવતી વગેરે પવિત્ર આઠ રમણીઓનું સુંદર, રસિક, બ્હેનો માટે આદરણીય, અનુકરણીય, સ્ત્રી-ગૃહિણી અને પવિત્ર સ્ત્રીરત્નો થવા માટે આ સતી ચરિત્રો આલંબનરૂપ હોવાથી પ્રકાશન કરેલ છે. દરેક સતી ચરિત્રોનું પઠનપાઠન કરતાં અનેકવિધ આદર્શો અનુપમરીતે જોવાય છે. વિશેષ લખવા કરતાં વાંચકને મનનપૂર્વક વાંચવા નમ્ર સુચના છે. સુંદર ટાઇપો અને સારા કાગળ ઉપર સરલ ગુજરાતી ભાષામાં મજબુત અને આકર્ષક બાઇડીંગથી તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ ... શ્રી મહે... પ્રેસ : દાણાપીઠ-ભાવ...

For Private And Personal Use Only